# કલાશિક્ષણ

## ધોરણ ચાર



Tele MANAS

National Tele Mental Health Programme

14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

## (૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિ:શુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિ:સંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

## મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિ:શુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

થયેલી સમન્વય સમિતિની તા. ૧-૦૬-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# કલાશિક્ષણ

## ધોરણ ચાર



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪.

બાજુના ચોરસમાં આપેલા Q.R. Codeને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન-અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમ આવૃત્તિ ૨૦૨૬

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**'કલાશિક્ષણ' વિષય સમિતિ**

શ્રી. શશિકાંત દેશમુખ, (અધ્યક્ષ)
શ્રી. શિવાજી હાડે (સદસ્ય)
શ્રી. ગોરક્ષનાથ આબુજ (સદસ્ય)
શ્રી. શ્રીકાંત ઢાલકર (સદસ્ય)
શ્રીમતી પૂનમ ભોપળે (સદસ્ય)
શ્રીમતી છાયા માળવાળ (સદસ્ય)
શ્રીમતી સ્નેહા ગાડે (સદસ્ય)
ડૉ. સુમેધા ઠાકુર (નિમંત્રિત)
શ્રી. નંદકિશોર નગરકર (નિમંત્રિત )
શ્રીમતી મૃગયા મોરે (નિમંત્રિત )
શ્રી. અમોલ જાધવ (નિમંત્રિત )
શ્રી. નિતિન મહામુની (નિમંત્રિત )
શ્રીમતી વૃશાલી લેલે (નિમંત્રિત )
શ્રીમતી નિતાલી હરગુડે (નિમંત્રિત )
શ્રી. ઓંકાર વૈરાગકર (નિમંત્રિત )
શ્રીમતી જુઈ દેશિંગકર (નિમંત્રિત )
શ્રીમતી રશ્મિ જોશી (નિમંત્રિત )
ડૉ. ગીતાંજલિ બોરૂડે (અભ્યાસક્રમ સમન્વયક)
ડૉ. અજયકુમાર લોળગે (સદસ્ય સચિવ)

**સમીક્ષક**

ડૉ. દયાનંદ ઘોટકર (ગુણવત્તા સમીક્ષક)
એડવોકેટ સદેશ સાખરે (કાયદા નિષ્ણાત)
પ્રા. વિલાસ પંડીત (CWSN નિષ્ણાત)

**સંયોજન**

**ડૉ. અજયકુમાર લોળગે**
વિશેષાધિકારી કાર્યાનુભવ (વિ. કા.)
કાર્યકારી વિશેષાધિકારી કલા (વિ. કા.)
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**ભાષાંતર**

શ્રીમતી ધર્મિકા દોશી

**ભાષાંતર સંયોજન**

**શ્રીમતી કેતકી જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
કાર્યકારી વિદ્યાસચિવ ભાષા, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**મુખપૃષ્ઠ અને અંતર્ગત ચિત્રાકૃતિ**

શ્રી. લક્ષ્મીકાંત કાળે, શ્રીમતી પ્રાજક્તા કેરકર,
શ્રી. મનોહર બાવીસ્કર, શ્રીમતી પ્રાચી પોતદાર,
શ્રી. સોહમ ઓતારી, શ્રી. અજય પરાડકર

**અક્ષરાંકન** : મુદ્રણ વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

**નિર્મિતિ**

**શ્રીમતી મિતાલી શિતપ**
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી

**શ્રી. સંદીપ અજગાવકર**
નિર્મિતિ અધિકારી

**પ્રકાશક**

**હેમંત બાબર**
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ-૨૫

# ભારતનું સંવિધાન

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાન સભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

# નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી..

# રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ધોરણ ૪માં તમારું હાર્દિક સ્વાગત છે. ધોરણ ૪નું કલાશિક્ષણનું આ પાઠ્યપુસ્તક તમારા હાથમાં આપતાં અમને ખૂબ આનંદ થાય છે.

તમારા હાથમાં આવેલું આ કલાશિક્ષણનું પુસ્તક, તમને કલા શીખતી વખતે આનંદ આપશે અને તમારી કલ્પનાશક્તિને પાંખો આપશે. ચિત્ર દોરવું, રંગ પૂરવા, ગીત ગાવું, અભિનય કરવો, નૃત્ય કરવું અથવા વિવિધ હાવભાવ દ્વારા ભાવનાઓ વ્યક્ત કરવી – આ બધું જ કલા છે. કલા આપણા વિચારો અને લાગણીઓને સુંદર રીતે વ્યક્ત કરવામાં મદદરૂપ બને છે.

આ પુસ્તકમાં દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હાવભાવ જેવી વિવિધ કલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. દશ્યકલામાં તમે રેખાંકન, સ્મરણચિત્ર, વસ્તુચિત્ર, નકક્ષીકામ, શિલ્પકલા, અક્ષરલેખન અને કલાસંસ્કૃતિ જેવી બાબતો શીખશો. રંગમંચ દ્વારા અભિનયનો અનુભવ મળશે. સંગીતમાં ગાયન અને વાદન શીખશો, જ્યારે નૃત્ય અને હાવભાવ દ્વારા શરીરના લય અને તાલનો અનુભવ કરશો.

આ પુસ્તકમાં આપવામાં આવેલી ઉપક્રમ તમને સ્વતંત્ર રીતે વિચારવા, કલ્પના કરવા અને નવી રચનાઓ તૈયાર કરવામાં મદદ કરશે. કેટલીક પ્રવૃત્તિઓ તમે એકલા કરશો, જ્યારે કેટલીક મિત્રો સાથે મળીને સમૂહમાં કરશો. તેથી તમારી શીખવાની પ્રક્રિયા વધુ સરળ, રસપ્રદ અને આનંદમય બનશે.

આ પુસ્તકમાં ચિત્ર દોરતી વખતે અને કલાકૃતિ બનાવતી વખતે વિવિધ સાધનો, સામગ્રી અને તકનીકોનો ઉપયોગ કરવાની તક આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં સુધી પર્યાવરણસ્નેહી સામગ્રીનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરો. તમારા પરિસરમાં ઉપલબ્ધ વસ્તુઓમાંથી પણ સુંદર કલાકૃતિઓ બનાવી શકાય છે, તેનો તમને અનુભવ થશે.

તમારા પરિસરની સ્થાનિક કલા, કલાકારો અને સાંસ્કૃતિક પરંપરાઓ વિશે જાણવા માટે પણ કેટલીક પ્રવૃત્તિઓ અને ક્ષેત્રમુલાકાતો સૂચવવામાં આવી છે. તેના દ્વારા તમને આપણી પરંપરાનો સુંદર કલાવૈભવ નજીકથી જોવા મળશે.

દરેક વિદ્યાર્થી જુદો હોય છે અને દરેકમાં કોઈને કોઈ વિશેષ ગુણ હોય છે. તેથી આ પુસ્તકની પ્રવૃત્તિઓ કરતી વખતે તમારી કલ્પનાશક્તિને મુક્તપણે વ્યક્ત કરો. ભૂલ થવાનો ભય રાખશો નહીં. સતત પ્રયત્ન કરો અને કલા શીખવાનો આનંદ માણો.

આ પુસ્તક તમારા અંદરના કલાકારને જાગૃત કરશે અને શીખવાની સફરને વધુ સુંદર બનાવશે, એવી અમને ખાતરી છે.

ચાલો, આનંદથી કલા શીખીએ અને પોતાની કલ્પનાઓને રંગોથી સજીવન કરીએ.

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪.

તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬
ભારતીય સૌર : વૈશાખ સુદ ૨, ૧૯૪૮
અખાત્રીજ

# શિક્ષકો માટે

ધોરણ ચોથાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલું કલાશિક્ષણ પાઠ્યપુસ્તક આપના હાથમાં આપતાં અમને આનંદ થાય છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ના માર્ગદર્શક તત્ત્વો અનુસાર કલાશિક્ષણ વિષયને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વધારવી, કલ્પનાશક્તિનો વિકાસ કરવો, અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું અને શીખવાની પ્રક્રિયાને આનંદમય બનાવવી એ કલાશિક્ષણના મુખ્ય હેતુઓ છે.

આ પાઠ્યપુસ્તકમાં દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન આ ચાર કલાપ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક કલાપ્રકાર દ્વારા વિદ્યાર્થીઓને નિરીક્ષણ, પ્રસ્તુતિ, નવી રચનાઓ કરવી અને પોતાની કલ્પનાઓ વ્યક્ત કરવાની તક મળશે.

કૃતિ આધારિત પ્રવૃત્તિઓ, સમૂહકાર્ય, ચર્ચા અને ભૂમિકાભિનય જેવી શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરીને અભ્યાસનો અનુભવ આપવો. દરેક પ્રવૃત્તિમાં આનંદમય શિક્ષણ પર ભાર આપવો. દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન દ્વારા વિદ્યાર્થીઓ પોતાના વિચારો, ભાવનાઓ અને કલ્પનાઓ સરળતાથી વ્યક્ત કરી શકશે.

આ પુસ્તકમાં ચાર વિભાગો દશ્યકલા, નાટક, સંગીત અને નૃત્ય અલગ દર્શાવવામાં આવ્યા છે, પરંતુ વાર્ષિક આયોજનમાં આ ચારેય વિભાગોના ઘટકોને સમાન મહત્વ આપવું, જેથી વિદ્યાર્થીઓને આખું વર્ષ ચારેય કલાપ્રકારોનો અનુભવ અને આનંદ મળી રહે.

આ પાઠ્યપુસ્તકની પ્રવૃત્તિઓ રચતી વખતે તમામ પ્રકારના વિદ્યાર્થીઓનો સર્વસમાવેશક વિચાર કરવામાં આવ્યો છે. દરેક વિદ્યાર્થી પોતાની ક્ષમતા મુજબ ભાગ લઈ શકે અને તેમની કળાકુશળતાને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષકોએ સંવેદનશીલ દષ્ટિકોણ રાખવો.

## શિક્ષક માટે સૂચના

### દશ્યકલા

- વિવિધ પ્રકારની રેખાઓ અને આકારો તેમજ સુંદર અક્ષરલેખન માટે વિવિધ અક્ષર અવયવોનો અભ્યાસ કરાવવો.
- નૈસર્ગિક અને માનવસર્જિત ઘટકો વચ્ચેનો તફાવત સમજાવી તેમના ઉદાહરણો આપવાં.
- સ્મરણચિત્ર દોરવાના તબક્કા સમજાવવા. ચિત્ર દોરતી વખતે અન્ય વિદ્યાર્થીઓની નકલ ન કરે તેની કાળજી રાખવી. પ્રસંગનું વર્ણન કરીને સ્મરણચિત્ર દોરવા પ્રેરિત કરવા.
- સ્મરણચિત્ર અને કલ્પનાચિત્રના નમૂના દેખાડી તેમની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો. તેમની કલ્પનાઓને પ્રોત્સાહન મળે તેવી વાર્તાઓ અને વાતાવરણ તૈયાર કરવું.
- વિવિધ પ્રકારના ચિત્રનમૂનાઓ, ફોટા, શિલ્પોના નમૂનાઓ વગેરેનો સંગ્રહ કરીને શિક્ષણસામગ્રી તરીકે ઉપયોગ કરવો.
- દરેક વિદ્યાર્થીને દશ્યકલા ગમે જ એવું જરૂરી નથી. તેથી તેમની રુચિ વિકસે તે માટે પ્રાયોગિક અનુભવ આપવો. જો કોઈ વિદ્યાર્થી નવી કલાકૃતિ બનાવવાનો પ્રયાસ કરે તો તેને પ્રોત્સાહન અને યોગ્ય માર્ગદર્શન આપવું.
- સ્થાનિક કલાપ્રકારો અને કલાકારોનો પરિચય કરાવવો. શક્ય હોય તો સ્થાનિક કલાકારોની કાર્યશાળાઓનું આયોજન કરવું.

### રંગમંચ

- વર્ગમાં આનંદમય વાતાવરણ સર્જીને સરળ અને પ્રાકૃતિક ક્રિયાઓ, હલનચલન અને મુક અભિનય કરાવવો. નાના જૂથોમાં પ્રસંગોનું નાટ્યરૂપ પ્રસ્તુતિ કરાવવી.
- પ્રાણી, પક્ષી અને પ્રકૃતિના વિવિધ ઘટકોની ભૂમિકાઓ આપીને અભિનય કરાવવો.

- વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે સંવાદ અને હલનચલન રજૂ કરવાની તક આપવી. ચિત્રો બતાવી પ્રશ્નો પૂછવા, જેમ કે ''તમને આ ચિત્રમાં શું દેખાય છે?''
- દરેકને ભૂમિકા આપીને પ્રસ્તુતિમાં સહભાગી કરાવવા. દૈનિક અનુભવ આધારિત નાના પ્રસંગો પસંદ કરવા.
- પ્રસ્તુતિ દરમિયાન સુરક્ષા જાળવવી અને ઉપલબ્ધ સામગ્રીનો વિવિધ રીતે ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી.
- એક જૂથની પ્રસ્તુતિ જોતા અન્ય વિદ્યાર્થીઓને નિરીક્ષણાત્મક અભિપ્રાય આપવા પ્રોત્સાહિત કરવા અને વર્ગનાટ્યગૃહની સંકલ્પના પ્રત્યક્ષ કરાવવી.

### સંગીત

- વર્ગમાં આનંદદાયક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણ ઊભું કરીને વિદ્યાર્થીઓનો સક્રિય સહભાગ સુનિશ્ચિત કરવો.
- ગીત શીખવતી વખતે શિક્ષકે પહેલાં ગીત ગાઈને બતાવવું. ગીતના નાના-નાના ભાગ કરીને શીખવવું.
- સરળ ઉદાહરણો દ્વારા તાલ, લય અને સૂરની ઓળખ કરાવવી. તાલ માટે તાલીઓનો ઉપયોગ કરીને ગીત વધુ રસપ્રદ બનાવવું. એકલ તથા યુગલ ગાયન માટે પ્રોત્સાહન આપવું.
- લોકગીતો જેવા કે વાસુદેવ ગીત, પોવાડા, ભારૂડ, ભજન, આરતીઓ વગેરેનો પરિચય કરાવવો અને તેમનો પ્રાયોગિક અભ્યાસ કરાવવો.
- ઉપલબ્ધ વાદ્યો (ઢોલ, ઝાંઝ, હાર્મોનિયમ, તબલા વગેરે)નો ઉપયોગ કરીને તાલની સમજ આપવી. નાના-નાના જૂથોમાં વિભાગવાર ગીતો ગવડાવવા.
- દરેક વિદ્યાર્થીને ગાયન અથવા વાદન માટે ભાગ લેવાની તક આપીને તેમનો આત્મવિશ્વાસ વધારવો.
- ઉપલબ્ધ સામગ્રી અથવા વીડિયોની મદદથી સ્વર અને અલંકારોનો તાલબદ્ધ અભ્યાસ કરાવવો.
- ક્યૂ.આર. કોડનો ઉપયોગ કરીને ગીતો સાંભળવા તેમજ શીખવા પ્રોત્સાહિત કરવા. સમૂહ અને વ્યક્તિગત પ્રસ્તુતિના આધારે મૂલ્યાંકન કરવું.

### નૃત્ય અને હલનચલન

- વર્ગમાં આનંદી અને ઉત્સાહભર્યું વાતાવરણ ઊભું કરીને દરેક વિદ્યાર્થીને નૃત્યમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.
- સહજ અને નૈસર્ગિક હલનચલન દ્વારા નૃત્યની ઓળખ કરાવવી.
- દૈનિક હલનચલન (જેમ કે ચાલવું, કૂદકા મારવા, ફરવું) ને નૃત્યમાં કેવી રીતે રૂપાંતરિત કરી શકાય તે સમજાવવું.
- તાલ, લય અને ગતિની સમજ રમૂજી પદ્ધતિથી કરાવવી.
- ચહેરાના વિવિધ ભાવો (આનંદ, દુઃખ, આશ્ચર્ય) દ્વારા અભિવ્યક્તિ કરવા સંબંધી માર્ગદર્શન આપવું.
- નાના જૂથોમાં સરળ નૃત્ય પ્રયોગો કરવા પ્રોત્સાહિત કરવા. દરેક વિદ્યાર્થીને ભાગ લેવાની તક આપવી.
- નૃત્ય કરતી વખતે શારીરિક સુરક્ષા, યોગ્ય અંતર જાળવવું અને યોગ્ય પોશાક પહેરવો તે અંગે સૂચના આપવી.
- ઉપલબ્ધ સાધનો (સંગીત, સ્થળ)નો યોગ્ય ઉપયોગ કરીને વિવિધ પ્રકારના નૃત્યના અનુભવો આપવા પ્રયત્ન કરવો.
- નૃત્યના અંતે વિદ્યાર્થીઓએ શું અનુભવ્યું અથવા શું શીખ્યા તે વિશે ટૂંકી ચર્ચા કરવી. તેમની સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપતા સકારાત્મક પ્રતિભાવ આપવા.

દરેક પ્રકારના વિદ્યાર્થીઓનો સર્વસમાવેશક વિચાર કરીને પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવી છે. દરેક વિદ્યાર્થી પોતાની ક્ષમતા પ્રમાણે ભાગ લઈ શકે અને તેમના કલાગુણને પ્રોત્સાહન મળે એ રીતે પાઠ્યપુસ્તકમાં ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી તે બાબતે સંવેદનશીલ દૃષ્ટિકોણ રાખવો.

દરેક કલા વિભાગ માટે આપેલ અભ્યાસક્રમ, ધ્યેય અને ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓના આધારે શિક્ષક પ્રભાવશાળી અધ્યાપન કરે તેવી અપેક્ષા છે. તેના દ્વારા કલા વિષય તરફ સમગ્ર દૃષ્ટિએ જોનાર કૌશલ્યપૂર્ણ વિદ્યાર્થી તૈયાર થાય અને તે આનંદિત જીવન જીવી શકે તે મુખ્ય ઉદ્દેશ છે. આ માટે સૌ સાથે મળી પ્રયત્ન કરીએ.

**કલા શિક્ષણ વિષય સમિતિ**
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

## ધોરણ : ચાર

### વિષય : દૃશ્યકલા

**અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 :** કળાના માધ્યમથી માનવીય ભાવનાઓનું અન્વેષણ, ચિત્રણ અને અભિવ્યક્તિ કરવાનો આત્મવિશ્વાસ વિકસાવવો.

**ક્ષમતા : C – 1.1 :** દૈનિક જીવનના અનુભવ અને કલ્પનાશક્તિ આધારિત વિવિધ ચિત્રો ઉત્સાહપૂર્વક તૈયાર કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE01 | પરિસરના નાના ઘટકો પર  આધારિત સ્મરણચિત્ર દોરે છે. |
| 04AE02 | વિવિધ કલ્પિત વાર્તાઓના પ્રસંગોને પોતાની કલ્પના મુજબ ચિત્રમાં રજૂ કરે છે. |
| 04AE03 | નકશીકામમાં નૈસર્ગિક ઘટકોના વિવિધ આકારોનો પોતાની કલ્પના મુજબ ઉપયોગ કરે છે. |
| 04AE04 | પરિસરના નાના ઘટકોનું સ્મરણચિત્ર દોરે છે. |

**ક્ષમતા : C – 1.2 :** દશ્યકલામાં પરસ્પર સમન્વય સાધી કામ કરતી વખતે વિવિધ કલ્પનાઓ અને પ્રતિભાવોની ચર્ચા કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE05 | અંક/અક્ષરોના વળાંકોનો અભ્યાસ કરે છે અને દોરે છે. |
| 04AE06 | અંક/અક્ષરોના પ્રમાણબદ્ધ સ્વરૂપને સમજીને લેખન કરે છે. |
| 04AE07 | આવિષ્કારના વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને અંક/અક્ષરોની રચના કરે છે. |

**અભ્યાસક્રમ ધ્યેય : CG – 2 :** કળાના અભ્યાસ માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો મુક્ત રીતે ઉપયોગ કરવો.

**ક્ષમતા : C – 2.1 :** દૈનિક નિરીક્ષણ, વ્યક્તિગત અનુભવ અને ભાવનાઓનું ચિત્રણ કરતી વખતે દશ્યઘટકોના વિવિધ સંયોજનો (રેખા, આકાર, રંગ, અવકાશ, સપાટી/પોત)નો સર્જનાત્મક ઉપયોગ કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE08 | વિવિધ પ્રકારની રેખાઓનું રેખાંકન કરે છે. |
| 04AE09 | યાંત્રિક સાધનો વિના સરળ પદ્ધતિથી વિવિધ આકારો દોરે છે. |
| 04AE10 | દૈનિક ઉપયોગની પરિચિત વસ્તુઓનું  સરળ પધ્ધતિથી ચિત્રણ કરે છે. |

**ક્ષમતા : C – 2.2 :** વર્ગમાં રજૂ કરેલી કલાકૃતિઓમાં દશ્યઘટકો, સંકલ્પનાઓ અને વિરોધાભાસ સ્પષ્ટ કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE11 | ભૌમિતિક  આકારોનો, પરિસરની અન્ય વસ્તુઓના આકારો સાથે સંબંધ જોડી સામ્યભેદ દર્શાવે છે. |
| 04AE12 | નિરીક્ષણ દ્વારા અનુભવેલી વસ્તુઓનું વર્ગીકરણ કરીને ચિત્ર દોરે છે. |
| 04AE13 | ચિત્રમાં પોતાની કલ્પનાઓને મુક્તપણે રજૂ કરીને તેનું વર્ણન કરે છે. |

**અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 :** કળાની મૂળભૂત પ્રક્રિયા, સામગ્રી અને તકનીકોનો આવિષ્કાર કરવો.

**ક્ષમતા : C – 3.1 :** દશ્યકલાનું કાર્ય કરતી વખતે ઉપયોગમાં લેવાતી સામગ્રી, સાધનો અને તકનીકોની પસંદગી કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE14 | મુદ્રા/છાપ લેવા માટે વિવિધ રંગ માધ્યમોનો ઉપયોગ કરે છે. |
| 04AE15 | વિવિધ પ્રકારનું પોત (Texture) તૈયાર કરે છે. |

**ક્ષમતા : C – 3.2 :** વ્યક્તિગત અને સામૂહિક દશ્ય કલાકૃતિઓ તૈયાર કરતી વખતે આયોજન, અમલીકરણ અને પ્રસ્તુતિના તબક્કાઓનું પાલન કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE16 | ઉપલબ્ધ સાધનનો કલ્પનાશક્તિપૂર્વક ઉપયોગ કરીને સજાવટ કરે છે. |
| 04AE17 | પરિસરમાં  ઉપલબ્ધ પર્યાવરણપૂરક સાહિત્યમાંથી ત્રિપરિમાણીય રચનાઓ તૈયાર કરે છે. |
| 04AE18 | માટીમાંથી ત્રિપરિમાણીય આકારોના પ્રતિકાત્મક ચિહ્નો બનાવે છે. |

**અભ્યાસક્રમ ધ્યેય : CG – 4 :** આસપાસના પ્રાકૃતિક સૌંદર્યની શોધ કરવી અને વિવિધ સ્થાનિક કલા પ્રકારો તથા સાંસ્કૃતિક પરંપરાઓ પ્રત્યે રસ વિકસાવવો.

**ક્ષમતા : C – 4.1 :** નિસર્ગના દશ્યઘટકોને ઓળખે છે અને તેમના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE19 | નિસર્ગના વિવિધ ઘટકોના કલાત્મક સૌંદર્યનું વર્ણન કરે છે. |

**ક્ષમતા : C – 4.2 :** સ્થાનિક કલા પ્રકારો અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે.

| ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| 04AE20 | સ્થાનિક કલાપ્રકારોમાંથી પસંદગીના કલાપ્રકારની કૃતિઓના ચિત્રો, ફોટા, કાતરણ વગેરે ભેગા કરીને પ્રકલ્પ તૈયાર કરે છે. |
| 04AE21 | વિવિધ કલા પ્રકારોનો સ્થાનિક કલા સંસ્કૃતિ સાથે સંબંધ જોડીને માહિતી રજૂ કરે છે. |

| વિષય : રંગમંચ | |
|---|---|
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 :** કળાના માધ્યમથી માનવીય ભાવનાઓનું આત્મપરીક્ષણ, પ્રસ્તુતિ અને અભિવ્યક્તિ કરવાનો આત્મવિશ્વાસ અનુભવ દ્વારા વિકસાવવો. | |
| **ક્ષમતા : C – 1.1 :** નાટ્યકળાના પ્રસંગો અને અનુભવો દ્વારા વિવિધ ઘટકો અને પાત્રોને ઉત્સાહપૂર્વક રજૂ કરે છે. | |
| 04AE22 | પરિસરના દૈનિક પ્રસંગોનું નિરીક્ષણ કરીને તેનું પ્રસ્તુતિકરણ કરે છે. |
| **ક્ષમતા : C – 1.2 :** નાટ્યકળામાં પરસ્પર સમન્વય સાધીને કાર્ય કરતી વખતે પોતાના વિચારો અને પ્રતિભાવોની ચર્ચા કરે છે. | |
| 04AE23 | પરિસરના પરિચિત વ્યવસાયિક વ્યક્તિઓના અવાજોનું નિરીક્ષણ કરીને આબેહૂબ નકલ કરે છે. |
| 04AE24 | સહાધ્યાયીઓ દ્વારા કરાયેલા પ્રસ્તુતિનું નિરીક્ષણ કરીને તેના પર પ્રતિભાવ આપે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 2 :** કળાના મહાવરા માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો મુક્ત ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – 2.1 :** દૈનિક નિરીક્ષણ, વ્યક્તિગત અનુભવ અને ભાવનાઓનું ચિત્રણ કરતી વખતે નાટ્ય ઘટકોના વિવિધ સંયોજનોનો સર્જનાત્મક ઉપયોગ કરે છે. | |
| 04AE25 | નાટકના પ્રસ્તુતિકરણ માટે જરૂરી સામગ્રી એકત્રિત કરે છે. |
| 04AE26 | નાટકના પ્રસ્તુતિકરણની પૂર્વ તૈયારી રૂપે સામગ્રી એકત્રિત કરીને યોગ્ય ગોઠવણી કરે છે. |
| 04AE27 | પરિસરમાં ઉપલબ્ધ ધ્વનિ ઉત્પન્ન કરતી વસ્તુઓ એકત્રિત કરીને નાટક માટે પાર્શ્વસંગીત તૈયાર કરે છે. |
| **ક્ષમતા : C – 2.1 :** વિવિધ પાત્રો, ભૂમિકાઓ, પ્રસંગો, અવકાશ અને રંગમંચ પરની વસ્તુઓને જોડીને રોજિંદીઘટનાઓ આધારિત નાટક તૈયાર કરીને વર્ગમાં રજૂ કરે છે. | |
| 04AE28 | પ્રસ્તુતિકરણ પછી ચર્ચા દ્વારા મળેલા સૂચનો પર વિચાર કરીને ફરીથી પ્રસ્તુતિકરણ કરે છે. |
| 04AE29 | અન્ય લોકો દ્વારા કરાયેલા પ્રસ્તુતિકરણ પર વ્યક્તિગત અથવા સમૂહમાં પ્રતિભાવ આપે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 :** કળાની મૂળભૂત પ્રક્રિયા, સાહિત્ય અને તકનીકોને આત્મસાત્ કરવી. | |
| **ક્ષમતા : C – 3.1 :** નાટ્યકળામાં કામ કરતી વખતે ઉપયોગમાં આવતી સામગ્રી, સાધનો અને તકનીકની પસંદગી કરે છે. | |
| 04AE30 | વિવિધ પ્રસ્તુતિકરણ માટે જરૂરી સાહિત્યની માહિતી મેળવી વૈકલ્પિક સાહિત્ય તૈયાર કરે છે. |
| 04AE31 | પ્રસ્તુતિકરણ માટે પાત્રાનુરૂપ વેશભૂષા અને જરૂરી સાહિત્ય પસંદ કરીને પ્રસ્તુતિકરણ કરે છે. |
| 04AE32 | નાટકના વિવિધ પાત્રો માટે કાગળના મહોરાં તૈયાર કરે છે. |
| **ક્ષમતા : C – 3.2 :** વ્યક્તિગત અને સમૂહમાં નાટક રજૂ કરતી વખતે આયોજન, અમલીકરણ અને પ્રસ્તુતિકરણના તબક્કાઓનું પાલન કરે છે. | |
| 04AE33 | વ્યક્તિગત અથવા સામુહિક પ્રસ્તુતિકરણ માટે સહાધ્યાયીઓ સાથે મહાવરો કરે છે. |
| 04AE34 | તકનીકી સાધનોની મદદથી પ્રસ્તુતિકરણનો મહાવરો કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 4 :** આસપાસના નૈસર્ગિક સૌંદર્યની શોધ કરવી અને વિવિધ સ્થાનિક કલાકારો તથા સાંસ્કૃતિક પરંપરાઓ પ્રત્યે રસ વિકસાવવો. | |
| **ક્ષમતા : C – 4.1 :** નિસર્ગમાં રહેલા નાટ્ય અને હલનચલનના ઘટકોને ઓળખે છે અને તેમના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 04AE35 | વિવિધ પ્રહર (સમય) દર્શાવતી વખતે પ્રસ્તુતિમાં પ્રાકૃતિક પ્રકાશનો ઉપયોગ કરે છે. |
| 04AE36 | પાઠ્યપુસ્તકના પાઠ અથવા કવિતાના પ્રસ્તુતિકરણ દરમિયાન નૈસર્ગિકસાહિત્યનો ઉપયોગ કરે છે. |
| 04AE37 | માનવ શરીરની ક્રિયાઓ દ્વારા પ્રસ્તુતિકરણમાં નૈસર્ગિક સાધનોના આકારો રજૂ કરે છે. |
| **ક્ષમતા : C – 4.2 :** સ્થાનિક કલાકારો અને સંસ્કૃતિ પ્રત્યે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 04AE38 | પરિસરમાં ઉજવાતા તહેવારો અને સમારંભોનું નિરીક્ષણ કરીને આનંદ અનુભવે છે. |
| 04AE39 | સ્થાનિક લોકકલાકારો અને તેમની કળાકૃતિઓ વિશે માહિતી મેળવી યોગ્ય પ્રતિસાદ આપે છે. |

| વિષય : સંગીત | |
|---|---|
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 :** કળાના માધ્યમથી, અનુભવ દ્વારા માનવીય ભાવનાઓનું અન્વેષણ, પ્રસ્તુતિકરણ અને અભિવ્યક્તિ કરવાનો આત્મવિશ્વાસ વિકસાવવો. | |
| **ક્ષમતા : C – 1.1 :** પરિચિત સંગીતકળાનો મહાવરો કરીને ઉત્સાહપૂર્વક પ્રસ્તુતિકરણ કરે છે. | |
| 04AE40 | પરિચિત સંગીત ધ્યાનથી સાંભળીને પ્રસ્તુતિકરણ કરે છે. |
| 04AE41 | ગીતોનો મહાવરો કરતી વખતે હાવભાવ, તાલી અને ચપટીનો ઉપયોગ કરે છે. |
| **ક્ષમતા : C – 1.2 :** સંગીતકળામાં સમૂહમાં કાર્ય કરતી વખતે પોતાના વિચારો અને પ્રતિભાવોની ચર્ચા કરે છે. | |
| 04AE42 | દેશભક્તિ ગીતોમાં વ્યક્ત રાષ્ટ્રીય એકતાનું મહત્વ ઓળખે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 2 :** કળાના મહાવરા માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો મુક્ત ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – 2.1 :** વિવિધ પ્રકારના ગાયન અને વાદન (એકલ, યુગલ અને સમૂહ)માં સંગીતના ઘટકો, ગાયન અને તાલનો મહાવરો તથા પ્રસ્તુતિકરણનું સંયોજન કરે છે. | |
| 04AE43 | ગાયન અને વાદનનો લય તથા ઠેકો સમજીને એકલ ગીત રજૂ કરે છે. |
| 04AE44 | ગાયન અને વાદનમાં યુગલ તથા સમૂહ સંગીત પ્રકારોનો મહાવરો કરીને પ્રસ્તુતિકરણ કરે છે. |
| **ક્ષમતા : C – 2.2 :** ગીત અને અભિવ્યક્તિના આધારે વર્ગમાં રજૂ કરાયેલ વિવિધ સંગીત શૈલીઓમાં સંગીતના ઘટકોની તુલના અને વિરોધાભાસ (લય, તાલ, સ્વર, ભાવ) દર્શાવે છે. | |
| 04AE45 | વિવિધ ગીતપ્રકારો સાંભળીને તેમાં રહેલા તફાવત ઓળખે છે. |
| 04AE46 | શાસ્ત્રીય સંગીતના સ્વર અને અલંકારો વિશે ટૂંકમાં માહિતી આપે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 :** કળાની મૂળભૂત પ્રક્રિયા, સાહિત્ય અને તકનીકોને આત્મસાત્ કરવી. | |
| **ક્ષમતા : C – 3.1 :** સંગીતનું પ્રસ્તુતિકરણ કરતી વખતે ધ્વનિ, વાદ્યો અને અન્ય સંયોજનોની યોગ્ય પસંદગી કરે છે. | |
| 04AE47 | પરિસરમાં રહેલ સંગીત સંબંધિત ધ્વનિઓ સાંભળીને તેમનું અનુસરણ કરે છે. |
| 04AE48 | ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને વાદનનું પ્રસ્તુતિકરણ કરે છે. |
| **ક્ષમતા : C – 3.2 :** પ્રસ્તુતિકરણ અને અભ્યાસમાં ભાગ લેતી વખતે સંગીતની પસંદગી અંગે વિવિધ કલ્પનાઓ સૂચવે છે. | |
| 04AE49 | અભંગ અને પોવાડાના પ્રસ્તુતિકરણ માટે યોગ્ય વાદ્યોની પસંદગી કરીને તેનો ઉપયોગ કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 4 :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્ય વિષયક સંવેદનાઓનો વિસ્તાર કરીને પરિચય કેળવે છે. | |
| **ક્ષમતા : C – 4.1 :** નિસર્ગમાં રહેલા સંગીતના ઘટકો ઓળખે છે અને તેમના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 04AE50 | પ્રકૃતિમાં રહેલ વિવિધ ધ્વનિઓનું નિરીક્ષણ કરીને તેમનું અનુસરણ કરે છે. |
| 04AE51 | સ્થાનિક તહેવારો-ઉત્સવો સાથે સંકળાયેલા સંગીત વિશે માહિતી આપે છે. |
| **ક્ષમતા : C – 4.2 :** સ્થાનિક કલા પ્રકારો અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 04AE52 | સ્થાનિક પરંપરાગત કલા પ્રકારો વિશે માહિતી આપે છે. |
| 04AE53 | સ્થાનિક પરંપરાગત સંગીત દ્વારા લોકજીવન અને સંસ્કૃતિ વિષે માહિતી આપે છે. |

| વિષય : નૃત્ય અને હલનચલન | |
|---|---|
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 1 :** કળાના માધ્યમથી માનવીય ભાવનાઓનું અન્વેષણ, પ્રસ્તુતિકરણ અને અભિવ્યક્તિ કરવાનો આત્મવિશ્વાસ અનુભવ દ્વારા વિકસાવવો. | |
| **ક્ષમતા : C – 1.1 :** પરિચિત નૃત્ય હલનચલનનો મહાવરો કરીને ઉત્સાહપૂર્વક પ્રસ્તુતિ કરે છે. | |
| 04AE54 | પરિચિત નૃત્યમાં શારીરિક હલનચલનની ક્રમબદ્ધ અને લયબદ્ધ પ્રસ્તુતિ કરે છે. |
| **ક્ષમતા : C – 1.2 :** નૃત્ય અને હલનચલનની સામૂહિક પ્રસ્તુતિ કરતી વખતે કલ્પનાઓ અને પ્રતિસાદ અંગે ચર્ચા કરે છે. | |
| 04AE55 | નૃત્ય અને હલનચલનની સામૂહિક પ્રસ્તુતિમાં ભાગ લે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 2 :** કળાના મહાવરા માટે પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો મુક્તપણે ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – 2.1 :** દૈનિક ક્રિયાઓ અને વ્યક્તિગત અનુભવોના આધારે નૃત્ય અને હલનચલનનો ક્રમ તૈયાર કરીને રજૂ કરે છે. | |
| 04AE56 | દૈનિક જીવનમાં થતા શારીરિક હલનચલનને નૃત્યરૂપે લયબદ્ધ રીતે મંચ પર રજૂ કરે છે. |
| **ક્ષમતા : C – 2.2 :** વર્ગમાં પરિચિત કરાયેલા વિવિધ નૃત્ય અને હલનચલનની શૈલીઓમાં અભિવ્યક્તિ, તાલ, મુદ્રા અને વિષયની તેમના સામ્ય-ભેદના આધારે તુલના કરે છે. | |
| 04AE57 | નૃત્યાત્મક હલનચલન દ્વારા બે તાલને સમજી તેમની તુલના કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 :** કળાની મૂળભૂત પ્રક્રિયા, સાહિત્ય અને તકનીકોને આત્મસાત્ કરવી. | |
| **ક્ષમતા : C – 3.1 :** નૃત્યમાં ઉપયોગમાં લેવાતા વાદ્યો, પોશાક, કૃતિક્રમ અને અન્ય વ્યવસ્થાઓની પસંદગી કરે છે. | |
| 04AE58 | નૃત્ય પ્રસ્તુતિ માટે ગીત અને વાદ્યોની પસંદગી કરે છે. |
| 04AE59 | નૃત્ય માટે વિષય અનુસાર વિવિધ શારીરિક હલનચલન પસંદ કરે છે. |
| **ક્ષમતા : C – 3.2 :** નૃત્ય અને હલનચલનનો ક્રમ પસંદ કરતી વખતે તેમજ પ્રસ્તુતિ તથા મહાવરામાં ભાગ લેતી વખતે પોતાની કલ્પનાઓ રજૂ કરે છે. | |
| 04AE60 | પોતાની કલ્પના મુજબ પાત્રો આધારિત નૃત્ય અને હલનચલન દ્વારા પ્રસ્તુતિ કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 4 :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્યસંવેદનાઓનો વિસ્તાર કરીને પરિચય કેળવે છે. | |
| **ક્ષમતા : C – 4.1 :** નિસર્ગમાં રહેલા સંગીતના ઘટકોને ઓળખે છે અને તેમના કલાત્મક ગુણોનું વર્ણન કરે છે. | |
| 04AE61 | નૃત્યમાં થતાં  હલનચલન અને નિસર્ગમાં થતાં હલનચલનની તુલના કરીને તેનું કલાત્મક વર્ણન કરે છે. |
| **ક્ષમતા : C – 4.2 :** સ્થાનિક કલા પ્રકાર અને સંસ્કૃતિ વિશે ઉત્સુકતા દર્શાવે છે. | |
| 04AE62 | સંસ્કૃતિનું મહત્વ સમજાવનાર સ્થાનિક કલાપ્રકારો ઉત્સાહપૂર્વક પ્રસ્તુત કરે છે. |

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# અનુક્રમણિકા

## દૃશ્યકલા


| ઘટક | પૃષ્ઠ |
|---|---|
| ૧. નક્શીની ગમ્મત | ૦૧ |
| ૨. અક્ષરની દુનિયામાં | ૧૦ |
| ૩. વસ્તુઓની દુનિયામાં | ૧૪ |
| ૪. મારું ચિત્ર અને મારી કલ્પના | ૧૭ |
| ૫. ત્રિપરિમાણીય કલાકૃતિ | ૨૧ |


## નાટ્ય


| ઘટક | પૃષ્ઠ |
|---|---|
| ૬. ચાલો, અભિનય કરીએ | ૨૬ |
| ૭. ચાલો, નાટકની તૈયારી કરીએ | ૩૧ |
| ૮. ચાલો, રંગમંચ પર | ૩૮ |


## સંગીત


| ઘટક | પૃષ્ઠ |
|---|---|
| ૯. સૌ સાથે મળી ગાઈએ! | ૪૫ |
| ૧૦. એકલ, યુગલ અને સમૂહગીત | ૫૧ |
| ૧૧. પારંપરિક ગીત | ૫૭ |
| ૧૨. સ્વર ખેલ | ૬૪ |
| ૧૩. ચાલો, તાલ પકડીએ | ૬૭ |


## નૃત્ય


| ઘટક | પૃષ્ઠ |
|---|---|
| ૧૪. નાચીએ આનંદથી | ૭૩ |
| ૧૫. નૃત્યમય જીવન | ૭૮ |
| ૧૬. નૃત્યના સાથી | ૮૩ |
| ૧૭. પરંપરાગત નૃત્ય | ૮૭ |
| ૧૮. કલા સંસ્કૃતિ | ૯૧ |

# દશ્યકલા



# ૧. નકશીની ગમ્મત...

રેખાંકન એટલે રેખાઓની વિવિધ રચનાઓ કરીને બનાવેલ રેખાચિત્ર. ચિત્રકળામાં રેખાંકનનું ઘણું મહત્વ છે. રેખાઓનો ઉપયોગ કરીને આપણે વિવિધ આકારો, ચિત્રો અને વસ્તુઓ દોરી શકીએ છીએ. રેખાંકનથી ચિત્ર દોરવાનો આત્મવિશ્વાસ વધે છે.

નકશીકામ તૈયાર કરતી વખતે રેખાઓનો ઉપયોગ ખૂબ જ મહત્વનો છે. વિવિધ પ્રકારની રેખાઓનો ઉપયોગ કરીને સુંદર નક્શી તૈયાર કરી શકાય છે. ફૂલો, પાંદડા, ભૌમિતિક તથા અલંકારિક આકારોમાં આકર્ષક નકશીકામ તૈયાર થાય છે. રેખાંકનનો મહાવરો કરવાથી વધુ સુંદર અને આકર્ષક નકશીકામ કરી શકાય છે. રેખાંકન કરવાની કળા નકશીકામ માટેનું મૂળભૂત સાધન છે.

નકશીકામમાં વિવિધ પ્રકારની રેખાઓ, આકારો, રંગો, પોત અને છાપનો ઉપયોગ કરીને આકર્ષક તથા સુંદર ચિત્રો બનાવી શકાય છે.

પ્રકૃતિના વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને પણ સુંદર કલાકૃતિઓ તૈયાર કરી શકાય છે. તેનાથી આપણી કલ્પનાશક્તિ અને સૌંદયદષ્ટિ વિકસે છે.

## રેખાઓ સાથે રમીએ

**રેખાઓના પ્રકાર અને તેમના નમૂનાઓની યોગ્ય જોડી મેળવો.**

| **જૂથ અ**<br>**રેખાઓના પ્રકાર** | **જૂથ બ**<br>**રેખાઓના નમૂનાઓ** |
|---|---|
| ૧. સર્પાકાર રેખા | અ) \\\\\\\\\\\\\\\\\\\\\\\\ |
| ૨. ઊભી રેખા | બ) --------------------- |
| ૩. આડી રેખા | ક)  |
| ૪. ત્રાંસી રેખા | ડ) \|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\|\| |
| ૫. તૂટક રેખા | ઇ) ________________________ |

- વિદ્યાર્થીઓને સૌપ્રથમ સરળ રેખાઓથી શરૂ કરીને ધીમે ધીમે વિવિધ આકારો તથા નમૂનાઓ તૈયાર કરવા માર્ગદર્શન આપવું.
- પેન્સિલ/ઉપરાંત અન્ય કોઈપણ સાધનોનો ઉપયોગ કરીને પણ રેખાઓના પ્રકારોનો મહાવરો કરાવવો.

CG –2
C– 2.1
LO–04AE08

- ચિત્રમાં દર્શાવેલા વિવિધ ઘટકો/વસ્તુ જોઈને તેમાં રહેલી રેખાનો પ્રકાર શોધીને લખો.

૧) ચકરી



..................................................................

૨) પાણીનાં મોજાં



..................................................................

૩) ઊંચી ઇમારત



..................................................................

૪) કીડીઓની હરોળ



..................................................................

- રેખાઓનો ઉપયોગ કરીને ચિત્ર પૂર્ણ કરીએ.

સાથે આપેલ ચિત્ર 'અ' નું નિરીક્ષણ કરો. વિવિધ રેખાઓનો ઉપયોગ કરીને ચિત્ર 'બ' પૂર્ણ કરો.



અ



બ

- નકશીકામ કરતી વખતે વિદ્યાર્થીઓને સ્વકલ્પનાથી દોરવા પ્રેરિત કરવા. સંદર્ભ માટે સંગ્રહિત નમૂના ચિત્રો, વીડિયો બતાવવા.

CG –2
C– 2.1
LO–04AE08

• આપેલા મોટા ચોરસના દરેક નાના ચોરસમાં વિવિધ પ્રકારની રેખાઓ દોરીને ચિત્ર પૂર્ણ કરો.



• આકૃતિબંધ પૂર્ણ કરો.

રેખાની ડાબી બાજુએ અંક અને અક્ષરોથી બનેલી રચના આપવામાં આવી છે. તે પ્રમાણે જમણી બાજુ તેનું પ્રતિબિંબ ચિત્ર દોરો.





નીચેનો આકૃતિબંધ પૂર્ણ કરીને તેમાં તમને ગમતા રંગો પૂરો.



• રેખાઓનો મહાવરો કરાવીને નકશીકામ કરવા પ્રોત્સાહિત કરવા.

CG -1/2
C- 1.2/2.1
LO-04AE07
/08

## નૈસર્ગિક આકારોથી આકૃતિબંધ બનાવીએ.

પાંદડાં, ફૂલ અથવા અન્ય વિવિધ નૈસર્ગિક આકારોનો ઉપયોગ કરીને આકૃતિબંધ પૂર્ણ કરો. તમારી પસંદ મુજબ તેમાં ઘેરા અથવા આછા રંગો પૂરો..



યાદ રાખો : એક અથવા બે આકારોને વારંવાર દોરીને તેમાં રંગ પૂરવાથી સુંદર નકશી તૈયાર થાય છે.

## આકૃતિબંધથી નકશી બનાવીએ.

૧. નીચે કેટલાક આકૃતિબંધો આપેલા છે. તેમાંથી યોગ્ય આકૃતિબંધ પસંદ કરીને નીચેનું ચિત્ર પૂર્ણ કરો.





૨. ચિત્રકામની નોટબુકમાં સાડીની કિનારી માટે નકશી તૈયાર કરી તેમાં આકર્ષક રંગો પૂરો.

- કૃતિ દરમિયાન વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

CG -1
C- 1.1
LO-04AE03

## પોત અને નકશીકામ

- **વિવિધ વસ્તુઓને સ્પર્શ કરીને તે કેવી છે, તેનું વર્ણન કરો**
  ઉદા. કાચ, રૂ, કપડું, પથ્થર, પાંદડું જેવી વસ્તુઓને સ્પર્શ કરીને તેમનું વર્ણન કરો. બાળમિત્રો, તમે સ્પર્શનો અનુભવ કર્યો. તેના દ્વારા તમે શું શીખ્યા? તે અનુભવેલા સ્પર્શને ચિત્રકલાની ભાષામાં 'પોત' કહેવામાં આવે છે.
- જે પૃષ્ઠભાગને સ્પર્શ કરતાં ખરબચડો, લીસો, ધારદાર, નરમ હોવાનો અનુભવ થાય તેને 'સ્પર્શજન્ય પોત' કહેવામાં આવે છે.
- સ્પર્શ કર્યા વગર માત્ર આંખોથી જ પૃષ્ઠભાગ ખરબચડો, લીસો કે ધારદાર હોવાનો આભાસ થાય તેને 'દશ્યજન્ય પોત' કહેવામાં આવે છે. કેટલીક વખત આપણે ઉપસાવેલી છાપનો પણ નકશીકામમાં પોત તરીકે ઉપયોગ કરી શકીએ છીએ. તો ચાલો, હવે વિવિધ છાપની મજા માણીએ.

### છાપ ઓળખો

નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરી, ચિત્રોમાં દેખાતી છાપ શેની છે તે ઓળખી, ચિત્રની નીચે લખો.









______ ______ ______ ______

- આવી વિવિધ પ્રકારની છાપ દ્વારા પણ સુંદર નકશીકામ કરી શકાય છે. વિવિધ વસ્તુઓની છાપ કાગળ પર લઈ શકાય છે. ઉદા. ગૂણી, બટાટું, હાથની આંગળીઓની છાપ વગેરે.
- અન્ય કઈ-કઈ વસ્તુઓની છાપો કાગળ પર લઈ શકાય? તેની યાદી બનાવો.

**ધ્યાનમાં રાખો :**

છાપકામ માટે જળરંગોનો ઉપયોગ કરવો પડશે. છાપ લેતી વખતે રંગ ખૂબ પાતળો ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવું.

- વિવિધ પોતનો ઉપયોગ કરીને નકશીકામ કરાવવું.

CG -3
C- 3.1
LO-04AE14
LO-04AE15

## છાપોથી નકશી

તમારી નોટબુકમાં તમને ગમતો કોઈ એક મોટો આકાર દોરો. તેમાં ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની છાપો વડે સુંદર નકશી તૈયાર કરો.

## પોત અને કૉલાજ

**વિવિધ પ્રકારના પોતનો ઉપયોગ કરીને કૉલાજ ચિત્ર તૈયાર કરીએ.**

ઘરમાં ઉપલબ્ધ ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીને આપણે વિવિધ પ્રકારના પોત મેળવી શકીએ છીએ. ઉદા. બારીના કાચ, સિક્કા, ઝાડની છાલ વગેરે.

વિવિધ વસ્તુઓ પર કાગળ મૂકી તેના ઉપર રંગીન પેન્સિલ ઘસીને તેમનું પોત મેળવો. ત્યારબાદ તે કાગળમાંથી વિવિધ આકારો કાપીને કાગળ પર ચોંટાડો અને તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને તેમાંથી સુંદર નકશી અથવા ચિત્ર તૈયાર કરો. નીચેનું નમૂના ચિત્ર જુઓ. માત્ર વિવિધ પોતનો ઉપયોગ કરવાથી પણ ચિત્રની સુંદરતામાં ઘણો વધારો થાય છે.





- પોતનિર્મિતિ અંગે જૂથચર્ચા કરાવવી અને વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને અવકાશ આપવો.

CG –3
C–3.1
LO–04AE14
LO–04AE15

## કૃતિ કરીએ!

મોટા થડવાળા ઝાડનું ચિત્ર દોરો. ઝાડનાં પાંદડાં, શીંગના ફોતરા, રંગોળી, માટી, સળીમાંથી કઈ વસ્તુનો ઉપયોગ કરવાથી ઝાડના થડનો સ્પર્શ અનુભવાશે તે ઓળખો. તમારી ચિત્રકામની નોટબુકમાં આ કૃતિ કરો.

## નૈસર્ગિક ઘટકોનો ઉપયોગ કરીને નકશી તૈયાર કરીએ.

વિવિધ નૈસર્ગિક ઘટકોનો ઉપયોગ કરીને મુક્તપણે નકશી તૈયાર કરીએ. ઉદા. શંખ, છીપલાં, ફૂલ-પાન, પથ્થર વગેરે.







તમારા પરિસરના નૈસર્ગિક ઘટકોનો ઉપયોગ કરીને તમે પણ એક સુંદર નકશી તૈયાર કરી, તમારા શિક્ષકને બતાવો.

## શુભેચ્છા કાર્ડ બનાવીએ.

બજારમાંથી શુભેચ્છા કાર્ડ ખરીદવા કરતાં આપણે પોતે બનાવેલું કાર્ડ મિત્રોને ભેટ આપીએ તો તેમને વધુ આનંદ થાય છે.

- વિદ્યાર્થીઓને નિસર્ગમાંથી મળતા વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને સુશોભન કરવા પ્રેરિત કરવા.
- વિદ્યાર્થીઓની ભૂલો બતાવવાને બદલે તેમને નવા નવા પ્રયોગો કરવા પ્રોત્સાહિત કરવા.

CG -3
C- 3.2
LO-04AE16
LO-04AE17

નૈસર્ગિક ઘટકોનો ઉપયોગ કરીને મિત્રો/સખીઓને શુભેચ્છા આપવા માટે નકશી કરીને શુભેચ્છા કાર્ડ બનાવીએ.

આ માટે ઝાડનાં પાંદડાં, નાની ડાળીઓ, આંગળીઓની છાપ, કાગળના ટુકડાં વગેરેનો ઉપયોગ કરી શકાય.

એક જાડો કાગળ લો. તેના પર નમૂના ચિત્રમાં દર્શાવ્યા મુજબ ઝાડનાં પાંદડાં, સળીઓ જેવા ઘટકો ચોંટાડીને સુંદર શુભેચ્છા કાર્ડ તૈયાર કરો.

**ધ્યાનમાં રાખો :** કૃતિ કરતી વખતે ઝાડ પરથી ખરી ગયેલાં વિવિધ રંગોના પાંદડાંનો ઉપયોગ કરવો.









- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ સાધન-સામગ્રીનો ઉપયોગ કરવાની ટેવ પાડવી.
- કોઈ ચોક્કસ સાહિત્ય જ જોઈએ, એવો આગ્રહ રાખવો નહીં.

CG -1/3
C- 1.1/3.2
LO-04AE03
LO-04AE16

### ચાલો, રંગો સાથે રમીએ!

આજે આપણે રંગોનો એક જાદુ જોઈશું. આ કૃતિ દ્વારા તમે ખૂબ જ સુંદર અને આકર્ષક નકશી તૈયાર કરી શકશો.

• સૌપ્રથમ એક કોરો કાગળ લો. તેને વચ્ચેથી વાળી તેની ઘડી કરો. હવે કાગળ ખોલો. કાગળની એક બાજુ પર તમને ગમતા રંગના નાના-મોટા ટીપાં પાડો. ત્યારબાદ કાગળને ફરીથી ધીમેથી વાળો અને તેના પર હળવા હાથે દબાણ આપી, કાગળને ધીમે ધીમે ખોલીને જુઓ. વાહ! કેવું આશ્ચર્ય! કાગળની બંને બાજુએ એકસરખી અને સુંદર નકશી તૈયાર થયેલી જોવા મળશે.

• આ જ રીતે તમે વિવિધ રંગોનો ઉપયોગ કરીને નવા નવા પ્રયોગો કરો. તમને રંગોનું એક અનોખું પોત જોવા મળશે. આ સુંદર નકશીનો ઉપયોગ કરીને તમે તમારા મિત્રો માટે સુંદર શુભેચ્છા કાર્ડ પણ બનાવી શકો છો.



## મારી કૃતિ

૧) કાગળની થેલી બનાવી, તેના પર તમે શીખેલી વિવિધ તકનીક, છાપનો ઉપયોગ કરીને સજાવટ કરો.
૨) વિવિધ નૈસર્ગિક તેમજ માનવસર્જિત વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર બુકમાર્ક અને શુભેચ્છા કાર્ડ બનાવો.
૩) પાંદડાં અને ફૂલોનો ઉપયોગ કરીને સુશોભન માટે સુંદર રંગોળી બનાવો.

• કાગળ પર વિવિધ રંગોના ટીપાં પાડી ઉપર જણાવેલી રીત મુજબ વિદ્યાર્થીઓ પાસે સુંદર કલાકૃતિ તૈયાર કરાવવી.

CG -3
C-3.1
LO-04AE14
LO-04AE15

# ૨. અક્ષરની દુનિયામાં...

બાળમિત્રો, ચિત્રની જેમ જ આપણા અક્ષર પણ સુંદર હોવા જરૂરી છે. અક્ષરલેખન એટલે સ્વચ્છ, સ્પષ્ટ, સુવાચ્ય લેખનની કલા. પરંતુ તેના માટે મહાવરો ખૂબ મહત્વપૂર્ણ છે.

મુક્ત હાથે રેખાઓ દોરવાથી હાથ પર નિયંત્રણ વધે છે અને સુંદર અક્ષર લખવામાં મદદ મળે છે.

**'રેખાઓ અને અક્ષરોનો મહાવરો કરીએ'**







બે લીટીવાળી નોટબુકમાં આપેલી વિવિધ રેખાઓ દોરવાનો મહાવરો કરો.

ચાર લીટીવાળી નોટબુકમાં અંગ્રેજી મૂળાક્ષરો અને અંકો લખવાનો મહાવરો કરો.

અગાઉના ધોરણમાં આપણે મરાઠી અક્ષરોના અવયવો, વળાંકો અને લખાણનો અભ્યાસ કર્યો છે. આ વર્ષે જોડાક્ષર ધરાવતા શબ્દો લખવાનો અભ્યાસ કરીએ. સામે આપેલા શબ્દો જુઓ અને તમારી નોટબુકમાં તેનો મહાવરો કરો.




- વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રકારના અક્ષર લેખનનો મહાવરો કરાવવો.
- વિદ્યાર્થીઓને અક્ષરોના યોગ્ય વળાંકો અને અક્ષર લેખનના નમૂનાઓ પ્રત્યક્ષ બતાવવા.

CG -1
C- 1.2
LO-04AE05

## વિવિધ માધ્યમો દ્વારા અક્ષર લેખન કરીએ.

વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને અક્ષર લેખનનો મહાવરો કરીએ.

૧. તમારી આંગળી વડે હવામાં અક્ષર લખો અને તમારા મિત્રોને તે ઓળખવા કહો.
૨. રેતી અથવા માટી પર અક્ષરો લખો.
૩. પેન, પેન્સિલની મદદથી અક્ષર લેખનનો મહાવરો કરો.
૪. સ્કેચ પેન, રંગીન ચોકની મદદથી અક્ષર લેખન કરો.

પેન્સિલ લેખન →



પેન લેખન →



સ્કેચ પેન લેખન →



રંગીન ચોક લેખન →



## સુવિચાર પટ્ટીઓ બનાવીએ

આપણે વર્ગખંડમાં ઘણી વાર મોટા ચાર્ટ અથવા સુવિચાર પટ્ટીઓ લગાવેલી જોઈએ છીએ. તેના પર લખાયેલા અક્ષરો મોટા અને સુવાચ્ય હોવા જરૂરી છે. આવું આકર્ષક સાહિત્ય કેવી રીતે તૈયાર કરવું, તે માટેની નીચેની કૃતિ સમજીએ અને તેનો મહાવરો કરીએ.

૧. એક ઓઈલપૅસ્ટલ કલર લો અને તેને ત્રાંસો કાપો.
૨. ઓઈલપૅસ્ટલ કલરને હાથમાં પકડીને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે લખવાનો અભ્યાસ કરો.
૩. મહાવરા બાદ વર્ગ માટે સુંદર અક્ષર લેખન કરી સુવિચાર પટ્ટી અથવા ચાર્ટ તૈયાર કરો.








- વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને અક્ષર લેખનનો મહાવરો કરાવવો.

CG -1
C- 1.2
LO-04AE05
LO-04AE06

મ

## અક્ષર દોરો અને શણગારો!

તમારા નામનો પ્રથમ અક્ષર લખી, તમને ગમતા માધ્યમથી સુંદર રીતે શણગારો. તેના માટે દોરી, પાન-ફૂલ, બીજ, રંગોળી, મણકા, સૂતળી અથવા તમને ગમતા સાહિત્યનો ઉપયોગ કરો










## મુક્તહસ્ત રેખાંકન

- અંક-અક્ષરની રચના કરીએ
- રેખાની ડાબી બાજુએ આપેલો આકાર જોઈ, જમણી બાજુએ દોરો અને રંગ પૂરો.



- અક્ષરના આકાર, ઊંચાઈ અને અંતરનું પ્રાત્યક્ષિક કરી બતાવવું.

CG -1
C- 1.2
LO-04AE07

## અક્ષરો અને અંકોમાંથી ચિત્ર દોરીએ!

**અક્ષરો અને અંકોનો ઉપયોગ કરીને ચિત્ર દોરીએ.**

**૧. નીચેના વાક્યો પ્રમાણસર લખવાનો મહાવરો કરીએ.**

- મારા અક્ષર જ મારી ઓળખ છે.

  ..........................................................................................

- નિસર્ગ આપણો ગુરુ છે.

  ..........................................................................................

- ભારત મારો દેશ છે.

  ..........................................................................................

- INDIA IS MY COUNTRY.

  ..........................................................................................

- SAVE TREES, SAVE EARTH.

  ..........................................................................................

## મારી કૃતિ

૧) પાઠ્યપુસ્તકમાંથી કોઈપણ એક પરિચ્છેદ/કવિતા પેન, પેન્સિલ અથવા સ્કેચ પેનમાંથી કોઈપણ એક સાધન વડે લખો.
૨) શુભેચ્છા કાર્ડ બનાવી તેમાં યોગ્ય શુભેચ્છા સંદેશ લખો.
૩) એક સૂત્ર લખીને પટ્ટી તૈયાર કરો.
૪) ફલક પર મોટા, સુંદર અક્ષરોમાં સુવિચાર લખો.

- સુંદર અને સ્પષ્ટ અક્ષર લેખન માટે વિદ્યાર્થીઓને પેન્સિલ યોગ્ય રીતે પકડવાની ટેવ પાડવી.
- પૂરતો મહાવરો કરાવવો. વિદ્યાર્થીઓને ફલકલેખન માટે પ્રેરિત કરવા.
- વિવિધ શૈલીઓમાં અક્ષરલેખન કરવાનો પ્રયાસ કરવા પ્રેરિત કરવા.

CG -1
C- 1.2
LO-04AE05
LO-04AE06

# ૩. વસ્તુઓની દુનિયામાં

વસ્તુચિત્ર એટલે આપણા પરિસરમાં જોવા મળતી વસ્તુઓનું નિરીક્ષણ કરીને તેનું આબેહૂબ ચિત્ર દોરવું. ફૂલ, ફળ, વાસણ, રમકડાં અથવા શાલેય વસ્તુઓના ચિત્રો દોરી શકાય છે. વસ્તુચિત્ર દોરતી વખતે વસ્તુનો આકાર, પ્રમાણ, રંગ, પ્રકાશ, છાયા અને પોત પર ધ્યાન આપવું જરૂરી છે. વસ્તુનું ચિત્ર દોરતી વખતે યોગ્ય રંગોનો ઉપયોગ કરવાથી ચિત્ર વધુ સુંદર બને છે.

વસ્તુચિત્રના મહાવરાથી નિરીક્ષણશક્તિ અને આત્મવિશ્વાસ વધે છે.

## આકારોમાંથી વસ્તુનું ચિત્ર દોરીએ.

અપણે રેખાઓમાંથી આકાર બનાવતા શીખ્યા છીએ. હવે નીચેની કૃતિ દ્વારા મૂળ આકારમાંથી રોજિંદા ઉપયોગની વિવિધ વસ્તુઓના ચિત્રો બનાવતા શીખીએ.

નીચે આપેલા એક અથવા એકથી વધુ આકારોનો ઉપયોગ કરીને શક્ય તેટલી વધુ વસ્તુઓના ચિત્રો તૈયાર કરો.





- વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ વસ્તુઓ બતાવવી, વસ્તુનું નિરીક્ષણ કરી તેમના આકારો ઓળખવા કહેવું.
- સરળ આકાર ધરાવતી વસ્તુઓના રેખાંકનથી શરૂઆત કરાવવી.

CG -2
C- 2.1
LO-04AE09

## આસપાસની વસ્તુઓનું રેખાંકન કરીએ



• તમારા દફતરમાં રહેલી કોઈપણ બે વસ્તુઓનું રેખાંકન કરો અને તેમાં રંગ પૂરો.

તમારા દફતરની વસ્તુઓની યાદી બનાવો અને નીચે આપેલી જગ્યામાં તેમાંની કોઈપણ બે અથવા ત્રણ વસ્તુઓનું પ્રત્યક્ષ રેખાંકન કરો. તે વસ્તુઓ કયા મૂળ આકાર સાથે મળતી આવે છે, તે પણ જણાવો.

વસ્તુઓનું રેખાંકન કરતી વખતે કોઈપણ યાંત્રિક સાધનનો ઉપયોગ કરશો નહીં.

## વસ્તુઓના આકારમાં રહેલો તફાવત ઓળખીએ

- ચિત્રમાં દર્શાવેલી વસ્તુઓના નામ ઓળખો.
- સૌથી મોટી વસ્તુ કઈ છે?
- ચિત્રમાં સમાન દેખાતી વસ્તુઓનાં નામ જણાવો.
- કઈ વસ્તુઓ ગોળાકાર દેખાય છે?
- બાલદી અને ખોખામાં  શું તફાવત છે?
- સફરજન અને દડામાં શું સામ્ય દેખાય છે?
- ઉપર દર્શાવેલું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.



- વિદ્યાર્થીઓને રોજિંદા ઉપયોગની વસ્તુઓનું નિરીક્ષણ કરીને, ચિત્રો દોરવા પ્રેરિત કરવા.
- વર્ગમાં પ્રત્યક્ષ વસ્તુઓ (ફળ, વાસણ, રમકડાં) ગોઠવીને નિરીક્ષણના આધારે ચિત્ર દોરવા કહેવું.

CG –2
C– 2.1/2.2
LO–04AE10
LO–04AE11
LO–04AE12

## વસ્તુઓનું રેખાંકન કરીએ

આપણને નિસર્ગમાંથી મળતા ઘટકોને 'નૈસર્ગિક ઘટક' કહીએ છીએ, જ્યારે કેટલીક વસ્તુઓ માનવ પોતે બનાવે છે, તેને 'માનવનિર્મિત વસ્તુઓ' કહેવાય, તે આપણે અગાઉના ધોરણમાં શીખ્યા છીએ.

- તમારી પસંદગી મુજબ નૈસર્ગિક અને માનવનિર્મિત વસ્તુઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને તમારી નોટબુકમાં તેનું રેખાંકન કરો.

  ઉદાહરણ : બાલદી, મગ, ગ્લાસ, દડો, ઝાડનું પાન, ફૂલ, નાળિયેર, કેળું વગેરે.



## મારી કૃતિ

૧) ઘરમાં રહેલી કોઈપણ બે વસ્તુઓને ગોઠવી, તેમનું ચિત્ર દોરી તેમાં યોગ્ય રંગ પૂરો.

૨) પરિસરની કોઈપણ પાંચ વસ્તુઓનું અલગ-અલગ રેખાંકન કરો.

- સૌ પ્રથમ પેન્સિલથી આછું રેખાંકન કરી, તેમાં રંગ પૂરવાનો ક્રમ રાખવો.
- વિદ્યાર્થીઓને વિવિધ એંગલથી વસ્તુ જોવા કહેવું.
- ચિત્રમાં રહેલી નાની-નાની વિગતો ધ્યાનમાં રાખવાની ટેવ પાડવી.

CG -2
C- 2.1/2.2
LO-04AE10
LO-04AE12

# ૪. મારું ચિત્ર અને મારી કલ્પના

**રેખાંકન:** રેખાંકન એટલે રેખાની મદદથી ચિત્ર દોરવાની શરૂઆત કરવી. આપણે જોયેલી ઘટના, પ્રસંગ યાદ કરીને તેનું ચિત્ર દોરવામાં રેખાંકન મદદરૂપ બને છે. રેખાંકનના કારણે ચિત્રમાં આવેલા ઘટકોની યોગ્ય ગોઠવણી, આકાર અને પ્રમાણ જાળવી શકાય છે. તેથી ચિત્રની રૂપરેખા સ્પષ્ટ અને સમજવી સરળ બને છે. શરૂઆતમાં હળવી રેખાઓ દોરવાથી ભૂલ સુધારવી પણ સરળ બને છે.

સ્મૃતિચિત્ર અને કલ્પનાચિત્ર દોરવા માટે રેખાંકનનો અભ્યાસ ખૂબ જરૂરી છે.

**સ્મૃતિચિત્ર :** આપણે જોયેલી, સાંભળેલી ઘટના, પ્રસંગ, અનુભવ અથવા કોઈ સ્મૃતિને આધારે દોરેલા ચિત્રને 'સ્મૃતિચિત્ર' કહેવાય છે.

- જેમ કે, પુસ્તકમાં આપેલી કોઈ વાર્તાના આધારે પ્રસંગચિત્ર દોરવું.

## સ્મૃતિને આધારે ચિત્ર દોરીએ

- શાળામાં આવતી વખતે તમને કયું ઝાડ દેખાયું? નિસર્ગમાં કયા-કયા ઘટકો જોવા મળ્યા? પરિસરના વૃક્ષો કેવા હતા? ઝાડ પર શું-શું દેખાયું? તે જ રીતે પરિસરના લોકોની હિલચાલ પણ તમે જોઈ છે. તમારી નોટબુકમાં પેન્સિલથી આમાંના મુખ્ય ઘટકોના રેખાંકનનો મહાવરો કરો.







- દરેક વિદ્યાર્થીના ચિત્રની પ્રશંસા કરીને તેમનો આત્મવિશ્વાસ વધારવો.

CG -1
C- 1.1
LO-04AE01

## સ્મૃતિને આધારે ચિત્ર દોરો.

| જૂથ 'અ' | જૂથ 'બ' | જૂથ 'ક' |
|---|---|---|
| **નૈસર્ગિક ઘટક**<br>પાન, ફૂલ, પક્ષી, ઝાડ, નદી, ડુંગર, વરસાદ | **પારંપરિક ઘટક**<br>તહેવારો, ઉત્સવો, પરંપરાગત રમતો, રંગોળી, તોરણ | **આધુનિક ઘટક**<br>સંગણક, ટીવી, મોબાઇલ, પાર્ક, મેટ્રો |

- ઉપરના કોઈપણ એક જૂથમાંથી કેટલાક ઘટક પસંદ કરી, તેને યાદ કરીને તમારી નોટબુકમાં સ્મૃતિચિત્ર દોરો.
- પસંદ કરેલા ઘટકનું પેન્સિલથી આછું રેખાંકન કરો.
- ચિત્રની ગોઠવણી કાગળમાં શોભે એ રીતે ચિત્ર રચના કરો. પસંદ કરેલા ઘટકની નાની-નાની વિગતો દર્શાવવાનો પ્રયત્ન કરો અને પછી ચિત્રમાં રંગ પૂરો..

## જોયેલા દશ્યોના આધારે ચિત્ર દોરીએ

- પરિસરમાં જોયેલા દશ્યને યાદ કરી, તેમાં રહેલી નાની-નાની વિગતોનું રેખાંકન કરો. ઘર અથવા શાળાના પરિસરમાં તમે તમારા મિત્રો સાથે વિવિધ રમતો રમતા હો, એવો પ્રસંગ

યાદ કરીને ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

## પ્રસંગના વર્ણન અનુસાર ચિત્ર દોરીએ

- અજય બગીચામાં ગયો. ત્યાં તેણે ઊંચા અને ઘેઘૂર ઝાડની ડાળ પર બેસીને ફળ ખાતું એક પક્ષી જોયું. આસપાસ રંગબેરંગી ફૂલો ખીલ્યાં હતાં. તે ફૂલો પર રંગીન પતંગિયાં આનંદથી ઊડી રહ્યાં હતા.

આ પ્રસંગના આધારે તમારી નોટબુકમાં ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

- વિદ્યાર્થીઓને તેમના પોતાના અનુભવના આધારે પ્રસંગચિત્ર દોરવા પ્રેરિત કરવા.
- યોગ્ય કે અયોગ્યના બંધન વિના વિદ્યાર્થીઓને મુક્તપણે ચિત્ર દોરવાની તક આપવી.

CG -1
C- 1.1
LO-04AE01
LO-04AE04

## કલ્પનાચિત્ર

આંખોને જે દેખાય છે, તેની પેલે પાર જઈને મનમાં જે સુઝે, તેને દશ્ય સ્વરૂપમાં રજૂ કરવું એટલે 'કલ્પનાચિત્ર'. કલ્પનાચિત્ર દ્વારા નવીન કલ્પનાશક્તિ અને વિચાર કરવાની ક્ષમતા વધે છે. સાથે જ ચિત્રકળા પ્રત્યે રુચિ અને આત્મવિશ્વાસ પણ વધે છે. તેથી કલ્પનાચિત્ર, ચિત્રકળાની મહત્વપૂર્ણ અને આનંદદાયક પ્રક્રિયા છે.

કલ્પનાચિત્ર દોરતી વખતે નવીન કલ્પનાઓ કરવી જોઈએ. જેમ કે ઉડતી સાઇકલ, ચંદ્ર પર આવેલી શાળા વગેરે. આપણને ગમતી કલ્પનાને રેખાઓ અને રંગોની મદદથી કાગળ પર કલ્પનાચિત્ર સ્વરૂપે રજૂ કરી શકાય છે.

## ચાલો, કલ્પના મુજબ ચિત્ર દોરીએ

ઉદાહરણ : આકાશમાં ઘર, સપનાનું ગામ, મને પાંખો હોત તો..., રંગબેરંગી વાદળો વગેરે.





- **કલ્પના કરો અને ચિત્ર દોરો**

  ૧. તમારી કલ્પના મુજબ અસ્તિત્વમાં ન હોય એવા નવા પ્રાણીનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.

  ૨. 'ચંદ્ર પરની સહેલ' વિશે કલ્પના કરીને કાગળ પર ચિત્ર દોરો.

- વર્ગમાં વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને અવકાશ મળે તેવું વાતાવરણ નિર્માણ કરવું.

CG- 1
C- 1.1
LO-04AE02
LO-04AE13

## મારી કૃતિ

૧. બજારમાં જોયેલા એકાદ પ્રસંગનું ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

૨. 'પતંગ ઉડાડતા બાળકો' વિષય પર સ્મૃતિચિત્ર દોરો.

૩. ચિત્રકામની બુકમાં 'રોબોટ સાથે રમતા' એવી કલ્પના કરીને ચિત્ર દોરો.

૪. ચિત્રકામની બુકમાં ' 'ચોકલેટનું ઘર' વિશે કલ્પના કરીને ચિત્ર દોરો.

૫. ચિત્રકામની બુકમાં હવામાં ઉડતી ગાડીઓની કલ્પના કરીને ચિત્ર દોરો.

- વિદ્યાર્થીઓને સમજાવવું કે કોઈપણ કલ્પના ખોટી હોતી નથી.
- કલ્પના ચિત્ર દોરતી વખતે ભૂલો બતાવવી નહિ. કલ્પનાશક્તિને પ્રોત્સાહન આપવું. ચિત્રની પ્રશંસા કરવી.

CG- 1/2
C- 1.1/2.2
LO-04AE01
LO-04AE02
LO-04AE04
LO-04AE13

# ૫. ત્રિપરિમાણીય કલાકૃતિ...

શિલ્પકલા એટલે માટી, કાગળ, લાકડું અથવા અન્ય માધ્યમોનો ઉપયોગ કરીને ત્રિપરિમાણીય કલાકૃતિ બનાવવાની કલા. શિલ્પકલાથી નિર્મિત વસ્તુનો આનંદ દરેક બાજુથી માણી શકાય છે. આવી વસ્તુઓને લંબાઈ, ઊંચાઈ, પહોળાઈ અને જાડાઈ હોય છે, તેથી તેમને 'ત્રિપરિમાણીય વસ્તુ' અથવા 'શિલ્પ' કહેવાય છે.

શિલ્પકલામાં માટીના માધ્યમથી આપણે પ્રાણીઓ, ફળ, ફૂલ જેવી વિવિધ વસ્તુઓ બનાવી શકીએ છીએ. ત્રિપરિમાણને કારણે વસ્તુઓના આકાર અને રચનાને સમજવું સરળ બને છે. માટે જ શિલ્પકલા આપણા માટે આનંદદાયક અને ઉપયોગી કલા છે.

**ઉપલબ્ધ માટી (ક્લે)માંથી પ્રતીકાત્મક ચિહ્ન બનાવીએ.**

૧. સૌ પ્રથમ નરમ અને સ્વચ્છ માટી લો.
૨. માટીને હાથેથી સારી રીતે મસળીને નરમ બનાવો.
૩. કોઈ સરળ પ્રતિકાત્મક ચિહ્ન પસંદ કરો. દા.ત. સૂર્ય, વૃક્ષ, પુસ્તક, માછલી.
૪. માટીનો નાનો ગોળો બનાવી તેને હાથ અથવા સાધનની મદદથી આકાર આપો.
૫. પસંદ કરેલા ચિહ્ન મુજબ માટીને દબાવી અથવા વાળીને યોગ્ય આકાર તૈયાર કરો.
૬. તૈયાર કરેલા ચિહ્ન પર આંગળી અથવા સળીની મદદથી નાની વિગતો દર્શાવો.
૭. તૈયાર થયેલા ચિહ્નને કાળજીપૂર્વક સપાટ પૃષ્ઠભાગ પર સૂકવવા મૂકો.
૮.માટીનું ચિહ્ન સુકાઈ જાય પછી તેના પર રંગ કરીને તેને વધુ આકર્ષક બનાવો.

આ કૃતિ દ્વારા કલ્પનાશક્તિ, સર્જનાત્મકતામાં અને હસ્તકૌશલ્ય વિકસે છે.






- વિદ્યાર્થીઓના હસ્તકૌશલ્યને પ્રોત્સાહન આપવું.
- સરળ આકારોથી શરૂઆત કરીને વસ્તુઓ બનાવતા શીખવવી.

CG –3
C– 3.2
LO–04AE17
LO–04AE18

## નૈસર્ગિક ઘટકોની કલાત્મક વિશેષતા-

ચિત્ર અથવા શિલ્પ બનાવતા પહેલાં આપણે પરિસરના નૈસર્ગિક તેમજ ભૌતિક ઘટકોનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. નિરીક્ષણ દ્વારા નૈસર્ગિક ઘટકોની કલાત્મક વિશેષતાની નોંધ લેવી જરૂરી છે. જેમ કે, પાણીની લહેરો-લયબદ્ધ, વૃક્ષ-ઘટાદાર, અશોકનું વૃક્ષ-શંકુ જેવા આકારનું, નીચે પહોળું તથા ઉપર જતાં પાતળું થતું જાય છે. સૂર્ય-ઉત્સર્જન, પ્રખરતા વગેરે. આ જ રીતે અન્ય નૈસર્ગિક ઘટકોની કલાત્મક વિશેષતા વિશે ચર્ચા કરો.

## ઉપલબ્ધ સાધન વડે પ્રતિકૃતિ બનાવીએ

એક નાનું ગામ, બગીચો, ઘર વગેરેમાંથી કોઈ એકની પ્રતિકૃતિ તૈયાર કરીએ. (ઉદા: ઝાડનાં પાંદડા, ડાળીઓ, ઘર બનાવવા માટે ખાલી ખોખાં, રસ્તા અથવા સજાવટ માટે પથ્થર, રેતી વગેરેનો ઉપયોગ કરી શકાય.)








- વિદ્યાર્થીઓમાં હાથથી કામ કરવાની ટેવ વિકસાવવી.
- સુરક્ષા અંગે સાવધાની રાખીને સાધનોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવવું.
- નૈસર્ગિક ઘટકોનું નિરીક્ષણ કરીને, જોયેલા નૈસર્ગિક ઘટકોની કલાત્મક વિશેષતા અંગે ચર્ચા કરવાની તક આપવી.

CG-3
C- 3.2
LO-04AE17
LO-04AE18
LO-04AE19

## ત્રિપરિમાણીય કલાકૃતિઓની દુનિયામાં

આપણા પરિસરમાં આપણે વિવિધ પ્રકારની ત્રિપરિમાણીય રચનાઓ જોઈએ છીએ.

• દૈનિક ઉપયોગમાં આવતી નાની-નાની વસ્તુઓનો ઉપયોગ કરીને બનાવેલી ત્રિપરિમાણીય રચનાઓ જુઓ અને તેમની યાદી બનાવો.





**તમારા ઘર અથવા પરિસરમાં જોયેલી કોઈપણ ચાર ત્રિપરિમાણીય રચનાઓનાં નામ લખી, તેમનું વર્ણન કરો.**

૧) ........................................ ૨) ........................................

૩) ........................................ ૪) ........................................

## નૈસર્ગિક સાહિત્યમાંથી કલાકૃતિ

પર્યાવરણપૂરક સાહિત્ય એટલે નિસર્ગને હાનિ ન પહોંચાડનાર ઘટક અને વસ્તુ.

• ચાલો, નૈસર્ગિક સાહિત્યનો ઉપયોગ કરીને વિવિધ રચનાઓ બનાવીએ.

ઉદાહરણ: પાંદડાં, ફૂલો, બીજ, ઝાડની સુકાઈ ગયેલી ડાળીઓ, રંગોળી, પથ્થર, માટી વગેરે.







ઉપર મુજબ તમારા પરિસરમાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને જુદીજુદી કલાકૃતિઓ તૈયાર કરો.

- પ્રત્યક્ષ વસ્તુઓ બતાવીને ત્રિપરિમાણીય આકારની સંકલ્પના સ્પષ્ટ કરવી.
- વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તેમણે બનાવેલી વસ્તુઓનું પ્રદર્શન આયોજિત કરવું.

CG -3
C- 3.2
LO-04AE17

## ચાલો, ત્રિપરિમાણીય અક્ષર બનાવીએ.

- માટીમાંથી તમારા નામનો પ્રથમ અક્ષર બનાવો.








## મારી કૃતિ

૧. નૈસર્ગિક ઘટકોનો ઉપયોગ કરીને રંગોળી બનાવો.
૨. પરિસરમાં ઉપલબ્ધ માટીનો ઉપયોગ કરીને પોતાની પસંદગી મુજબ દાગીના બનાવો.
૩. પરિસરના પર્યાવરણપૂરક ઘટકોનો ઉપયોગ કરીને એક આકર્ષક ત્રિપરિમાણીય રચના બનાવો.
૪. માટીમાંથી વાહનવ્યવહારના નિયમોના ચિહ્નો બનાવો.
૫. માટીમાંથી કોઈ એક પ્રાણી અથવા પક્ષી બનાવો.

- સંગ્રહિત વસ્તુઓના નમૂનાઓ પ્રત્યક્ષ બતાવવા. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને પ્રોત્સાહન આપવું. સરળ વસ્તુઓથી શરૂઆત કરવી. સ્વચ્છતા અને સુરક્ષિતતાનું ધ્યાન રાખવું.

CG -3
C-3.2
LO-04AE18



# રંગમંચ

# ૬. ચાલો, અભિનય કરીએ

આપણે આપણી આસપાસ અનેક અવાજો સાંભળીએ છીએ. તમે શેના શેના અવાજો સાંભળ્યા છે? પશુ-પક્ષીઓના, માણસોના અવાજો આપણે સાંભળ્યા છે. હવે આ ઓડિયોસીડીમાં કેટલાક લોકોના અવાજો સાંભળો. થોડો સમય આંખો બંધ કરો.

''કાંદા-બટાટા-કોથમીર... તાજી મેથી...લો..!''

''રદ્દી... પેપર... જૂનું લોખંડ દઈ દો... જૂનો ભંગાર દઈ દો...!''

''ટીન... ટીન... ટીન... કુલ્ફી લો કુલ્ફી... ઠંડી મલાઈ કુલ્ફી...!''

''બાળકો, આંખો ખોલો અને કહો, તમારા પરિસરમાં આવા અવાજો ક્યારે આવે છે? આ અવાજો કોના હોય છે?''

એકદમ બરાબર, આ અવાજો વિવિધ વ્યવસાય કરતા લોકોના હોય છે.

**હવે થોડું વિચારીએ.**

૧. શાકભાજી વેચનાર કેવી રીતે બૂમ પાડે છે?

૨. રદ્દીવાળો કેવી રીતે બૂમ પાડે છે?

૩. કુલ્ફીવાળાના અવાજ સાથે ઘંટડીનો અવાજ આવે છે કે નહીં?

દરેક વ્યવસાય કરનાર વ્યક્તિનો અવાજ અને બોલવાની રીત જુદીજુદી હોય છે. તેમની બૂમ પાડવાની રીત પણ અલગ હોય છે. આપણે તેમના અવાજ પરથી તેમને ઓળખી શકીએ છીએ.

**ચાલો, નકલ કરીએ!**

કોઈપણ વ્યવસાય કરનાર વ્યક્તિની નકલ કરતી વખતે તેના વ્યવસાય, પહેરવેશ અને અવાજનો વિચાર કરવો પડે છે. જેમ કે, શાકભાજી વેચનારની નકલ કરતી વખતે, ભાજીવાળી બાઈ માથે 'ટોપલી' રાખીને 'શાક લો... તાજું તાજું શાક...!' ની બૂમો પાડે છે, તે આપણે જાણીએ છીએ. માટે નકલ કરતી વખતે આપણે પણ ભાજીવાળીની જેમ જ માથે ટોપલી મૂકી 'શાક લો... તાજું તાજું શાક...!' એવી બૂમો પાડવી જોઈએ.

ચાલો, હવે આપણે શાકભાજી વેચનારની નકલ કરીએ.

વાહ! બધાએ ખૂબ સરસ નકલ કરી.

- વિદ્યાર્થીઓને હૂબહૂ અવાજ કાઢીને અભિનય કરવાની તક આપવી.
- દરેક વિદ્યાર્થીએ ભાગ લઈને, તેમણે પોતાના નિરીક્ષણના આધારે કરેલા અભિનયની પ્રશંસા કરવી.
- પ્રથમ પાનાં પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરીને દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિષયનું સ્પષ્ટીકરણ કરવું.

CG – 1
C – 1.2
LO–04AE23

હવે તમે નીચે આપેલા વ્યવસાયિકોની નકલ કરી જુઓ.








**ચિત્રમાં દર્શાવેલી વ્યક્તિઓના અવાજની નકલ કરો.**

વિવિધ વ્યવસાય કરતા લોકોના અવાજમાં આવતાં ચઢાવ-ઉતારનો મહાવરો કરીને વર્ગ સમક્ષ રજૂઆત કરો. રજૂઆતને વધુ સારી બનાવવા માટે બીજું શું કરી શકાય, તે અંગે સૌ ચર્ચા કરો. ત્યારબાદ ફરીથી રજૂઆત કરો.

**કોનો અવાજ છે?**

**ચાલો, એક રમત રમીએ!**

એક વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીનીએ આંખો બંધ કરીને ઊભા રહેવું. તેની પાછળ બીજા એક વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીનીને ઊભા રાખો. પાછળ ઊભેલો વિદ્યાર્થી/વિદ્યાર્થીની પરિસરના કોઈ એક વ્યવસાયિકનો માત્ર અવાજ કાઢશે. આગળ આંખો બંધ કરીને ઊભેલો વિદ્યાર્થી, આ અવાજ કોનો છે તે ઓળખશે અને અવાજ કાઢનાર પોતાના મિત્રને પણ ઓળખશે. જો તે ઓળખી ન શકે, તો તેને વધુ બે તક આપો. તેમ છતાં ઓળખી ન શકે, તો તેણે શિક્ષક કહે તેની નકલ કરીને બતાવવાની રહેશે.

- બાળકોની રજૂઆતની પ્રશંસા કરીને તેમનો આત્મવિશ્વાસમાં વધારવો. તેમના અવાજમાં આવતા ચઢાવ-ઉતાર તરફ ધ્યાન દોરવું.

CG – 1/2
C – 2.1/1.2
LO–04AE24/28

## નિરીક્ષણના આધારે વર્ણન કરીએ

શું આપણે આપણા ઘરના સભ્યોના અવાજ અથવા તેમના હલનચલન પરથી તેઓ ગુસ્સામાં છે કે આનંદમાં છે તે જાણી શકીએ, ખરું ને! પ્રાણી અથવા પક્ષીઓ ગુસ્સામાં છે કે આનંદમાં તે સમજવા માટે હવે આપણે એવી દુનિયામાં જઈશું, જ્યાં માણસો નહીં પરંતુ પ્રાણીઓ વાત કરે છે! પ્રાણીઓ તો બોલતા જ નથી! બિલકુલ સાચું. તેમ છતાં, તેમના હલનચલન અને અવાજ પરથી આપણે સમજી શકીએ છીએ કે તેઓ ગુસ્સામાં છે કે આનંદમાં.

**હવે નીચે આપેલાં ચિત્રો જુઓ.**



ચિત્રો જોઈ તેમાં દર્શાવેલા પ્રસંગો વિશે વિચાર કરો અને કોઈપણ સંવાદ બોલ્યા વગર માત્ર હાવભાવ અને હલનચલન દ્વારા પ્રસંગ રજૂ કરો. આવા અભિનયને 'મૂક અભિનય' કહેવાય.

### ચાલો, અભિનય કરીએ!

૧. મૂક અભિનય માટે બેથી ત્રણ પ્રાણી અથવા પક્ષીઓના વીડિયો જોઈ તેમના હલનચલનનો મહાવરો કરો.

૨. નીચેના મુદ્દાઓના આધારે શાળાની તૈયારીનો પ્રસંગ મૂક અભિનય દ્વારા રજૂ કરો.

- દફતરમાં નોટબુક અને પુસ્તકો મૂકવા-વાળ ઓળવા-નાસ્તાનો ડબ્બો લેવો-પાણીની બાટલી ભરવી-પગમાં બૂટ અથવા ચપ્પલ પહેરી શાળાએ જવા નીકળવું.

- વિવિધ પ્રાણી-પક્ષીઓના હલનચલનની નકલ કરવાની તક આપવી.મૂક અભિનય દ્વારા એમનું હલનચલન રજૂ કરવા પ્રેરિત કરવા.
- ડમસરાઝ જેવી વિવિધ રમતો, ચિત્રવાંચન અથવા પારિવારિક પ્રસંગોના આધારે મૂક અભિનય કરાવવો.

CG -1
C - 1.1
LO-04AE22

## ચાલો, રમત રમીએ!

### હું તારો અરીસો

બે-બે વિદ્યાર્થીઓની જોડીઓ બનાવો. એક વિદ્યાર્થી ‘અભિનેતા’ બનશે અને બીજો ‘અરીસો’ બનશે. અભિનેતા કોઈ એક કૃતિ કરશે. ‘અરીસો’ બનેલા મિત્રએ એ જ કૃતિ અને તે સમયના ચહેરા પરના હાવભાવ એકસાથે આબેહૂબ કરવાના રહેશે.

**નીચેનું ચિત્ર જુઓ. ચિત્રનું નિરીક્ષણ કરીને પાત્રો પસંદ કરો. કાગળના મહોરાંનો ઉપયોગ કરીને સંવાદ સાથે જૂથમાં રજૂઆત કરો.**

### જંગલના મિત્રોની સહેલ

(પાત્રો : વૃક્ષ, મોર, હાથી, સસલું, પવન, વરસાદ, પર્વત, સૂર્ય)









પર્વત : હું ઘણા વર્ષોથી અહીં અડગ ઊભો છું.

સૂર્ય : હું સૂર્ય છું. હું ઊગું ત્યારે બધે પ્રકાશ ફેલાય છે.

વૃક્ષ : હું મોટું વૃક્ષ છું. હું બધાને છાંયો આપું છું.

હાથી : મારી સૂંઢ વડે રસ્તામાં આવતા પથ્થર અને ડાળીઓ બાજુમાં મૂકીને સૌની મદદ કરું છું.

મોર : હું સુંદર પીંછા ફેલાવીને નાચું છું અને જંગલની સુંદરતા વધારું છું.

સસલું : હું ખૂબ ઝડપથી દોડું છું. મને ગાજર બહુ ભાવે છે!

પવન : હું ઠંડી લહેર લાવું છું. બધાને આનંદ આપું છું.

વરસાદ : હું પાણી આપું છું. તેથી જંગલ હરિયાળું રહે છે.

જંગલ : જંગલ આપણું છે અને આપણે બધા એકબીજાના મિત્રો છીએ.

- વિવિધ પ્રસંગના સંવાદ તૈયાર કરાવી મહોરાં સાથે જૂથમાં રજૂઆત કરવાની તક આપવી.
- પશુ-પક્ષીઓના અભિનય માટે વિવિધ પ્રકારના મહોરાં તૈયાર કરવા, વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.
- પશુ-પક્ષીઓના અવાજો અને તેમના હલન-ચાલનની હૂબહૂ નકલ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવું.

CG -3/4
C - 3.1/4.1
LO-04AE31/32/37

આ કૃતિ જન્મદિવસ માટે મળતા કાગળના મહોરાંના ઉપયોગથી કરી શકાય. જરૂર મુજબ કાગળ અથવા કાર્ડશીટમાંથી મહોરાં તૈયાર કરો.

મહોરાં પહેરીને પ્રાણી અને પક્ષીઓ પર આધારિત પસંદ કરેલી વાર્તા રજૂ કરો.

## મારી કૃતિ

- પાઠ્યપુસ્તકના કોઈપણ એક વિષય પર સંવાદ તૈયાર કરો. પાત્રોની પસંદગી કરો અને મહોરાં તથા વેશભૂષા સાથે જૂથમાં રજૂઆત કરો.
- તમારા પરિસરના વિવિધ વ્યવસાયિકોનું નિરીક્ષણ કરીને અભિનય કરો.
- વ્યવસાયિકો આધારિત પ્રસંગોની પસંદગી કરીને મૂક અભિનય રજૂ કરો.

# ૭. ચાલો, નાટકની તૈયારી કરીએ!

અત્યાર સુધી તમે ઘણી વાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હશે, ખરું ને? આપણે વર્ગમાં પણ પ્રાણી, પક્ષી અને પરિવારના સભ્યોના અવાજો તથા તેમના હલનચલનની નકલ અને મૂક અભિનયની રજૂઆત કરી છે. હવે આપણે કોઈ એક પ્રસંગની રજૂઆત કરવાના છીએ. તમે તૈયાર છો ને?

## રજૂઆતના તબક્કાઓ

પણ એ પહેલાં પ્રસંગની રજૂઆત માટેની તૈયારી કરવી જરૂરી છે. જેમ આપણે ઘરે અથવા શાળામાં કોઈ કાર્યક્રમ ઉજવવાનો હોય, ત્યારે સૌ સાથે બેસીને વિચારીએ છીએ કે-કાર્યક્રમ માટે કઈ કઈ સામગ્રીની જરૂર પડશે? કઈ તૈયારી કરવી પડશે? કોણ કયું કામ કરશે? કાર્યક્રમમાં કયા કપડાં પહેરવાના છે? આ રીતે આપણે પહેલેથી આયોજન કરીએ છીએ અને ત્યારબાદ કાર્યક્રમની તૈયારી શરૂ કરીએ છીએ. આયોજન મુજબ બધું સારી રીતે પાર પડે ત્યારે કાર્યક્રમ પણ સરસ, સફળ બને છે. પછી ભલે તે જન્મદિવસનો કાર્યક્રમ હોય કે લગ્નપ્રસંગ, આયોજન અને પૂર્વ તૈયારી તો કરવી જ પડે.




એ જ રીતે, જો આપણે નાટક દ્વારા કોઈ પ્રસંગ રજૂ કરવો હોય, તો સૌ પ્રથમ પ્રસંગની પસંદગી કરવી પડે. ત્યારબાદ પ્રસંગના વિષયને ધ્યાનમાં રાખીને પાત્રો નક્કી કરવા પડે. કયું પાત્ર કોણ ભજવશે તે પણ નક્કી કરવું પડે. પાત્રને અનુરૂપ વેશભૂષા અને પ્રસંગને અનુરૂપ જરૂરી સાધનો ભેગા કરવા એ પણ તૈયારીનો જ એક ભાગ છે.

સાથે જ સંવાદ યાદ કરીને તેમનો મહાવરો કરવો પણ ખૂબ જરૂરી છે. પૂરતા મહાવરા પછી જ આપણે મંચ પર અસરકારક રીતે રજૂઆત કરી શકીએ છીએ.

આ સમગ્ર આયોજન અને પૂર્વ તૈયારીને જ પ્રસંગની રજૂઆતના તબક્કાઓ કહેવામાં આવે છે. બાજુમાં આપેલી આકૃતિ દ્વારા તે વધુ સારી રીતે સમજાશે.

ચાલો, હવે આપણે પણ એક પ્રસંગ પસંદ કરીએ અને પ્રસંગની રજૂઆતના તમામ તબક્કાઓને અનુસરીને તેનું નાટ્યીકરણ રજૂ કરીએ.

- પ્રસંગની રજૂઆતના વિવિધ તબક્કાઓ સ્પષ્ટ રીતે સમજાવવા.

CG –2/3
C – 2.1/3.1
LO–04AE25/30

આપણા દૈનિક જીવનમાં આપણે અનેક લોકો સાથે સંવાદ સાધીએ છીએ. બજારમાં શાકભાજી લેવા જઈએ ત્યારે શાકભાજી વિક્રેતા અને ગ્રાહક વચ્ચે સંવાદ સધાય છે. આ સંવાદ દ્વારા આપણે શાકભાજીની કિંમત પૂછતા, ભાવતાલ કરતા, ખરીદી કરતા અને નમ્રતાથી બોલતા શીખીએ છીએ. આજે આપણે શાકવાળી અને ગ્રાહક વચ્ચેનો સંવાદ જોઈશું.

**પ્રસંગ : શાકભાજી બજાર (શાકવાળી વિવિધ શાકભાજી લઈને બેઠી છે.)**

(પાત્રો : શાકવાળી અને ગ્રાહક)

**ગ્રાહક** : અરે માસી, રીંગણ કેમ આપ્યાં?

**શાકવાળી** : એકદમ તાજાં રીંગણ છે. ૩૦ રૂપિયાના પા કિલો. લો ને! આજે સવારે જ ખેતરમાંથી તોડીને લાવી છું.

**ગ્રાહક** : અરે બાપ રે! ગઈકાલે તો ૨૦ રૂપિયાના હતા. આજે અચાનક એટલા મોંઘા કેમ થઈ ગયા? થોડા ઓછા કરો ને!

**શાકવાળી** : અરે ભાઈ, જુઓ ને કેટલો વરસાદ પડે છે! ખેતરમાંથી રીંગણ ચૂંટી શકાતાં નથી, એટલે થોડાં મોંઘાં થયા છે.

**ગ્રાહક** : એ તો બરાબર છે, પણ હું તો હંમેશાં તમારી પાસેથી જ શાક લઉં છું. મને ૫૦ રૂપિયામાં અડધો કિલો રીંગણ આપો અને સાથે ૧૦ રૂપિયાની કોથમીર પણ આપજો.

**શાકવાળી** : (હસીને) અરે ભાઈ, મને તો ૬૦ રૂપિયામાં તો મને પણ નથી પડતાં! સારું, તમારું પણ નહીં ને મારું પણ નહીં એક ઝૂડી કોથમીરના ૧૫ રૂપિયા ગણીએ અને રીંગણના ૫૫ રૂપિયા લગાડું છું. કુલ ૭૦ રૂપિયા આપો.

**ગ્રાહક** : ઠીક છે. આ લો ૭૦ રૂપિયા. સારું, આ ભીંડા કેટલાના આપશો?

**શાકવાળી** : ભીંડા ૬૦ રૂપિયે કિલો. એકદમ કૂણા છે. જોઈએ તો નખેથી ચકાસી લો.

**ગ્રાહક** : અડધો કિલો ભીંડા આપો. અને હા, લીલા મરચાં અને લીમડો આપવાનું ભૂલતા નહીં!

**શાકવાળી** : જરૂર, જરૂર! તમે કહો તે પહેલાં જ મેં થેલીમાં લીલા મરચાં અને લીમડો મૂકી દીધાં છે. લો, તમારું શાક.

**ગ્રાહક** : આભાર માસી. હવે હું જાઉં છું.

**શાકવાળી** : આવજો, ફરી ચોક્કસ આવજો!

- પ્રસંગની રજૂઆત માટે પસંદ કરેલા પ્રસંગનું વાચન કરાવવું.

CG -1
C -1.2
LO-04AE23

## પાત્રો અને પાત્રોની પસંદગી

હવે આ પ્રસંગનું નાટ્યીકરણ રજૂ કરવાનું છે, તો સૌ પ્રથમ આ પ્રસંગમાં કેટલાં પાત્રો છે તે વિચારવું પડશે. આ પ્રસંગમાં શાકવાળી અને ગ્રાહક એમ બે મુખ્ય પાત્રો છે. પાત્રો નક્કી કરતી વખતે ધ્યાનમાં આવે છે કે શાકવાળી એક વૃદ્ધ સ્ત્રી છે, જ્યારે ગ્રાહક મધ્યમવયનો પુરુષ છે. આપણને પ્રસંગના સંવાદ પરથી આ વાત ધ્યાનમાં આવે છે. એટલે કે, આ બે પાત્રો માટે એક છોકરો અને એક છોકરી એમ બે વિદ્યાર્થીઓની પસંદગી કરવી પડશે. તો હવે કહો, તમારામાંથી શાકવાળા માસી અને ગ્રાહક કોણ બનશે? તે નક્કી કરો અને પોતાના સંવાદ સારી રીતે યાદ કરો. ત્યાં સુધી આપણે આગળની તૈયારી કરીએ.

પાત્રો ભજવનારા વિદ્યાર્થીઓએ પોતાના સંવાદો સારી રીતે યાદ કરવા અપેક્ષિત છે, જેથી તેઓ એકદમ સહજતાથી સંવાદ બોલી શકે.

## વેશભૂષા

હવે પાત્રો તો નક્કી થઈ ગયા, પરંતુ તેમની ઉંમર અને ભૂમિકા પણ ધ્યાનમાં લેવી જોઈએ. શાકવાળા માસી ઉંમરમાં ગ્રાહક કરતાં મોટા હશે તે સમજાય છે. શાકવાળા માસીએ છ વારની કે નવવારી તેણે સાડી પહેરી હોય, કપાળ પર મોટો ચાંદલો કર્યો હોય, કમરે પૈસાની થેલી અથવા બટવો બાંધેલો હોય અને સામે શાકભાજીની ટોપલીઓ હોય.

ગ્રાહક મધ્યમ વયનો પુરુષ હોય. તેણે શર્ટ અને પેન્ટ પહેર્યા હોય તથા હાથમાં કપડાંની થેલી હોય. આ રીતે પ્રસંગને અનુરૂપ કપડાં નક્કી કરવામાં આવે છે. નાટ્યભાષામાં તેને વેશભૂષા કહેવામાં આવે છે.

## રંગભૂષા

પ્રસંગની રજૂઆત આબેહૂબ થાય તે માટે વેશભૂષાની સાથે જ રંગભૂષા પણ મહત્વપૂર્ણ છે. જેમ કે, શાકવાળીનું પાત્ર ઉંમરમાં મોટું છે, તેથી તેના થોડા વાળ સફેદ હશે. અર્થાત્, પાત્રને તેની ભૂમિકા પ્રમાણે યોગ્ય મેકઅપ કરવો તેને રંગભૂષા કહેવામાં આવે છે.

અત્યાર સુધી આપણને જણાયું છે કે પાત્રને અનુરૂપ વેશભૂષા (કપડાં) અને રંગભૂષા (મેકઅપ) માટે કેટલીક સામગ્રીની જરૂર પડશે. તો ચાલો, પ્રસંગની રજૂઆત માટે જરૂરી સામગ્રી ભેગી કરીએ.

- પ્રસંગની રજૂઆત માટે પસંદ કરેલા પ્રસંગ અનુસાર પાત્રોની પસંદગી અંગે ચર્ચા કરાવવી.
- પ્રસંગને અનુરૂપ વેશભૂષા અને રંગભૂષાની કેવી રીતે કરવી તે વિશે ચર્ચા કરાવવી.
- વિદ્યાર્થીઓને પ્રસંગને અનુરૂપ વેશભૂષા અને રંગભૂષા પસંદ કરવાની તક આપવી.

CG –3
C –3.1/3.2
LO–04AE31/34

## સાહિત્યની પસંદગી કરીએ

કહો જોઈએ, શાકવાળી અને ગ્રાહકના  પ્રસંગની રજૂઆત માટે આપણને કઈ કઈ વસ્તુની જરૂર પડશે? એકદમ, બરાબર!

ત્રાજવું, શાકભાજી, નાની ટોપલીઓ, થેલી, પૈસા, બટવો, સાડી વગેરે. વાહ! તમે તો ખૂબ સરસ યાદી તૈયાર કરી.

ચાલો, હવે આ તમામ સાહિત્ય ભેગું કરવાની શરૂઆત કરીએ.

**નાટ્યપ્રસંગ અનુસાર નીચેના સાહિત્યનો ઉપયોગ કરીએ.**



**ઉપરના સાહિત્યનું નિરીક્ષણ કરો, નીચેના પ્રસંગો મુજબ વર્ગીકરણ કરીને તમારી નોટબુકમાં લખો.**

| ૧. હૉસ્પિટલનો પ્રસંગ | ૨. રસોડાનો પ્રસંગ | ૩. વર્ગખંડનો પ્રસંગ |
|---|---|---|
| ...................... | ........................... | ........................ |
| ...................... | ........................... | ........................ |
| ...................... | ........................... | ........................ |
| ...................... | ........................... | ........................ |

- પ્રસંગની  રજૂઆત માટે પસંદ કરેલા પ્રસંગ અનુસાર આવશ્યક સાહિત્યની યાદી તૈયાર કરવા કહેવું.
- સાહિત્યની પસંદગી કરતી વખતે, તે નૈસર્ગિક અથવા પર્યાવરણપૂરક હોવું જોઈએ, તે અંગે માહિતી આપવી.

CG –2/4
C – 2.1/4.1
LO–04AE25/36

## વૈકલ્પિક સાહિત્યનો ઉપયોગ

જુઓ, હવે આપણે લગભગ બધી તૈયારી કરી લીધી છે. પરંતુ રજૂઆત માટે શાકભાજી, ત્રાજવું, થેલી, પૈસા લાવવા શક્ય બનશે? ના, ને? તો ચાલો, આપણે તેનો પર્યાય શોધીએ.

હવે વિચાર કરો કે શાકવાળા માસી પાસે જુદાજુદા શાકભાજી કેવી રીતે બતાવી શકાય?

શાકભાજીના બદલે આપણા પરિસરનાં ઝાડનાં રંગીન પાંદડા, ફૂલ, શીંગ, ઘાસ વગેરેનો ઉપયોગ કરી શકાય. છૂટા પૈસા તરીકે ચપટા પથ્થરો વાપરી શકાય અને નોટો માટે કાગળના ટુકડાઓ વાપરી શકાય. જરૂરી સાહિત્ય તૈયાર થઈ ગયું ને! છે ને ગમ્મત! આપણે ઘરઘર રમીએ ત્યારે પણ આવી જ રીતે સાહિત્ય તૈયાર કરીએ છીએ, ખરું ને?

## સાહિત્ય નિર્મિતિ

મોટાભાગનું સાહિત્ય તો પરિસરમાંથી મળી ગયું, કેટલાક માટે વૈકલ્પિક સાહિત્યનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. પરંતુ ત્રાજવા માટે કયું પર્યાયી સાહિત્ય વાપરવું તે સૂઝતું નથી ને?

ચાલો, આપણે જાતે જ એક ત્રાજવું બનાવીએ.

એકદમ સહેલું છે. તમે બજારમાં ત્રાજવું જોયું જ હશે. તેમાં બંને બાજુ બે પલ્લાં હોય છે અને વચ્ચે સંતુલિત દાંડી હોય છે. હવે પલ્લાં બનાવવા માટે બે પેપર ડીશ લો અને દાંડી માટે એક લાકડી લો. પછી ચિત્રમાં બતાવ્યા મુજબ ક્રમશઃ દરેક પગલું અનુસરીને ત્રાજવું તૈયાર કરો. વજન તરીકે નાના-મોટા હલકા પથ્થરો વાપરો. આ રીતે, જ્યારે પ્રસંગની રજૂઆત માટે આવશ્યક સાહિત્ય ઉપલબ્ધ ન હોય, વૈકલ્પિક સાધન પણ ઉપલબ્ધ ન હોય, ત્યારે કેટલુંક સાહિત્ય જાતે બનાવીને પણ ઉપયોગમાં લઈ શકીએ.




- પ્રસંગ અનુસાર આવશ્યક સાહિત્ય ઉપલબ્ધ ન હોય ત્યારે, વૈકલ્પિક સાધનો વિશે વિચારવા કહેવું. પ્રસંગને અનુરૂપ ક્યા ક્યા વૈકલ્પિક સાહિત્યનો ઉપયોગ થઈ શકે તે વિશે ચર્ચા કરાવવી.
- વૈકલ્પિક સાહિત્ય પસંદ કરતી વખતે તે નૈસર્ગિક અથવા પર્યાવરણપૂરક હોય, તે અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

CG -2/3/4
C - 2.1/3.1/4.1
LO-04AE/25/30 /36

## સાહિત્ય ગોઠવતી વખતે

જૂથમાં ચર્ચા કરીને, પ્રસંગ અથવા નાટકની રજૂઆત કરતી વખતે આવશ્યક સાહિત્યની પસંદગી કરી છે. જે સાહિત્ય ઉપલબ્ધ થયું હોય તેને ભેગું કરીને મહાવરો શરૂ કરીએ. રજૂઆત દરમિયાન કોઈ ગડબડ ન થાય તે માટે સૌએ કઈ બાબતો ધ્યાનમાં રાખવી અને શું ટાળવું તે જોઈએ.

- સાહિત્ય વાપરવામાં સરળ અને વજનમાં હલકું હોવું જોઈએ.
- જે સાહિત્ય ઉપલબ્ધ ન હોય તેના બદલે, કાગળની પટ્ટીઓ અથવા સળી જેવી વસ્તુઓમાંથી તેના જેવું દેખાતું સાહિત્ય બનાવવું.
- મહાવરા દરમિયાન એ જ સાહિત્યનો વારંવાર ઉપયોગ થવાનો હોવાથી તે તૂટી ન જાય તેની કાળજી રાખવી.
- ધારદાર અથવા અણીદાર સાહિત્ય વાપરતી વખતે ઈજા ન થાય તેની ખાસ કાળજી રાખવી.
- કલાકાર મિત્રો મંચ પર સરળતાથી સાહિત્ય લઈ જઈ શકે, તે માટે રજૂઆત શરૂ થાય તે પહેલાં જ તેની યોગ્ય ગોઠવણી કરવી.
- રંગમંચની ડાબી અથવા જમણી બાજુએ, પ્રેક્ષકોને દેખાય નહીં એવી જગ્યાએ સાહિત્ય મૂકવું. સાહિત્ય સાથે મહાવરો કરતી વખતે શિક્ષક અને અન્ય મિત્રોના સૂચન મુજબ જરૂરી ફેરફાર કરવા.
- મહત્વની વાત એ કે મહાવરા બાદ બધું સાહિત્ય ભેગું કરીને યોગ્ય સ્થાને મુકવાનું ભૂલશો નહીં.
- જરૂર ન હોય ત્યારે આ સાહિત્ય સાથે રમવું નહીં.

હવે તમને સમજાયું હશે કે કોઈપણ પ્રસંગનું નાટ્યીકરણ રજૂ કરવું હોય તો પ્રસંગની પસંદગી, પાત્રોની પસંદગી, સંવાદની તૈયારી, સાહિત્યની પસંદગી, વેશભૂષા, રંગભૂષા, મહાવરો કરીને અંતિમ રજૂઆત  કરવામાં આવે છે. ચાલો, હવે અગાઉ વાંચેલા પ્રસંગની પૂર્વ તૈયારી કરીને તેનું નાટ્યીકરણ રજૂ કરીએ.

વર્ગમાં પ્રસંગના મહાવરા અને રજૂઆત દરમિયાન અન્ય વિદ્યાર્થીઓએ નિરીક્ષણ કરીને જરૂરી સુધારા સૂચવવા. મળેલા સૂચનોના આધારે જરૂરી ફેરફાર કરીને ફરી રજૂઆત કરો

- પ્રસંગ અનુસાર ભેગું કરેલ અથવા તૈયાર કરેલ સાહિત્યની યોગ્ય ગોઠવણી કેવી રીતે કરવી તેની માહિતી આપવી.
- સાહિત્યનો યોગ્ય ઉપયોગ અને તેની સંભાળનું મહત્વ સમજાવવું.

CG –2/3/4
C –2.1/3.1/3.2/ 4.1
LO–04AE26/28/29/33/34/36

# મારી કૃતિ

૧) તમારી પાસે 'રાઇટિંગ પેડ' હશે જ. નાટકમાં આપણે તેનો ઉપયોગ કઈ કઈ વસ્તુઓના વિકલ્પ તરીકે કરી શકીએ, તે લખો.



૨) પાઠ્યપુસ્તકમાંથી કોઈપણ એક પ્રસંગ પસંદ કરો અને રજૂઆતના તબક્કાઓ અનુસાર પૂર્વ તૈયારી કરીને જૂથમાં તેનું નાટ્યીકરણ રજૂ કરો.

- જો રજૂઆત માટે આવશ્યક સાહિત્ય ઉપલબ્ધ ન હોય, તો તેના જેવી દેખાતી એક જ વસ્તુનો વિવિધ ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે ચર્ચા કરીને, તે મુજબ ઉપયોગ કરવાની તક આપવી.
- એક જ વસ્તુનો વિવિધ પ્રકારે ઉપયોગ કરવા અંગે ચર્ચા કરાવવી.

CG – 2/3
C – 2.1/3.1/3.2
LO – 04AE25/26/30/29/31/33/36

# ૮.ચાલો, રંગમંચ પર

**ચાલો, આપણે આ વાર્તા વાંચીએ અને રજૂ કરીએ.**





ભરતપુર નામનું એક નગર હતું. તે નગરમાં વિજયસિંહ નામનો રાજકુમાર રહેતો હતો. તે ખૂબ જ બહાદુર હતો. એક દિવસ તેણે એકલા જંગલમાં જવાનો વિચાર કર્યો. વહેલી સવારે કૂકડાએ બાંગ પોકારવાની સાથે જ રાજકુમાર ઊઠ્યો. સ્નાન કરીને તૈયાર થયો. તલવાર સાથે લઈને નીકળી પડ્યો. ઘોડો લઈને ધીમે ધીમે ભરતપુરની બહાર નીકળ્યો. હવે નગર પૂરું થયું. વિજયસિંહે ઘોડાની ગતિ વધારી. ખેતરો પણ પૂરાં થયાં અને ધીમે ધીમે જંગલ શરૂ થયું. એક જગ્યાએ ઘોડાને ઝાડ સાથે બાંધીને વિજયસિંહ પગપાળા જંગલમાં આગળ વધ્યો. સૂકાં પાંદડાંનો અવાજ સંભળાતો હતો. જેમ જેમ તે આગળ વધતો ગયો, તેમ તેમ પવનનો વેગ વધતો ગયો. જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. ઝાડની ડાળીઓ હલવા લાગી. સૂકાં ઝાડ પડવા લાગ્યાં. વીજળીનો ગડગડાટ થવા લાગ્યો. અચાનક તેની સામે એક વિકરાળ રાક્ષસ આવી ઊભો. તે બોલ્યો, ‘‘રાજકુમાર, હું તને કોઈ ઈજા નહીં પહોંચાડું. પરંતુ હું તને સાવધાન કરવા ઈચ્છું છું કે, આ જાદુઈ જંગલ છે. તું અહીં ટકી શકીશ નહીં અને તારી તલવાર પણ કંઈ કરી શકશે નહીં. તે જાદુગર આવે તે પહેલાં તું ઝડપથી પાછો ફરી જા.’’

પરંતુ વિજયસિંહ ગભરાયો નહીં. તે કંઈ બોલે એ પહેલાં જ રાક્ષસ અદૃશ્ય થઈ ગયો અને જોરદાર વરસાદ શરૂ થયો. જંગલનાં ઝાડ એક પછી એક આપોઆપ અદૃશ્ય થવા લાગ્યાં. ધીમે ધીમે આખું જંગલ અદૃશ્ય થઈ ગયું અને ત્યાં ઉજ્જડ મેદાન દેખાવા લાગ્યું. વિજયસિંહ દોડતો દોડતો ઘોડો જ્યાં બાંધ્યો હતો ત્યાં પહોંચ્યો. તેણે ઘોડાને એડી મારી અને ભરતપુર તરફ નીકળી પડ્યો. ઘોડો જોરથી હણહણ્યો અને ઝડપથી દોડવા લાગ્યો. રાજકુમાર સલામત રીતે નગરમાં પહોંચી ગયો

- જૂથના વિદ્યાર્થીઓને વારાફરતી વાર્તા કહેવાની તક આપવી. આ વાર્તા પર આધારિત પ્રસંગ રજૂ કરવા પ્રેરિત કરવા.
- સંગીત નિર્માણ કરનારા સાધનો શોધવા માટે માર્ગદર્શન આપવું.

CG –2
C – 2.2
LO–04AE27

બાળકો, આ વાર્તા તમને કેવી લાગી? તેમાં આવેલા પ્રસંગને ધ્યાનપૂર્વક વાંચ્યો ને? હવે આ વાર્તા રજૂ કરતી વખતે તેમાં આવેલો પ્રસંગ એકદમ સાચુકલા લાગે તે માટે તેમાં આવતા અવાજો જાતે ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરીએ. તે પહેલાં વાર્તામાં આવેલા અવાજોની યાદી બનાવીએ.

## વાર્તામાં આવેલા અવાજોની યાદી

| | | |
|---|---|---|
| .............................. | .............................. | .............................. |
| .............................. | .............................. | .............................. |
| .............................. | .............................. | .............................. |
| .............................. | .............................. | .............................. |
| .............................. | .............................. | .............................. |

આ બધા અવાજો ઉત્પન્ન કરવા માટે આપણે કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરી શકીએ? કેટલાક અવાજો આપણે મોઢાથી કાઢી શકીએ છીએ. કેટલાક અવાજો કાઢવા માટે આસપાસની વસ્તુઓનો ઉપયોગ કરી શકીએ છીએ. કઈ કઈ વસ્તુઓમાંથી આ અવાજો ઉત્પન્ન કરી શકાય? નોટબુકમાં તેની યાદી બનાવો.

જૂથમાંથી એક વિદ્યાર્થી આ વાર્તા બધાને મોટેથી સંભળાવશે અને જૂથના અન્ય બાળકો પરિસરની વસ્તુઓની મદદથી વિવિધ અવાજો ઉત્પન્ન કરીને વાર્તાને વધુ સુંદર અને અસરકારક બનાવવામાં સહકાર આપશે. ચાલો, મહાવરો કરીએ અને મિત્રોએ આપેલી સૂચનાઓ પ્રમાણે જરૂરી ફેરફારો કરી, ફરી રજૂઆત માટે તૈયાર થઈએ.

આ બધી બાબતો ધ્યાનમાં રાખીને સાહિત્ય સાથે સરસ મહાવરો કરવામાં આવે, રજૂઆત સહજ અને મનોરંજક બનશે.

- વર્ગમાં વિવિધ પ્રકારના પ્રસંગો આપીને જૂથમાં રજૂઆત કરાવવી. અન્ય બાળકોને તેના વિશે સૂચનો અને પ્રતિભાવો આપવા જણાવવું. મળેલી સૂચનાઓનું પાલન કરીને ફરીથી રજૂઆત કરવાની તક આપવી.
- રજૂઆતના વિવિધ તબક્કાઓનું મહત્ત્વ સમજવા માટે વિવિધ પ્રસંગો જૂથમાં તેમજ વ્યક્તિગત રજૂઆત કરવાની તક આપવી.

CG – 2
C – 2.1
LO–04AE27
04AE28
04AE29

## તાંત્રિક અંગોનો પરિચય





કલા રજૂ કરનારને કહે છે કલાકાર,
મંચ કે વ્યાસપીઠને હવે **રંગમંચ** બનાવીશું.
નાટકોમાં કલાકારોને કહે છે પાત્ર,
મહાવરો એટલે પ્રેક્ટીસ કરીએ અહોરાત્ર.





જુદીજુદી લાઇટ્સથી રંગમંચ ઉઠે ઝળહળી,
**પ્રકાશ યોજના** એટલે જુઓ થોડી નજીકથી.
જેવો કરવો હોય રોલ, તેવા કપડાં પહેરીએ,
નાટકની ભાષામાં તેને **વેશભૂષા** કહીએ.





ચહેરા પર રંગ લગાવીએ, બેસીએ મેકઅપ કરવા,
**રંગભૂષા** કહે છે આ નાટક પહેલાંની ક્રિયાને.
**કેશભૂષા** એટલે હેઅર સ્ટાઈલ કરી જોઈએ,
વાળનો ટોપ એટલે માથા પર વિગ લગાવીએ.





સંવાદ બોલતી વખતે પાછળ સંગીત સંભળાય ધીમું,
**પાર્શ્વસંગીતને કારણે** તો પ્રસંગ લાગે એકદમ સાચો.
રંગમંચ પર નાટકમાં જે જે સાહિત્ય વાપરીએ,
તે બધી જ વસ્તુઓનો સમાવેશ **નેપથ્યમાં** થાય.
અભિનય સાથે જોડાણ હોય આ બધી જ બાબતોનું,
હવે અમને ઓળખ થઈ છે **તાંત્રિક** અંગોની.

નાટકમાં કઈ કઈ તાંત્રિક બાબતોનો ઉપયોગ કરવામાં આવે છે, તેનો પરિચય આપણે મેળવ્યો. ધીમે ધીમે આપણે આ તમામ તાંત્રિક અંગોનો ઉપયોગ કરવાના છીએ. હવે એક પ્રસંગ જોઈએ.

- કાવ્યના માધ્યમથી તાંત્રિક અંગોનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓને તાંત્રિક બાબતોનો ઉપયોગ કરીને રજૂઆત કરવાની તક આપવી.

CG -3
C - 3.2
LO-04AE34

**પ્રસંગ**

રાજુ, સુલતાના અને રીટા મેદાનમાં રમી રહ્યાં હતાં. રમતાં રમતાં તેમને એક પચાસ રૂપિયાની નોટ મળી. સુલતાનાએ તે બંનેને બતાવી. તેમણે આજુબાજુ જોયું, પરંતુ કોઈ દેખાતું નહોતું. તેથી આ નોટ કોની છે, તે સમજાતું નહોતું. રાજુએ કહ્યું, ''ન કોઈ દેખાતું નથી તો આ પૈસા આપણા જ માની લઈએ.'' તેણે રસ્તાની સામે આવેલી દુકાનમાં જઈને નાસ્તો ખરીદવાનો વિચાર રજૂ કર્યો. પરંતુ રીટા તૈયાર નહોતી. તેને ડર લાગતો હતો. સુલતાનાએ પણ રાજુને ના પાડી અને કહ્યું, ''બીજા કોઈના પૈસા શા માટે લેવા? જે આપણું નથી તેના પર આપણો અધિકાર નથી.'' આમ, કહી બધાએ તે પૈસા વર્ગમાં મૅડમને આપી દીધા. બીજા દિવસે પ્રાર્થનાના સમયે આ નોટ કોની છે તે પૂછશે અને જેની નોટ હશે તે ઓળખ આપીને નોટ લઈ જશે.

આ પ્રસંગમાં રાજુ, સુલતાના, રીટા અને મૅડમ એમ ચાર વ્યક્તિઓ છે. એટલે કે આ ચાર પાત્રો છે. હવે આ પાત્રો માટે આ પ્રસંગના સંવાદ તૈયાર કરીએ, જેથી આ પ્રસંગની રજૂઆત કરી શકાય.

**સંવાદ**

(રાજુ, સુલતાના અને રીટા મેદાનમાં રમી રહ્યાં છે.)

રાજુ : પકડ, પકડ, આવ પકડ!

સુલતાના : ઊભો રહે! તને શું લાગે છે, હું તને પકડી નહીં શકું? પરંતુ હું પહેલાં રીટાને આઉટ કરીશ.

રીટા : અચ્છા? મને આઉટ કરીશ? કરીને તો બતાવ!

સુલતાના : હા, કરીશ જ, એ પણ બંનેને એકસાથે!

રાજુ : અરે, અહીં આવો. જુઓ, મને શું મળ્યું!

રીટા : શું થયું? શું મળ્યું?

રાજુ : આ જુઓ, શું છે?

સુલતાના : અરે વાહ! પચાસ રૂપિયાની નોટ!

રીટા : આ નોટ કોની છે અને અહીં કેવી રીતે આવી?

રાજુ : મને ખબર નથી અને આજુબાજુ પણ કોઈ દેખાતું નથી. બધાં બાળકો વર્ગમાં પણ જતાં રહ્યાં છે. મને લાગે છે કે આપણે આ નોટ લઈ લઈએ અને સામે આવેલી દુકાનમાંથી નાસ્તો લઈ આવીએ.

- સંવાદના આધારે પાત્ર, પ્રસંગ અને સ્ટેજ, શરીરના હાવભાવનો યોગ્ય ઉપયોગ કરીને રજૂઆત કરવી.

CG –3
C – 3.2
LO–04AE33

સુલતાના : ના ભાઈ! બીજાના પૈસા આપણે શા માટે લેવા? જેના પર આપણો અધિકાર નથી તે શા માટે લેવા? હું તમારી સાથે નહીં આવું.

રીટા : સુલતાના સાચું કહે છે . બીજાના પૈસાથી ખરીદેલો નાસ્તો હું નહીં ખાઉં.

રાજુ : અરે, તો આ પચાસ રૂપિયાનું શું કરીશું?

સુલતાના : આપણે આ પૈસા આપણા મૅડમને આપી દઈએ.

રીટા : હા, ચાલો વર્ગમાં જઈએ. ચાલો.

(બધા મૅડમ પાસે જાય છે.)

મૅડમ : શું થયું બાળકો? કેમ અહીં આવ્યા?

સુલતાના : મૅડમ, આ પૈસા અમને મેદાનમાં મળ્યા છે. તે તમને આપવા માટે આવ્યા છીએ. મૅડમ, આ પૈસા કોના છે તેની અમને ખબર નથી. આપણે આવતીકાલે પ્રાર્થનાના સમયે બધા બાળકોને પૂછીશું. જેના પૈસા હશે તે ઓળખ આપીને લઈ જશે.

મૅડમ : ખરેખર, તમે ખૂબ પ્રામાણિક બાળકો છો. આપણી શાળાને તમારા જેવા વિદ્યાર્થીઓ પર ગર્વ છે.

વર્ગખંડમાં જ આ પ્રસંગની રજૂઆત કરી શકાય. તે માટે નાટ્યગૃહ તૈયાર કરવાની જરૂર પડશે. તે માટે વર્ગમાં રાખેલી બેન્ચની ગોઠવણીમાં થોડો ફેરફાર કરીને બોર્ડની સામેની જગ્યા ખાલી કરીએ, જેથી પાત્રોને હલનચલન કરવા અને આવવા-જવા માટે પૂરતી જગ્યા મળે. બાળકોને જ ઊભા રાખીને પડદો બનાવી શકાય. તે પડદો બાજુએ ખસેડતી વખતે બાળકો ડાબી અને જમણી બાજુએ ખસે એ રીતે રજૂઆત કરી શકાય.

### પ્રાકૃતિક પ્રકાશ યોજના

આપણે એક વાર્તા પસંદ કરી તેના આધારે સંવાદ તૈયાર કર્યા. તેમાંનાં પાત્રો પસંદ કરીને મહાવરો શરૂ કર્યો. તેમાં યોગ્ય સંગીત આપવા માટે જરૂરી સાહિત્ય પણ પસંદ કર્યું. હવે પાત્રોને યોગ્ય વેશભૂષા પહેરાવી, મહાવરો શરૂ કર્યો. મિત્રોએ આપેલા સૂચનો મુજબ આવશ્યક ફેરફાર કર્યો. આપણે વર્ગમાં જ નાટ્યગૃહ તૈયાર કરીને મહાવરો પણ શરૂ કર્યો. પરંતુ આપણા નાટક અથવા પ્રસંગમાં જો રાત, સવાર કે બપોરનો સમય દર્શાવવો હોય, તો શું કરવું?

તે માટે એક યુક્તિ કરીએ.

રાત દર્શાવવા માટે વર્ગખંડના દરવાજા અને બારીઓ બંધ કરો. તેનાથી અંધારું થતાં જ થશે રાત.

દરવાજા અને બારીઓ ધીમે ધીમે ખોલીએ તો થશે પરોઢ.

સંપૂર્ણ પ્રકાશ અંદર આવતા જ થશે સવાર.

ત્યારબાદ ફરી ધીમે ધીમે દરવાજા અને બારીઓ બંધ કરતા, આપણા નાટકમાં થશે રાત.

- રજૂઆતમાં માનવ શરીરનો યોગ્ય ઉપયોગ કરાવવો.
- રંગમંચ પર પ્રાકૃતિક પ્રકાશ યોજના માટે વર્ગખંડનાં દરવાજા અને બારીઓનો ઉપયોગ કેવી રીતે કરવો, તે અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવી.
- સંપૂર્ણ રજૂઆત કરવા માટે પાઠ્યપુસ્તકમાંથી પ્રસંગ પસંદ કરવાની તક આપવી.

CG –3/4
C – 3.2/4.1
LO–04AE33/34 /35/36

### ધ્યાનમાં રાખો

**બ્લૅક આઉટ**

નાટકનાં બે દૃશ્યો વચ્ચે થોડી સેકન્ડ માટે અંધારું કરવામાં આવે છે અને ત્યારબાદ ફરીથી રંગમંચ પર પ્રકાશ કરવામાં આવે છે અને આગળનું દૃશ્ય શરૂ થાય છે. આ વચ્ચેના અંધકારયુક્ત સમયને નાટકની ભાષામાં 'બ્લૅક આઉટ' કહેવામાં આવે છે.



## મારી કૃતિ

૧. પાઠ્યપુસ્તકમાંથી કોઈ એક પ્રસંગ પસંદ કરીને તેના આધારે સંવાદ તૈયાર કરો.આવશ્યક સાહિત્ય, વેશભૂષા, ધ્વનિ અને પ્રકાશ યોજનાનો ઉપયોગ કરીને જૂથમાં રજૂઆત કરો.


संगीत
સંગીત

# ૯. સૌ સાથે મળીને ગાઈએ!

રોજિંદા જીવનમાં આપણે અનેક પ્રકારનું સંગીત સાંભળતા હોઈએ છીએ. જેમ કે શાળામાં પ્રાર્થના, રાષ્ટ્રગીત ગાઈએ છીએ અથવા ગીતોની અંતાક્ષરી રમીએ છીએ. આવાં જ કેટલાંક સુંદર ગીતોનો આપણે પરિચય મેળવીશું. તો ચાલો, સૌ સાથે મળીને ગાઈએ, નાચીએ અને આનંદ માણીએ!

**સરસ્વતી વંદના**

ભારતીય સંસ્કૃતિમાં સરસ્વતી માતાને માત્ર જ્ઞાનની જ નહીં, પરંતુ તમામ લલિત કલાઓની જનની માનવામાં આવે છે. આ સરસ્વતી માતાની એક પ્રાર્થનાથી આપણે શરૂઆત કરીએ.

नमस्ते शारदे देवी, सरस्वती मति प्रदे।
वस त्वं मम जिव्हाग्रे, सर्व विद्या प्रदाभव॥

(અર્થ) : અર્થ: હે શારદા અને બુદ્ધિ આપનારી સરસ્વતી દેવી, હું તમને નમસ્કાર કરું છું. તમે મારી જીભના અગ્રભાગે નિવાસ કરો અને મને તમામ પ્રકારનું જ્ઞાન પ્રદાન કરો.

नमस्ते शारदे देवी, वीणापुस्तक धारिणी।
विद्यारंभं करिष्यामि, प्रसन्ना भव सर्वदा॥

(અર્થ) : હાથમાં વીણા અને પુસ્તક ધારણ કરનાર હે શારદા દેવી, હું તમને નમસ્કાર કરું છું. હવે હું અભ્યાસની શરૂઆત કરવા જઈ રહ્યો/રહી છું. તેથી તમે હંમેશાં પ્રસન્ન રહો.



- સૂરતાલ સહિત સરસ્વતી વંદનાનો મહાવરો કરાવવો.
- સરસ્વતી વંદનાની રજૂઆતમાં સૌને સહભાગી કરવા.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર. કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG – 1
C – 1.1
LO–04AE40

## દેશભક્તિ ગીત

દેશભક્તિના ગીતો આપણામાં રાષ્ટ્રપ્રેમ, સાહસ, કર્તવ્યની ભાવના જાગૃત કરવા માટે ગવાય છે. તો ચાલો, આવા દેશભક્તિના ગીતો સાંભળીએ અને તાળીઓના ગડગડાટ સાથે લયમાં ગાઈએ.

### દેશભક્તિ ગીત



આ અમારો, આ અમારો,
આ અમારો દેશ છે!
મારો નહિ, તારો નહિ
એનો નહિ, પેલાનો નહિ
આપણાં સૌનો, આપણાં સૌનો
આપણાં સૌનો દેશ છે!
– આ અમારો...

દરિયા બધા આપણા
નદીઓ બધી આપણી
ડુંગર બધા આપણા
એની માંહેનું સોનું ચાંદી
પથ્થર બધાં આપણાં!

– આ અમારો...

એને માટે મરશે કોણ?
એને માટે જીવશે કોણ?
એના માટે મરવાનું છે,
જીવવાનું છે આપણે!
– આ અમારો...

– મૂળજીભાઈ ભક્ત

- દેશભક્તિપૂર્ણ સમૂહગીત તાલ અને સૂર સાથે ગવડાવવું.
- રાષ્ટ્રીય એકતાનું મહત્ત્વ સમજાવવું.
- તાળી વગાડીને તાલ આપવા જણાવવું અને ગીત ગવડાવવું.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને તાલ અને સૂર સાથે અભ્યાસ કરાવવો.

CG – 1
C – 1.1/1.2
LO–04AE41/42

વરસાદમાં ભીંજાવું કોને કોને ગમે છે? વરસાદ પડ્યા પછી મનમાં ઉત્સાહ અને આનંદની લાગણી ઊભી થાય છે. તે સમયે આપણે શું કરીએ છીએ? આજે આપણે વરસાદ પર આધારિત આ ગીત અભિનય સાથે ગાઈએ.

## આવ રે વરસાદ

આવ રે વરસાદ, ઘેબરીઓ પરસાદ,
ઊની ઊની રોટલી ને કારેલાનું શાક;
આવ રે વરસાદ, નેવલે પાણી,
નઠારી છોકરીને દેડકે તાણી.



## વરસાદ

કેવો વરસાદ છે? કેવો વરસાદ છે?
ન્હાવાનું મન થાય એવો વરસાદ છે!

કેવો વરસાદ છે? કેવો વરસાદ છે?
ગાવાનું મન થાય એવો વરસાદ છે!

કેવો વરસાદ છે? કેવો વરસાદ છે?
નાચવાનું મન થાય એવો વરસાદ છે.

કેવો વરસાદ છે? કેવો વરસાદ છે?
વાંચવાનું છોડાવે એવો વરસાદ છે.

કેવો વરસાદ છે? કેવો વરસાદ છે?
પાગલ થઈ દોડાવે એવો વરસાદ છે.

– સુરેશ દલાલ

- ગીતનો અભિનય સાથે અભ્યાસ કરાવવો.
- સૌના સહભાગથી ગીતની અભિનય સહિત તાલ અને સૂર સાથે રજૂઆત કરાવવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને તાલ અને સૂર સાથે અભ્યાસ કરાવવો.

CG – 1
C – 1.1
04AE40/ 41

બીજા કેટલાક પરિચિત ગીતો ગાઈએ.

## પ્રાર્થના

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.
મૈત્રીભાવનું ...

ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમળમાં મુજ જીવનનો અર્ધ્ય રહે.
મૈત્રીભાવનું ...

દીન, ક્રૂર ને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ વહે.
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્ત્રોત વહે,
મૈત્રીભાવનું ...

માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની તો ય સમતા ચિત્ત ધરું.
મૈત્રીભાવનું ...

ધર્મસ્થાનકની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે.
વેરઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાવે,
મૈત્રીભાવનું ...

રચના: ચિત્રભાનુ



- વિવિધ પ્રકારનાં ગીતો સંભળાવીને તેમાં રહેલા તફાવત સમજાવવા.
- વિવિધ ગીતોનો અભ્યાસ કરાવવો અને દરેક વિદ્યાર્થીને રજૂઆત કરવાની તક આપવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને તાલ અને સૂર સાથે અભ્યાસ કરાવવો.

CG – 1
C – 1.1
LO–04AE40

બાલગીત-સ્વચ્છતા

## ચોખ્ખું ઘરનું આંગણું



ચોખ્ખું ઘરનું આંગણું,
ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખો ઘરનો ઓટલો,
ચોખ્ખા મેડી-ગોખ.

ચોખ્ખાં ઘર, કપડાં થકી,
માણસ બહુ સોહાય,
શરીર ચોખ્ખું રાખીએ,
રોગ કદી નવ થાય.

નાહ્યેથી તન સાફ રહે,
સાચેથી મન સાફ.
મન, તન, ઘર સાફ રોજ,
તો દૂર રહે નિત રોગ.

## अभंग

वृक्षवल्ली आम्हा सोयरी वनचरे। पक्षी ही सुस्वरे आळविती॥ ध्रृ ॥
येणे सुखे रुचे एकांताचा वास। नाही गुणदोष अंगा येत ॥१॥
आकाश मंडप पृथ्वी आसन। रमे तेथे मन क्रीडा करी॥२॥
कंथा, कमंडलू देह उपचारा, जाणवितो वारा अवसरु॥३॥
हरिकथा भोजन परवडी विस्तार। करोनि प्रकार सेवु रुची॥४॥
तुका म्हणे होय मनासी संवाद। आपुलाचि वाद आपणासी॥५॥

– संत तुकाराम



**વિવિધ પ્રકારનાં ગીતો વિશે જૂથમાં ચર્ચા કરો અને તેમાં રહેલા તફાવત ઓળખો.**

- ગીતમાં આવતા ચઢાવ-ઉતાર કેવા હોય છે, તે વિશે વિદ્યાર્થીઓમાં ચર્ચા કરાવવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને તાલ અને સૂર સાથે અભ્યાસ કરાવવો.

CG –1/2
C – 1.1/2.2
LO–04AE40/45

# મારી કૃતિ

૧) પાઠમાં શીખેલા ગીતપ્રકારોનાં નામ લખો.

અ. ...................... બ. ...................... ક. ......................

ડ. ...................... ઇ. ...................... ઈ. ......................

૨) તમને ગમતું ગીત લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

- વિવિધ ગીતપ્રકારો વિશે માહિતી આપીને તેમના વિશે જૂથમાં ચર્ચા કરાવવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો

CG –2
C – 2.2
LO – 04AE
45

# ૧૦. એકલ, યુગલ અને સમૂહ ગીત

**ચિત્રનો ગીતપ્રકાર ઓળખો.**





જ્યારે આપણે એકલાં ગીત ગાઈએ છીએ, ત્યારે તેને 'એકલગીત' કહેવાય છે. જ્યારે બે વ્યક્તિ સાથે મળીને ગીત ગાય, ત્યારે તેને 'યુગલ ગીત' કહેવામાં આવે છે. ચાલો, આપણે પણ આવા કેટલાક એકલ અને યુગલ ગીતોનો આનંદ માણીએ.

અમે ફેર ફુદરડી ફરતાં'તાં, અમે ફેર ફુદરડી ફરતાં'તાં,
ફેર ફુદરડી ફરતાં ફરતાં, પડી જવાની કેવી મજા!
ભાઈ પડી જવાની કેવી મજા!

અમે સંતાકુકડી રમતાં'તાં, અમે ખોળમ ખોળાં કરતાં તાં
ખોળમ ખોળાં કરતાં કરતાં પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ પકડાઈ જવાની કેવી મજા!

અમે સાતતાળી રમતાં'તાં અમે દોડમ દોડી કરતાં'તાં,
દોડમ દોડી કરતાં કરતાં બેસી જવાની કેવી મજા!
ભાઈ બેસી જવાની કેવી મજા!

અમે આમલી પીપળી રમતાં'તાં, અમે ઝાડે ઝાડે ચડતાં'તાં,
ઝાડે ઝાડે ચડતાં ચડતાં લપસી જવાની કેવી મજા!
ભાઈ લપસી જવાની કેવી મજા!

અમે ઉંદર બિલ્લી રમતાં'તાં,
અમે ચું ચું મ્યાઉં મ્યાઉં કરતાં'તાં,
ચું ચું મ્યાઉં મ્યાઉં કરતાં કરતાં
નાસી જવાની કેવી મજા!
ભાઈ નાસી જવાની કેવી મજા!



**ધ્યાનમાં રાખોઃ**
એક વ્યક્તિ ગાયેલું ગીત 'એકલગીત' અને બે વ્યક્તિએ ગાયેલું ગીત 'યુગલગીત' કહેવાય.

- એકલગીત અને યુગલગીત વિષે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યૂ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –2
C – 2.1
LO–04AE43

## એકલ ગીત



પ્યારા પ્યારા ચાંદામામા,
અમને વહાલા લાગો છો,
એ તો અમને કહોને મામા,
સવારમાં ક્યાં ભાગો છો?

હેઠા ઉતરો આકાશેથી,
ધરતી ઉપર આવોને,
સાથે તમારા ભેરુઓને,
રમવા તેડી લાવોને

ભેગા મળીને આવો સહુ,
સંતાકૂકડી રમીએ,
રમત રમીને રાતનાં,
રબડી-પૂરી જમીએ.

### એકલ ગીતના ઉદાહરણો-

૧) શિયાળે શીતળ
૨) સાઈકલ મારી
૩) હું તો પૂછું
૪) ઝરણું રમતું રમતું

- સૂરતાલ સહિત અને તાળીઓ સાથે એકલગીતનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG -1/2
C - 1.1/2.1
LO-04AE41/43

યુગલગીત

# પવન

સન્ સન્ સન્
વાય રે પવન વાય.
અહીં વાય,
તહીં વાય,
તોયે ના દેખાય-સન્-સન્-સન્

ઉનાળામાં ગરમ ગરમ
શિયાળામાં ઠંડો,
ચોમાસામાં ભીનો ભીનો
પવન વીંઝે પંખો,
વનમાં જ્યારે વાય ત્યારે
બંસરી સુણાય-સન્-સન્-સન્

ટોપી ઉરાડું કોઈની છાની હું અમસ્તી,
કદી કદી પવન કરે મારા જેવી મસ્તી,
હું તો પકડાઉં પણ એ ના પકડાય
સન્-સન્-સન્

– અવિનાશ વ્યાસ



- યુગલગીતનો મહાવરો કરાવી રજૂઆત કરાવવી.
- યુગલ ગીત વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –2
C – 2.1/2.2
LO – 04AE44
/45

યુગલગીત

પરોઢિયે પંખી જાગીને,
ગાતાં મીઠાં તારાં ગાન;
પરોઢિયે મંદિર-મસ્જિદમાં,
ધરતાં લોકો તારું ધ્યાન.

તું ધરતીમાં, તું છે નભમાં,
સાગર મંહી વસે છે તું;
ચાંદા-સૂરજમાંયે તું છે,
ફુલો મહીં હસે છે તું.

હરતાં-ફરતાં કે નીંદરમાં,
રાતે-દિવસે, સાંજ-સવાર;
તારો અમને સાથ સદાયે,
તું છે સૌનો રક્ષણહાર.

દેવ, બનાવી દુનિયા છે તેં,
તારો છે સૌને આધાર;
તું છે સૌનો, સૌ તારાં છે,
નમીએ તુજને વારંવાર !

-સ્નેહરશ્મિ



## યુગલ ગીતના ઉદાહરણ :

૧) પરોઢિયે નિત ઉઠીને ...
૨) ઉંદરભાઈને આંખો આવી ...
૩) એક એક બીજ ...
૪) હું ને ચંદુ ...

- સૂરતાલ સહિત અને તાળીઓ સાથે યુગલગીતનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG -1/2
C - 1.1/2.1
LO-04AE40
/44

## સમૂહગીત

આપણે શાળામાં દરરોજ પરિપાઠના સમયે પ્રાર્થના, રાષ્ટ્રગીત અને રાજ્યગીત ગાઈએ છીએ. તે સમયે આપણે બધા એક જ સૂર અને લયમાં ગાઈએ છીએ, ખરું ને!

ત્રણ અથવા ત્રણથી વધુ વ્યક્તિઓ દ્વારા સાથે મળીને ગવાતા ગીતને 'સમૂહગીત' કહેવામાં આવે છે. સમૂહગીતથી સહકારની ભાવના વધે છે તેમજ આત્મવિશ્વાસ પણ વધે છે. તો ચાલો, આપણે પણ કેટલાક સમૂહગીતોનો આનંદ માણીએ.

# હિંદમાતાને સંબોધન



ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!
કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!

હિંદુ અને મુસલ્મિન : વિશ્વાસી, પારસી, જિનઃ
દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!

પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષીઃ
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં!

રોગી અને નીરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં!

વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં!

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઉચનીચ કોઈ સંતાન સૌ તમારાં!

ચાહો બધાં પરસ્પર : સાહો બધાં પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં!

– કવિ કાન્ત

- સમૂહગીત વિશે ચર્ચા કરાવવી.
- તાલસૂર સહિત વિવિધ સમૂહગીતો ગવડાવવા.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –2
C – 2.1
LO–04AE44

# મારી કૃતિ

૧) તમને ગમતા એકલ ગીતોની યાદી કરો. તે ગીતોનો મહાવરો કરીને વર્ગમાં રજૂ કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨) તમને ગમતું યુગલ ગીત લખો. વર્ગના સહવિદ્યાર્થીની મદદથી યુગલ ગીતનો મહાવરો કરી સૂરતાલ સહિત વર્ગમાં રજૂ કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

# ૧૧.. પરંપરાના ગીતો

લોકોએ લોકો માટે રચેલું સંગીત એટલે લોકસંગીત.



वासुदेव आला हो
वासुदेव आला...



भलगरी दादा भलरी...



विंचू चावला
विंचू चावला...



वल्हव रे नाखवा वल्हव रे...



काठी न् घोंगडं घेऊ द्या की रं...

**નીચેના પ્રશ્નો વિશે વર્ગમાં ચર્ચા કરો.**

ઉપર આપેલા ગીતપ્રકારો તમે સાંભળ્યા છે? કયા પ્રસંગે સાંભળ્યા છે? ઉપર આપેલાં ગીતોમાં કયા વાદ્યો વગાડવામાં આવ્યાં છે? તમારા ગામમાં કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવવામાં આવે છે? તેમાં કયાં ગીતો ગાવામાં આવે છે?

આજે આપણે આવાં જ કેટલાક ગીતોનો પરિચય મેળવવાના છીએ. આપણા ગામમાં તહેવારો, ઉત્સવો અથવા આનંદના પ્રસંગોએ જે ગીતો ગાવામાં આવે છે, તેને લોકસંગીત કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે – વાસુદેવ ગીત, ગોંધળ, ભારૂડ, ભોંડલાનાં ગીતો વગેરે.

- લોકસંગીત વિશે સવિસ્તાર માહિતી આપીને તેના વિશે ચર્ચા કરવી.
- લોકગીતોમાં જોવા મળતું લોકજીવન, સંસ્કૃતિ, ગુજરાતી લોકગીતો વિશે ચર્ચા કરવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –4
C – 4.1/4.2
LO–04AE51/53

## કોકણમાં વિવિધ ઉત્સવ પ્રસંગે પ્રારંભમાં ગવાતું નમન ગીત.

गणा धाव रे मला पाव रे॥ध्रृ॥
तुझ्या प्रेमाचे किती गुण गाऊ रे
तू दर्शन आम्हाला दाव रे ॥१॥
तुझ्या कृपेची छाया असू दे
ध्यानी-मनी नाम तुझे ठसू दे ॥२॥
माझी वादलात सापडली नाव रे
दूर किनारी हाय माझा गाव रे ॥३॥





### શું તમે જાણો છો?

આ ગીત મુખ્યત્વે કોકણમાં વિવિધ ઉત્સવોની શરૂઆતમાં નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવે છે. તેને જાખડી નૃત્ય કહેવામાં આવે છે. નર્તકોના સમૂહની મધ્યમાં ઢોલકી, મૃદંગ અને ઝાંઝ વગાડનારા તેમજ ગાનારા લોકો બેસે છે.

નર્તક (બાલ્યા) : તેમની ફરતે બાલ્યા (નર્તક) પગમાં ઘૂઘરુ (ચાળ) બાંધીને ગોળ ફેરા ફરીને નૃત્ય કરે છે.

- ગીતનો મહાવરો કરાવવો. ગીત માટે જરૂરી વાદ્યો વિશે માહિતી આપવી.
- કોકણના વિવિધ ઉત્સવો વિશે ચર્ચા કરવી તેમજ ઉત્સવોમાં જાખડી નૃત્ય અને ગાયનમાં વગાડવામાં આવતા વાદ્યો વિશે ચર્ચા કરવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG-4
C- 4.1/4.2
LO-04AE51/52/53

ગોંધળ ગીત, મહારાષ્ટ્રનો પ્રાચીન લોકપ્રિય કલાપ્રકાર છે. આદિશક્તિ દેવીની ઉપાસના માટે આ ગોંધળ ગીત ગાવામાં આવે છે.



**गोंधळ**

होऊ दे सर्वदिशी मंगळ
झडवितो रात्रंदिन संबळ
खुलवितो दिवटी दीप कळी,
आम्ही अंबेचे गोंधळी
(उधे गं अंबे उधे)
घरोघरी हिंडतो न् गोंधळ आईचा मांडतो
आईचा मांडतो न् गोंधळ देवीचा मांडतो
भवानी बसली ओठीगळी
आम्ही अंबेचे गोंधळी॥

**कवी– शाहीर साबळे**

ગોંધળ ગીતમાં મુખ્યત્વે હારમોનિયમ, તુણતુણો( એકતારો), સંબળ, મંજીરા, ઝાંઝ, દીમડી જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.



**कोळीगीत**

चांदवा आला नभांगणी .. दर्या उसळला।
धुंद पिठोरी पुनव हासली .. आनंद गो झाला
चंदेरी दुनिया चमकती.. दर्याला भाषा उमगती ।
वल्हव सारंगा.. नाव दे लोटून, सोडून जाऊ बंदराला
मनात लाटा फेसाळती तुषार सुखात भिजवती।
गार गार वारा.. जीव बावरां.. आलीया भरती किनाऱ्याला।
माखून घेऊ चांदण्याला.. पिठोरी एकांत संगतीला
खर्जात लाटा– जुळलंय गाणं.. लागंल मासळी जाल्याला

**कवी – राजेंद्र अत्रे**

કોળી ગીત માટે ઢોલકી, ઘુંઘરુ, હાર્મોનિયમ, ઝાંઝનો ઉપયોગ કરવામાં આવે છે.

**શું તમે જાણો છો ?**

કોકણના કોળી બંધુઓ તહેવાર-ઉત્સવ, આનંદના પ્રસંગે પોતાની બોલી ભાષામાં આ ગીત ગાય છે.

- ઉપરના ગીતોનો મહાવરો કરાવવો.
- વિવિધ લોકગીતના પ્રકારો વિશે ચર્ચા કરવી.
- પ્રથમ પૃષ્ઠ પરના ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –4
C – 4.1/4.2
LO–04AE51/52/53

વાસુદેવ મહારાષ્ટ્રની અત્યંત પ્રાચીન અને વિશિષ્ટ પરંપરા છે. આ પરંપરા મુખ્યત્વે સમાજ પ્રબોધન/જનજાગૃતિ અને ભક્તિના પ્રસાર માટે જાણીતી છે.



## વાસુદેવ ગીત

वासुदेव आला
वासुदेव आला...

पहाट झाली स्वारी आली
अहो सूर्य देव हा जागा झाला....
वासुदेव आला वासुदेव आला.....

गळा घालून तुळशीची माळ,
हाती घेऊन चिपळ्या टाळ
म्हणे मुखाने हरिनाम बोला....
वासुदेव आला वासुदेव आला....

जगण्याचं देई भान
मागतो पसाभर दान
चला देऊ या दूधभात काला
वासुदेव आला वासुदेव आला...



**गीत– राजेंद्र सोमवंशी**

વાસુદેવ ગીત માટે કરતાલ, મંજીરા, વાંસળી, પગના ઘૂંઘરું જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

- ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને વાસુદેવ ગીત ગાઓ.

- વાસુદેવ ગીત વિશે માહિતી આપવી.
- લોકગીતના પ્રકારો વિશે ચર્ચા કરાવવી.
- પ્રથમ પૃષ્ઠ પરના ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –3/4
C – 3.1/4.2
LO–04AE48 / 52/53

લોકગીતનો બીજો લોકપ્રિય પ્રકાર એટલે ભારુડ. સમાજમાં ગીતના માધ્યમથી સાક્ષાત્કાર, અંધશ્રદ્ધા જેવી બાબતો અંગે જાગૃતિ લાવવા માટે ભારુડ રજૂ કરવામાં આવે છે.

### भारूड

**(चाल– या शेजारणीनं बरं नाही केलं गं बया..)**

ह्या शाळेमंदी शिकलो आम्ही बया।
या शाळेनं मला मोठं केलं बया॥
शिकू या सारे शिकू या
लिहा वाचाया! शिकू या!
ज्ञानाच्या वाटेवर आपण सारे चालू या ॥१॥
शाळेत खेळू, शिकू, अन् बागडू या
वाचन, लेखन सारं हास-हासत शिकू या ॥२॥
ज्ञान हेच खरे धन आहे
हे साऱ्यांना समजून सांगू या।
सुंदर आपुला देश घडवू
पुढे पुढे जाऊ या, हुशार होऊ या,
मोठे मोठे होऊ या .... ॥३॥



ભારુડ માટે હાર્મોનિયમ, મૃદંગ, મંજીરા, ઢોલકી જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

**શું તમે જાણો છો?**

સોળમી સદીમાં સંત એકનાથ મહારાજે ભારુડ કાવ્ય પ્રકારને ખરા અર્થમાં લોકપ્રિય કર્યો અને આ માધ્યમથી સમાજજાગૃતિનું કાર્ય કર્યું.

- વિદ્યાર્થીઓ સાથે ભારુડ ગીત પ્રકાર વિશે ચર્ચા કરાવવી.
- પ્રથમ પૃષ્ઠ પરના ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG -4
C - 4.2
LO-04AE52

## લોકવાદ્યોનો પરિચય


ઢોલ


ઢોલકી


ઝાંઝ


તારપા


ડફલી


લેઝીમ


સંબળ


તુણતુણો


કરતાલ


ખંજરી

ચિત્રમાં દર્શાવેલા વાદ્યો તમે કયા લોકગીતમાં જોયા છે? તેમાંથી કયા-કયા વાદ્યોના અવાજ તમે સાંભળ્યા છે? ચર્ચા કરો.

**નીચેના ચિત્રમાં દર્શાવેલા વાદ્યોનું નિરીક્ષણ કરી નામ લખો.**


..............


..............


..............


..............


..............

- ચિત્રમાં દર્શાવેલા વાદ્યો વિશે માહિતી આપવી તેમ જ તેમના અવાજ સંભળાવવા.
- આ વાદ્યો કયા-કયા ગીતપ્રકારમાં વગાડવામાં આવે છે, તે અંગે ચર્ચા કરાવવી

CG – 3
C – 3.2
LO–04AE 49

# મારી કૃતિ

૧) લોકસંગીતમાં ઉપયોગમાં લેવાતા વાદ્યોનાં નામ લખો.

લોકસંગીતનાં વાદ્યો

સંબળ

૨) પરિસરમાં ગવાતા અને તમને ગમતા લોકગીત લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

૩) નીચેના લોકસંગીતમાં કયા કયા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે, તે લખો.

અ) અભંગ-ભજન ..................................................................

બ) પોવાડા ..................................................................

ક) ભારુડ : ..................................................................

ડ) વાસુદેવ ગીત : ..................................................................

- લોકસંગીતનાં વાદ્યો વિશે ચર્ચા કરી, તેમનાં નામ જણાવવાં.
- વિદ્યાર્થીઓને મનગમતું ગુજરાતી લોકગીત લખવા કહેવું

CG –3
C – 3.2
LO– 04AE49



# ૧૨. સ્વર વેલ



નિસર્ગમાં રહેલ ધ્વનિ વિવિધ સ્વરો અને તાલોથી ભરેલું એક મોટું વાદ્યવૃંદ છે. આપણે આપણા પરિસરના વિવિધ અવાજો સાંભળીએ છીએ. ઉદા. પક્ષીઓનો કલરવ, પ્રાણીઓના અવાજો, વરસાદનો અવાજ, વહેતા પાણીનો અવાજ, પાંદડાંનો ખખડાટ વગેરે.

**નીચેના ચિત્રોમાં નૈસર્ગિક અને માનવનિર્મિત અવાજો કયા છે, તે જણાવો અને લખો.**

     

........... ........... ........... ........... ........... ...........

આ ઉપરાંત, તમે તમારા પરિસરમાં સાંભળેલા કયા અવાજો મધુર લાગ્યા અને કયા અવાજો કર્કશ લાગ્યા તે નીચેના કોષ્ટકમાં લખો.

| મધુર અવાજ | કર્કશ અવાજ |
|---|---|
| | |
| | |
| | |

ઉપરોક્ત અવાજોમાંથી તમને ગમતા કોઈ એક અવાજની નકલ કરો.

**ધ્યાનમાં રાખો :**

આપણે આપણા પરિસરમાં સાંભળેલા ઘણા અવાજો સંગીતના સ્વરો સાથે મળતા આવે છે. જે અવાજ કાનને મધુર લાગે અને તેનો નાદ સતત જળવાઈ રહે, તેને સંગીતોપયોગી ધ્વનિ કહેવામાં આવે છે.

## સંગીતોપયોગી ધ્વનિ

શંખનાદ, ઘંટનાદ, વાંસળીવાદન અને ઢોલ-તાસા વગેરે સંગીતોપયોગી ધ્વનિના ઉદાહરણ છે. આ ઉપરાંત બીજા કયા કયા ધ્વનિઓ સંગીતમાં વપરાય છે અથવા વાપરી શકાય છે, તેની યાદી બનાવો અને તે વિશે ચર્ચા કરો.

- મધુર અવાજ અને કર્કશ અવાજ વિશે ચર્ચા કરાવવી.
- અન્ય વિદ્યાર્થીઓ સાથે વિવિધ અવાજો વિશે ચર્ચા કરવા જણાવવું.
- સંગીતોપયોગી અવાજોનાં ઉદાહરણો આપીને ચર્ચા કરાવવી.

CG -3/4
C - 3.1/4.1
LO-04AE47/50

## સ્વર અને સ્વરના પ્રકાર

**ધ્યાનમાં રાખો :**
કાનને મધુર લાગતા અને ચોક્કસ કંપનની સંખ્યા ધરાવતા નાદને ‘સ્વર’ કહેવામાં આવે છે.

તમને અ, આ, ઇ, ઈ, આ અક્ષરો તો ખબર છે.

જેમ ગુજરાતી ભાષાનું લેખન અને વાંચન કરવા માટે બારાખડીની જરૂર પડે છે, તેમા સંગીતમાં સાત સ્વર હોય છે, જેને ‘સપ્તક’ કહેવામાં આવે છે.

**સા રે ગ મ પ ધ નિ**

સંગીતમાં સાત સ્વરો ઉપરાંત બીજા પાંચ સ્વરો પણ જોવા મળે છે.

**સ્વરના પ્રકાર–સ્વરોના ત્રણ પ્રકાર છે.**

૧) મૂળ સાત સ્વરોને ‘શુદ્ધ સ્વર’ કહેવામાં આવે છે. **સા રે ગ મ પ ધ નિ**

૨) જે સ્વરને તેના મૂળ સ્થાન કરતાં અડધો સ્વર નીચે ગાવામાં આવે, તેમને ‘કોમળ સ્વર’ કહેવાય. કોમળ સ્વર લખતી વખતે સ્વરની નીચે ‘ _ ’ આડી લીટીનું –ચિહ્ન દોરવામાં આવે છે.
રે, ગ, ધ, નિ

૩) જે સ્વરને તેના મૂળ સ્થાન કરતાં અડધો સ્વર ઊંચો ગાવામાં આવે છે, તેને ‘તીવ્ર સ્વર’ કહેવામાં આવે છે. તીવ્ર સ્વરને ઓળખવા માટે સ્વરની ઉપર ઊભી લીટીનું ચિહ્ન કરવામાં આવે છે. ˈમ

**સાત શુદ્ધ + ચાર કોમળ + એક તીવ્ર સ્વર = બાર સ્વર**

**શુદ્ધ, કોમળ અને તીવ્ર એ ૧૨ સ્વરોનો ક્રમ નીચે પ્રમાણે છે :**

| સા | રે | રે | ગ | ગ | મ | ˈમ | પ | ધ | ધ | નિ | નિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શુદ્ધ | કોમળ | શુદ્ધ | કોમળ | શુદ્ધ | શુદ્ધ | તીવ્ર | શુદ્ધ | કોમળ | શુદ્ધ | કોમળ | શુદ્ધ |

## સ્વર અલંકાર

**સ્વરોની નિયમિત અને ક્રમબદ્ધ રચનાને સ્વર અલંકાર કહેવામાં આવે છે.**

નીચે આપેલા શુદ્ધ સ્વર અલંકારોનો અભ્યાસ કરો.

૧) સ્વરોનો ચઢતો ક્રમ આરોહ – સારેગ રેગમ ગમપ મપધ પધનિ ધનિસાં
સ્વરોનો ઊતરતો ક્રમ અવરોહ – સાંનિધ નિધપ ધપમ પમગ મગરે ગરેસા

૨) આરોહ – સારેગમ રેગમપ ગમપધ મપધનિ પધનિસાં
અવરોહ – સાંનિધપ નિધપમ ધપમગ પમગરે મગરેસા

આ પ્રમાણે સ્વરોના જુદા જુદા પ્રકારના આકૃતિબંધ તૈયાર કરીને સ્વર અલંકાર બનાવો.

- સ્વરોના ચઢતા ક્રમ અને ઊતરતા ક્રમ વિશે ચર્ચા કરવી.
- સ્વર અને સ્વરોના પ્રકારો વચ્ચેનો તફાવત સમજાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો.

CG –2
C – 2.2
LO –
04AE46

**ધ્યાનમાં રાખો :**

સંગીતનું સપ્તક પૂર્ણ કરવા માટે તાર સપ્તકના 'સાં' નો ઉપયોગ કરવામાં આવે છે.

સા અને પ અચળ સ્વર છે. (તેમના માટે કોઈ ચિહ્ન હોતું નથી.)

રે, ગ, ધ નિ-સ્વરની નીચે લીટી હોય તો તે કોમળ સ્વર છે.

મ - સ્વરની ઉપર ઊભી લીટી હોય તો તે તીવ્ર સ્વર દર્શાવે છે.

## મારી કૃતિ

**અ) ખાલી જગ્યા પૂરો.**

૧. ------------- કોમળ સ્વર છે.

૨. ------------- તીવ્ર સ્વર છે.

૩. સંગીતમાં ------------- શુદ્ધ સ્વર છે.

**બ) અલંકાર પૂર્ણ કરો અને સૂર સાથે ગાવાનો અભ્યાસ કરો.**

૧. આરોહ : સારેગ રેગમ ..........................................

અવરોહ : સાંનિધ નિધપ ..........................................

૨. આરોહ : સારેગમ રેગમપ ..........................................

અવરોહ : સાંનિધપ નિધપમ ..........................................

**ક) સ્વરના પ્રકાર લખો.**

૧. ........................ ૨. ........................ ૩. ........................

**ડ) નીચેના ચોરસમાં બાર સ્વર પૂર્ણ કરો.**

| સા | | રે | | ગ | મ | | પ | ધ | | | નિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

- અલંકારનો મહાવરો કરાવવો.
- ઉપલબ્ધ સાધન અથવા હાર્મોનિયમ ઍપના માધ્યમથી અલંકારનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો

CG -2
C - 2.2
LO-04AE46



# ૧૩. ચાલો, તાલ પકડીએ...



આપણને ગમતા ગીત સાથે આપણા પગ અજાણતાં જ તાલ આપવા લાગે છે. ક્યારેક આપણે હાથેથી બેન્ચ પર તાલ આપીએ છીએ, તો ક્યારેક તાળી પાડીને તાલ આપીએ છીએ.

હવે, આપણે એક રમત રમીએ.

થાળી-ચમચી અથવા વાટકી-ચમચી લઈને એક, બે, ત્રણ, ચાર - એક, બે, ત્રણ, ચાર એમ તાલ આપીએ અથવા પ્લાસ્ટિકની ખાલી બાટલીમાં રેતી કે દાળ ભરીને એક, બે, ત્રણ, ચાર - એક, બે, ત્રણ, ચાર એમ તાલ આપીએ.

**ધ્યાનમાં રાખો :**

ગાયન, વાદન અને નૃત્યમાં સમય માપવાની શિસ્તબદ્ધ પદ્ધતિને 'તાલ' કહેવામાં આવે છે.

સંગીતમાં અનેક પ્રકારના તાલ હોય છે. તાલમાં માત્રા, વિભાગ, સમ અને કાલ જેવા ભાગો હોય છે. આ ભાગો વિશે ટૂંકમાં માહિતી મેળવીએ.

૧) **માત્રા –** તાલ ગણવા માટે વપરાતો દરેક ઠેકો એટલે **'માત્રા'**.

૨) **વિભાગ –** તાલની માત્રાઓના નાના સમૂહોને **'વિભાગ'** કહેવામાં આવે છે.

૩) **સમ –** તાલની પહેલી માત્રાને સમ કહેવાય છે. પહેલી માત્રા પર જોરથી તાળી પાડીને 'સમ' દર્શાવવામાં આવે છે. સમને 'X' ચિહ્ન વડે દર્શાવવામાં આવે છે.

૪) **કાલ –** તાલની જે માત્રા તાળી પાડ્યા વગર બંને હાથ હવામાં બાજુએ ફેલાવીને દર્શાવવામાં આવે છે, તે માત્રાને 'કાલ' કહેવામાં આવે છે. કાલને 'o' ચિહ્ન વડે દર્શાવવામાં આવે છે.

આજે આપણે સંગીતના બે તાલ વિશે માહિતી મેળવીને તાળી પાડીને તેનો મહાવરો કરીશું.

**તાલ કહેરવા**

માત્રા : ૮ વિભાગ : ૨ (૪-૪ માત્રાના)

સમ : ૧લી માત્રા પર કાલ : ૫મી માત્રા પર

| માત્રા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | ગે | ન | તી | ન | ક | ધી | ન |
| ચિહ્ન | X | | | | o | | | |
| | સમ | | | | કાલ | | | |

**પાઠ્યપુસ્તકમાં આપેલું 'દુનિયાની અજાયબીઓ' ગીત કહેરવા તાલમાં છે. તાલ મુજબ તાળી પાડીને ગીતનો મહાવરો કરવો.**

- અંક બોલીને તાળી પાડતાં તાલનો મહાવરો કરાવવો.
- તાલમાં સ્વર અલંકારનો અભ્યાસ કરાવવો.
- તાલ મુજબ તાળી પાડીને કહેરવા તાલનાં ગીતોનો મહાવરો કરાવવો.
- રમત કેવી રીતે રમવી, તે વિદ્યાર્થીઓને સમજાવવું.

CG -1/3
C - 1.1/3.2
LO-04AE41
/43




## કહેરવા તાલનું વર્તુળ

- મેદાનમાં અથવા વર્ગખંડમાં ચોકથી એક મોટું વર્તુળ દોરો.
- આ વર્તુળને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૮ સમાન ભાગોમાં વહેંચો અને તેમને અનુક્રમે ૧થી ૮ નંબર આપો.
- ૧ નંબરના ભાગ પર મોટા અક્ષરમાં ‘ધા’ (સમ – X) લખો.
- ૫ નંબરના ભાગ પર મોટા અક્ષરમાં ‘ન’ (કાલ – O) લખો.

- જૂથ બનાવો. વર્ગના ૮ વિદ્યાર્થીઓને આ વર્તુળના ૮ ભાગોમાં ઊભા રાખો. (ચિત્રમાં બાળકો ઊભા છે તે પ્રમાણે.) વર્ગના બાકીના વિદ્યાર્થીઓએ વર્તુળની બહાર રહીને નિરીક્ષણ કરવું.
- કૃતિ અને હલનચલન : દરેક અંક (માત્રા) પર વર્તુળમાં ઊભેલા વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણે કૃતિ કરવી.
- ૧લી માત્રા (સમ – ધા): ૧ નંબર પર ઊભેલા વિદ્યાર્થીએ બંને હાથ હવામાં ઊંચા કરીને જોરથી ‘ધા’ બોલતાં કૂદકો મારવો. (બાકીના બધા વિદ્યાર્થીઓ પણ જોરથી તાળી પાડશે.)
- ૨, ૩, ૪ માત્રા (ગે, ન, તી): અનુક્રમે ૨, ૩ અને ૪ નંબર પર ઊભેલા વિદ્યાર્થીઓએ પોતાની જગ્યાએ માત્ર એક હળવી તાળી પાડીને પોતપોતાના બોલ બોલવા.
- ૫મી માત્રા (કાલ – ન): ૫ નંબર પર ઊભેલા વિદ્યાર્થીએ ‘ન’ બોલતી વખતે તાળી ન પાડવી. તેના બદલે બંને હાથ બાજુમાં ફેલાવીને ‘કાલ’ (ખાલી જગ્યા) દર્શાવવી.
- ૬, ૭, ૮ માત્રા (ક, ધી, ન): અનુક્રમે ૬, ૭ અને ૮ નંબર પર ઊભેલા વિદ્યાર્થીઓએ પોતાની જગ્યાએ હળવી તાળી પાડીને બોલ પૂર્ણ કરવો.

રમતનો બીજો તબક્કો : ફરતું વર્તુળ

જ્યારે તમને પોતાની જગ્યાના બોલ સારી રીતે યાદ રહી જાય, ત્યારે સંગીત અથવા તાળીઓના તાલ સાથે ઘડિયાળના કાંટાની દિશામાં (Clockwise) વર્તુળની આસપાસ ફરવું.

શિક્ષક '૧' અથવા 'ધા' કહે ત્યારે જે વિદ્યાર્થી ૧ નંબરના ભાગ (સમ) પર હોય, તેણે તરત કૂદકો મારીને જોરથી તાળી પાડવી.

- શિક્ષક '૫' અથવા 'કાલ' કહે ત્યારે જે વિદ્યાર્થી ૫ નંબર પર હોય, તેણે તાળી પાડ્યા વગર હાથ ફેલાવીને 'કાલ' દર્શાવવો. આ રીતે રમત રમવી.
- વર્ગના તમામ વિદ્યાર્થીઓએ જૂથ બનાવીને આ તાલની રમત રમવી.

### દાદરા તાલ

માત્રા : ૬ વિભાગ : ૨ (૩ + ૩ માત્રાના)

સમ : ૧લી માત્રા પર કાલ : ૪થી માત્રા પર

| માત્રા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | ધી | ના | ધા | તી | ના |
| ચિહ્ન | X | | | O | | |
| | સમ | | | કાલ | | |



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૧ | ૧ |
| ધા | ધી | ના | ધા | તી | ના |
| X | | | O | | |
| સમ | | | કાલ | | |

પાઠ્યપુસ્તકમાં આપેલું ગીત દાદરા તાલમાં છે. તાલ મુજબ તાળી વગાડીને ગીતનો મહાવરો કરવો.

## દાદરા તાલની રેલગાડી

દાદરા તાલમાં ૬ માત્રા અને ૩-૩ માત્રાના ૨ વિભાગ હોય છે. ૧લી માત્રા પર 'સમ' (તાળી) અને ૪થી માત્રા પર 'કાલ' (ખાલી) હોય છે.

- વર્ગના ૬ વિદ્યાર્થીઓને ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એક સીધી હરોળમાં એકબીજાની બાજુમાં ઊભા રાખો.
- તેમને અનુક્રમે ૧થી ૬ નંબર આપો.
- દરેક વિદ્યાર્થી માટે તેનો એક ચોક્કસ 'બોલ' (ઠેકો) નક્કી કરો:

- નંબર ૧ = ધા (સમ)
- નંબર ૨ = ધી
- નંબર ૩ = ના
- નંબર ૪ = ધા (કાલ)
- નંબર ૫ = તી
- નંબર ૬ = ના

- તબક્કો ૧ : ધીમી ગતિએ મહાવરો : શિક્ષક અથવા વર્ગના અન્ય બાળકો ધીમી ગતિએ ૧થી ૬ સુધીના આંકડા ગણશે. જે વિદ્યાર્થીનો નંબર આવે, તે પોતાનો બોલ બોલીને નીચેની ક્રિયા કરશે:
- નંબર ૧ (ધા - સમ): આ વિદ્યાર્થીએ જોરથી 'ધા!' બોલીને બંને હાથેથી મોટેથી તાળી પાડવી અને પોતાની જગ્યાએ નાનો કૂદકો મારવો.
- નંબર ૨ અને ૩ (ધી, ના): આ વિદ્યાર્થીઓએ પોતપોતાના બોલ બોલીને ધીમેથી ચપટી વગાડવી અથવા જમીન પર પગેથી હળવેથી ટૅપ કરવું
- નંબર ૪ (ધા - કાલ): આ તાલનો 'કાલ' (ખાલી) છે. તેથી નંબર ૪ના વિદ્યાર્થીએ 'ધા!' બોલતી વખતે તાળી પાડવી નહીં. તેના બદલે બંને હાથ હવામાં બાજુમાં ફેલાવીને માથું હલાવવું. (તાળી નથી પાડવાની તે દર્શાવવા)
- નંબર ૫ અને ૬ (તી, ના): આ વિદ્યાર્થીઓએ નંબર ૨ અને ૩ની જેમ ધીમેથી ચપટી વગાડીને પોતાનો બોલ પૂર્ણ કરવો.
- તબક્કો ૨ : ગતિ વધારવી : એકવાર ક્રમ પ્રમાણે બોલ આવડી જાય પછી શિક્ષકે તાલની ગતિ ધીમે ધીમે વધારવી. ૧થી ૬નું આવર્તન સતત ચાલુ રાખવું. આનાથી બાળકોમાં એક સુંદર સંગીત નિર્માણ થશે. ''ધા (તાળી) - ધી - ના  ધા (હાથ ફેલાવવા) - તી - ના''

# મારી કૃતિ

**૧) ખાલી જગ્યામાં યોગ્ય ચિહ્ન લખો.**

અ) સમ .............. ચિહ્ન દ્વારા દર્શાવવામાં આવે છે.

બ) કાલ ............... ચિહ્ન દ્વારા દર્શાવવામાં આવે છે.

**૨) નીચેનો આકૃતિબંધ પૂર્ણ કરો.**

અ]

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ગે | | | \| | ન | ક | | |

બ]

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ધા | ધી | ના | \| | | | |

**૩) નીચે આપેલ તાલની માહિતીનું કોષ્ટક પૂર્ણ કરો.**

| તાલ | માત્રા | વિભાગ/ખંડ | સમ | કાલ |
|---|---|---|---|---|
| કહેરવા | | | | |
| દાદરા | | | | |

- રમત કેવી રીતે રમવી તે વિદ્યાર્થીઓને સમજાવવું.
- તાલની તાળી સાથે ગીતોનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ.આર.કોડને સ્કેન કરીને સૂરતાલ સહિત મહાવરો કરાવવો

CG –1/2
C – 1.1/2.1
LO–04AE41 / 43

# નૃત્ય







# ૧૪. નાચીએ આનંદથી

બાળમિત્રો, આપણું શરીર લવચીક છે. શરીરમાં વિવિધ રમતગમત અને નૃત્ય સંબંધી હલનચલન કરવાની ક્ષમતા હોય છે. જેમ કે- કૂદકાં મારવા, વાંકું વળવું, ફરવું વગેરે. જ્યારે આપણે આ હલનચલનમાં લય અને તાલ ઉમેરીએ છીએ ત્યારે તે નૃત્યનું સ્વરૂપ ધારણ કરે છે.




## નૃત્ય

સમગ્ર શરીરનો ઉપયોગ કરીને સંગીત અને તાલના આધારે કરાતી લાગણીઓની અભિવ્યક્તિને નૃત્ય કહેવામાં આવે છે.

બાળમિત્રો, આનંદ વ્યક્ત કરવા માટે નૃત્ય કરવામાં આવે છે.

નૃત્યના અનેક લાભો છે.

તમને નૃત્ય કરવું શા માટે ગમે છે? તે લખો.

------------------

------------------

------------------

------------------

------------------

------------------

- વર્ગમાં નૃત્યની પરિભાષા અને તેના તેના લાભો સમજાવવા.
- માનવજીવનમાં નૃત્યનાં મહત્વ અંગે વર્ગમાં ચર્ચા કરાવવી તેમ જ તે વિશે ૧-૨ વાક્ય લખવા પ્રેરિત કરવા.

CG – 1
C – 1.1
LO – 04AE54

## એકલ નૃત્ય

## ચાલો, નૃત્ય કરીએ!

આપણને સૌને રમતો રમવી ગમે છે ને? આ રમતોમાં નૃત્યની હિલચાલ કઈ રીતે છુપાયેલી છે, તે જોઈએ!

નીચે આપેલી હિલચાલોનું નિરીક્ષણ કરો અને પ્રત્યક્ષ કરી જુઓ.




(લંગડીની રમતમાં રહેલી નૃત્યમય હિલચાલ ડાબી અને જમણી બાજુએ કૂદકો મારી કરી જુઓ.)



(તરવાની ક્રિયામાં રહેલી નૃત્યમય હિલચાલ ડાબી અને જમણી બાજુએ કરી જુઓ.)

બાળકો, મજા આવી ને? તો ચાલો, હવે આવી જ કેટલીક રમતો શોધીએ અને તેમની હિલચાલને નૃત્યની હિલચાલમાં કેવી રીતે રૂપાંતરિત કરી શકાય તેની કલ્પના કરીએ અને તે કૃતિ કરીએ.

- કૃતિમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરવા કહેવું તેમ જ પ્રત્યક્ષ કરવા પ્રેરિત કરવા.
- વર્ગમાં વિદ્યાર્થીઓને વિવિધ કૃતિઓ અને હિલચાલો વિશે ચર્ચા કરવા તેમ જ તે હિલચાલ પ્રત્યક્ષ કરવા પ્રેરિત કરવા.

CG – 1
C – 1.1
LO – 04AE54

## જોઈએ – શીખીએ – નાચીએ!

અત્યાર સુધી આપણે નૃત્ય સંબંધી થોડું હલનચલન એકલા કરતાં શીખ્યા છીએ. પરંતુ જો આપણે સૌ મિત્રો સાથે મળીને નાચીશું તો વધુ મજા આવશે, ખરું ને ?

સમૂહમાં નાચતી વખતે આપણે એકબીજા સાથે તાલ મેળવીએ છીએ, એકસમાન હલનચલન કરીએ છીએ અને આનંદપૂર્વક નૃત્ય રજૂ કરીએ છીએ. ત્યારે એક જુદી જ ઊર્જાનો અનુભવ થાય છે. હવે આપણે આ વિશે વધુ માહિતી મેળવીએ.

જ્યારે બે અથવા બે કરતાં વધુ વ્યક્તિઓ એકસાથે એક જ તાલ અને લયમાં નૃત્ય રજૂ કરે છે, ત્યારે તેને 'સમૂહ નૃત્ય' (Group Dance) કહેવામાં આવે છે.

સમૂહ નૃત્યથી શું શું લાભ થાય છે, તે જોઈએ.

**સમૂહ નૃત્યથી**

- મિત્રતા અને પરસ્પર સમન્વય વધે છે.
- એકતા અને સહકારની ભાવના વિકસે છે.
- તાલ અને લયની સમજ વધે છે.
- શિસ્ત કેળવાય છે.
- આનંદ મળે છે.
- સામૂહિક સમન્વય વિકસે છે.

સમૂહ નૃત્યમાં લોકનૃત્યોનો પણ સમાવેશ થાય છે. તહેવારો અને ઉત્સવો આનંદપૂર્વક ઉજવવા માટે સૌ સાથે મળીને નૃત્ય કરે છે. આ રીતે લોકનૃત્યનું નિર્માણ થાય છે.

પુસ્તકના પ્રથમ પાનાં પર આપેલા ક્યૂ.આર. કોડ દ્વારા પરિચિત નૃત્યનો વીડિયો જુઓ. તેમાં દર્શાવેલ નૃત્ય સંબંધી હલનચલનનું નિરીક્ષણ કરી, તેનું અનુકરણ, મહાવરો અને પ્રસ્તુતિકરણ કરો.

- વિદ્યાર્થીઓને પરિચિત નૃત્યનો વીડિયો બતાવી, તેનું અનુકરણ, મહાવરો અને પ્રસ્તુતિકરણ કરવા પ્રેરિત કરવા.

CG – 1
C – 1.1, 1.2
LO–04AE54/55

## સૌ સાથે મળીને નાચીએ!

**આપેલા સમૂહ નૃત્યના ચિત્રોનું નિરીક્ષણ કરો અને તે નૃત્ય પ્રત્યક્ષ કરી જુઓ.**

### ૧. ધનગર નૃત્ય

ધનગર નૃત્ય, મહારાષ્ટ્રના ધનગર સમાજનું પરંપરાગત લોકનૃત્ય છે. આ નૃત્ય મુખ્યત્વે તહેવારો, યાત્રા અને ઉત્સવોના પ્રસંગે રજૂ કરવામાં આવે છે. ઢોલ, હલગી અને પિપાણીના તાલ પર ઉત્સાહપૂર્વક આ નૃત્ય કરવામાં આવે છે.



ધનગર નૃત્ય હલનચલન ૧



ધનગર નૃત્ય હલનચલન ૨

### ૨. લેઝીમ

લેઝીમ મહારાષ્ટ્રનું પરંપરાગત લોકનૃત્ય છે. હાથમાં લેઝીમ લઈને તાલબદ્ધ હલનચલન કરતાં કરતાં તેમ જ કૂદકા મારતા સંગીતના તાલ પર આ નૃત્ય કરવામાં આવે છે.



લેઝીમ હલનચલન ૧



લેઝીમ હલનચલન ૨

- વિદ્યાર્થીઓ પાસે લેઝીમ અને ધનગર નૃત્યનું પ્રાત્યક્ષિક કરાવવું.

CG – 1
C – 1.1, 1.2
LO–04AE54 /55

### ૩. લાવણી

લાવણી મહારાષ્ટ્રનું અત્યંત લોકપ્રિય લોકનૃત્ય છે. આ નૃત્ય મુખ્યત્વે ઢોલકીના તાલ પર રજૂ કરવામાં આવે છે. લાવણીમાં અભિનય, મુખાભિનય અને ભાવસભર હલનચલનનું વિશેષ મહત્વ છે.



લાવણી હલનચલન ૧



લાવણી હલનચલન ૨

### ૪. વારલી નૃત્ય

વારલી નૃત્ય વારલી આદિવાસી સમાજનું પરંપરાગત લોકનૃત્ય છે. આ નૃત્ય તહેવાર, લગ્નપ્રસંગ અને આનંદના અવસરે કરવામાં આવે છે. આ નૃત્ય દ્વારા પ્રકૃતિ, એકતા અને સામૂહિક જીવનનું સુંદર દર્શન થાય છે. સાદગી અને ઉત્સાહ વારલી નૃત્યની વિશેષતા છે.



વારલી હલનચલન ૧



વારલી હલનચલન ૨

પુસ્તકના પ્રથમ પાનાં પર આપેલા ક્યૂ.આર. કોડમાં આપેલા વીડિયો જુઓ. વીડિયોમાં દર્શાવેલ નૃત્ય સંબંધી હલનચલનનું નિરીક્ષણ કરી, તેનું અનુકરણ, મહાવરો, પ્રસ્તુતિકરણ કરો.

## મારી કૃતિ

વર્ગમાં વિવિધ જૂથો બનાવો. દરેક જૂથે લોકનૃત્યનો મહાવરો કરી વર્ગમાં રજૂ કરવું.

- ચિત્રોના આધારે નૃત્ય હલનચલન કરવામાં મદદરૂપ થવું.
- પરિચિત નૃત્યોના વીડિયો બતાવવા અને વિદ્યાર્થીઓને તેનું અનુકરણ, મહાવરો, પ્રસ્તુતિકરણ પ્રેરિત કરવા.
- વિદ્યાર્થીઓને 'ગરબા' લોકનૃત્ય વિશે જણાવવું.

CG – 1
C – 1.1, 1.2
LO–04AE54/55

# ૧૫. નૃત્યમય જીવન

## હલનચલનમાંથી નૃત્ય

આપણે રોજિંદા જીવનમાં અનેક પ્રકારનું હલનચલન કરીએ છીએ. જેમ કે ચાલવું, દોડવું, વળવું, કૂદકાં મારવાં, હાથ હલાવવાં વગેરે. આ રોજિંદા હલનચલનનો ઉપયોગ નૃત્યમાં પણ થાય છે, પરંતુ તે લય, તાલ અને ભાવ સહિત કરવામાં આવે છે. તેથી આ સામાન્ય હલનચલન પણ નૃત્યમય હલનચલન જેવું દેખાય છે. ચાલો, આવું કેટલુંક હલનચલન કરીને નૃત્યનો આનંદ અનુભવીએ.

## આપણી આસપાસનું નૃત્ય!

**નીચે આપેલ હલનચલનનું નિરીક્ષણ કરો અને પ્રત્યક્ષ કરી જુઓ.**









## ચાલો, કરીએ!

વર્ગમાં રોજિંદા જીવનમાં થતા આવા અન્ય હલનચલન વિશે ચર્ચા કરો અને ગીતના આધારે તે કૃતિ કરી જુઓ.

- કૃતિમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરવા કહેવું તેમ જ પ્રત્યક્ષ કરવા પ્રેરિત કરવા.
- વર્ગમાં વિવિધ કૃતિ અને હલનચલન વિશે ચર્ચા કરવા તેમજ પ્રત્યક્ષ કરવા પ્રેરિત કરવા.

CG – 4
C – 4.1
04AE56/59/61

## ● હાથની બોલી

આપણે રોજિંદા જીવનમાં હાથની હથેળી અને આંગળીઓનો વિવિધ રીતે ઉપયોગ કરીએ છીએ. આ હલનચલનમાં પણ નૃત્ય છુપાયેલું હોય છે. ચાલો, આવા નૃત્યમય હલનચલનને ઓળખીએ.ચાલો, **હસ્તમુદ્રાઓની ભાષા બોલીએ!**

નીચે આપેલી હસ્તમુદ્રાનો આપણે રોજિંદા જીવનમાં કેવી રીતે ઉપયોગ કરીએ છીએ, તે વિશે વર્ગમાં ચર્ચા કરો. તે હલનચલનની પ્રત્યક્ષ પ્રસ્તુતિ રજૂ કરો અને નીચે આપેલી જગ્યામાં તેના ઉપયોગોની યાદી લખો.

**૧. અલપદ્મ હસ્તમુદ્રા**




______________________

______________________

______________________

**૨. સૂચિ હસ્તમુદ્રા**




______________________

______________________

______________________

**૩. શિખર હસ્તમુદ્રા**




______________________

______________________

______________________

● ઉપર આપેલી હસ્તમુદ્રાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કેવી રીતે થાય છે તે અંગે વર્ગમાં ચર્ચા કરી પ્રત્યક્ષ કરવા કહેવું.

CG – 4
C – 4.1
04AE56/59/61

## ચાલો, જોડકાં જોડીએ!

આપણે કેટલીક હસ્તમુદ્રાઓ જોઈ. નીચે કેટલાંક ચિત્રો આપવામાં આવ્યાં છે. આ હસ્તમુદ્રાઓનો ઉપયોગ શેના માટે થઈ શકે, તેની કલ્પના કરો. હવે તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરીને જોઈએ. આપેલી હસ્તમુદ્રાઓ નીચનામાંથી કયા ચિત્ર સાથે સંબંધિત છે, તેને રેખા દોરીને જોડો.

૧.  

૨.  

૩.  

૪.  

૫.  

- યોગ્ય જોડકાં જોડવામાં સહાયક થવું.

CG – 4
C – 4.1
04AE59/61

## નિસર્ગમાં રહેલું નૃત્યમય હલનચલન

નિસર્ગમાં અનેક સુંદર હલનચલન જોવા મળે છે. ઝાડનાં પાંદડાં અને ફૂલો પવનમાં ડોલે છે, વરસાદની હેલી વરસે છે અને નદી વહે છે. આ હલનચલનમાં લય, ગતિ અને સૌંદર્ય રહેલું છે. નૃત્યમાં કરાતું હલનચલન પણ આવી જ રીતે લયબદ્ધ અને સુંદર હોય છે. તેથી નિસર્ગમાં થતાં વિવિધ હલનચલનમાંથી નૃત્યની પ્રેરણા મળે છે.

## નિસર્ગમાં નૃત્ય શોધીએ!

નીચે આપેલાં ચિત્રોમાં દર્શાવેલ હલનચલન ઓળખી, તેને નૃત્યમય રીતે કરો.

૧.





૨.





૩.





- આપેલાં ચિત્રોમાં દર્શાવેલ હલનચલન ઓળખી, તેને નૃત્યમય રીતે કરવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.

CG – 4
C – 4.1
LO – 04AE59, 04AE61

૪.





૫.





**ચાલો, નૃત્ય કરી જોઈએ!**

નિસર્ગમાં જોયેલી અન્ય કૃતિઓ અને તે કૃતિઓના નૃત્યમય હલનચલન વિશે ચર્ચા કરો. તેમનું વર્ણન કરો અને તેમની તુલના કરો.

**ચાલો, કરીએ!**

અત્યાર સુધી શીખેલા વિવિધ હલનચલનનો ઉપયોગ કરીને પાઠ્યપુસ્તકમાં આપેલાં, તમને ગમતાં કાવ્ય અથવા ગીત પર નૃત્યમય હલનચલન કરો.

## મારી કૃતિ

૧. નિસર્ગનાં વિવિધ ઘટકોનાં (નદી, ફૂલ, પક્ષી, વૃક્ષ અને મેઘધનુષ્ય) સુંદર ચિત્રો દોરો. આ દરેક ઘટકોનાં હલનચલનને તમારાં શારીરિક હલનચલન દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કરો. વર્ગમાં હલનચલન રજૂ કરો અને તમારા મિત્રોએ કરેલી રજૂઆતનું નિરીક્ષણ કરો.

૨. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ તમને ગમતાં પ્રકૃતિગીત પર નૃત્ય રજૂ કરો.

- નિસર્ગમાં જોયેલી કૃતિઓ અને તે કૃતિઓના નૃત્યમય હલનચલન વિશે ચર્ચા, વર્ણન, તુલના કરવા તેમ જ પ્રત્યક્ષ હલનચલન કરવા કહેવું.
- વિદ્યાર્થીઓને પ્રકૃતિ પર આધારિત ગીત પસંદ કરી, તેના પર નૃત્ય રજૂ કરવા પ્રોત્સાહિત કરવા.

CG – 4
C – 4.1
04AE59/61

# ૧૬. નૃત્યના સાથી

નૃત્ય કરવા માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો સાથ હોવો અત્યંત જરૂરી છે. તેના વિના નૃત્યનો આનંદ માણી શકાતો નથી.

તો ચાલો, નૃત્યના સાથી કયા કયા છે તે સમજીએ.

## અ. તાલ

ગીત ગાતી વખતે અને નૃત્ય કરતી વખતે જે નિયમિત ઠેકો સંભળાય છે અને જે હલનચલનને ગતિ અને દિશા આપે છે, તેને 'તાલ' કહેવામાં આવે છે.

તાલને કારણે નૃત્ય લયબદ્ધ અને સુંદર બને છે. એટલું જ નહીં, નૃત્યને ચોક્કસ ગતિથી રજૂ કરી શકાય છે.

**તાલમાં રહેલો તફાવત ઓળખો!**

નદી કે પર્વતની રમતમાં તાલની મજા માણીએ. પર્વતમાં કૂદકો મારતી વખતે તાળી પાડો અને 'ધા ધિં ના' બોલો. નદીમાં કૂદકો મારતી વખતે કમર પર હાથ રાખો અને 'ધા તૂ ના' બોલો. આ જ રીતે તાલના બોલ બોલતાં તમારું મનગમતું નૃત્યમય હલનચલન કરો.

**તાલમાં રહેલો તફાવત ઓળખો!**

| પર્વતમાં કૂદકો મારતી વખતે તાળી પાડવી : | નદીમાં કૂદકો મારતી વખતે કમર ઉપર હાથ રાખવો |
|---|---|
| ધા ધી ના<br>૧ ૨ ૩ | ધા તી ના<br>૪ ૫ ૬ |

તાલના ઠેકા પ્રમાણે નૃત્યનું હલનચલન બદલાય છે. તે કેવી રીતે બદલાય છે, તે જાણવા માટે આગલા વર્ષે શીખેલો કેહરવા તાલ અને આ વર્ષે શીખેલો દાદરા તાલ – આ બંને તાલ પર તથા તેમના તફાવત વિશે ચર્ચા કરો. તે માટે પ્રથમ પાનાં પર આપેલ ક્યૂ.આર. કોડની મદદથી કેહરવા અને દાદરા તાલનો વીડિયો જુઓ અને બંને તાલ વચ્ચેનો તફાવત સમજો.

- વર્ગમાં કેહરવા અને દાદરા તાલ વિશે ચર્ચા કરવા જણાવવું તથા વીડિયોના આધારે તાલને કારણે નૃત્યની હલનચલનમાં થયેલો તફાવત વિદ્યાર્થીઓને સમજાવવો.
- ઉપરોક્ત રમત અને તાલમાં રહેલો તફાવત ક્યૂ.આર. કોડની મદદથી બતાવવો.

CG – 2
C – 2.2
04AE57

## બ. વાદ્યો

**ચાલો, નૃત્યમાં વાદ્યોનો ઉપયોગ કેવી રીતે થાય છે તે ટૂંકમાં સમજીએ.**

વિવિધ નૃત્ય પ્રકારો અનુસાર જુદાં જુદાં વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

**કેટલુંક હલનચલન ગોળાકાર અને પ્રવાહી હોય છે.** આ હલનચલન મધુર સંગીત પર કરવામાં આવે છે. તે માટે વાંસળી અથવા વાયોલિન જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

વાંસળી



વાયોલિન



વાંસળી અથવા વાયોલિનનો ઉપયોગ કરીને તૈયાર કરેલ સંગીતનો ઑડિયો સાંભળો. આંખો બંધ કરીને સંગીત અનુસાર મુક્ત હલનચલન કરવાની કોશિશ કરો.

**કેટલુંક હલનચલન તાલ અને ઠેકા સાથે કરવામાં આવે છે.**

તે માટે તબલા અથવા મૃદંગ જેવા તાલવાદ્યો વગાડવામાં આવે છે. આ હલનચલનમાં પગના ઠેકા અને પગની હલનચલન દ્વારા ચોક્કસ લય જોવા મળે છે.

મૃદંગ



તબલા



- વર્ગમાં પ્રવાહી હલનચલન અને ઠેકા સાથે હલનચલન કરવાની તક આપવી.
- પ્રવાહી હલનચલન કરવા માટે વાંસળી અથવા વાયોલિનના સંગીતનો ઓડિયો સાંભળીને આંખો બંધ કરી મુક્ત હલનચલન કરવાની તક આપવી.

CG – 3
C – 3.1
LO–04AE58/59 / 60

### શું તમે જાણો છો?

**વાદ્યોના પ્રકાર**

વાદ્યો મુખ્યત્વે ૪ પ્રકારનાં હોય છે –

- **તંતુવાદ્યો** – તાર દ્વારા અવાજ ઉત્પન્ન થાય છે. ઉદા. વીણા, સિતાર, તંબૂરો, સારંગી
- **તાલવાદ્યો** – થાપ મારીને વગાડવામાં આવે છે. ઉદા. તબલા, ઢોલ, મૃદંગ, નગારું
- **વાયુવાદ્યો** – ફૂંક મારીને વગાડવામાં આવે છે. ઉદા. વાંસળી, શરણાઈ, શંખ, પેટી
- **ઘનવાદ્યો** – બે ધાતુની વસ્તુઓને એકબીજા પર ઘાત કરીને વગાડવામાં આવે છે. ઉદા. કરતાલ, ઝાંઝ, ઘંટ, ચીપિયો વગેરે.

આ વાદ્યો સંગીતને લય અને મધુરતા આપે છે.

## નૃત્ય માટે ગીત અને વાદ્યોની પસંદગી

**નૃત્યની રચના કરીએ!**

તમારે તમને ગમતા કાવ્ય પર નૃત્યની રચના કરવાની છે. આ માટે તમારા પાઠ્યપુસ્તકમાં આપેલાં કાવ્યોમાંથી કોઈ એક ગીત પસંદ કરો. આ ગીત પર નૃત્ય કરવા માટે તમે કયા કયા વાદ્યોનો ઉપયોગ કરી શકો તે વિશે વર્ગમાં ચર્ચા કરો. તેમજ આ ગીત પર તમે કયા કયા નૃત્યમય હલનચલન કરી શકો તેનો વિચાર કરી, તેનો મહાવરો કરો.

- નૃત્યની રચના કરવા માટે પાઠ્યપુસ્તકમાં આપેલાં કાવ્યોમાંથી ગીતની પસંદગી કરવા જણાવવું. તે ગીત પર નૃત્ય રજૂ કરવા માટે વાદ્યોની પસંદગી અને નૃત્યમય હલનચલનની રચના અંગે માર્ગદર્શન આપવું.

CG – 3
C – 3.1
LO–04AE58/59

## મારી કૃતિ

**• નામની ગમ્મત!**

વાદ્યોનાં નામ શોધીને તેમની ફરતે ગોળ કરો.

(તુતારી, ત્રાંસુ, વાંસળી, ઝાંઝ, તબલા, ડફલી, મૃદંગ, વીણા, ઢોલકી, કરતાલ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાં | સ | ળી | ત્રાં | સુ | ત |
| તુ | મા | રી | વી | ણા | બ |
| ઢો | તા | મૃ | પ | ઝાં | લા |
| ર | લ | રી | દં | ઝ | ડ |
| ડ | ફ | કી | સ | ગ | ફ |
| ક | ર | તા | લ | ટ | લી |

**• ચાલો, વાદ્ય વગાડીએ!**

એકાદ સહેલું વાદ્ય તૈયાર કરો અથવા ઘરેથી લાવો. (દા.ત. માટીનું વાસણ, રેતી ભરેલી વાંસની લાકડી, સ્ટીલનો ગ્લાસ અને ચમચી, ડમરુ, ઢોલક વગેરે.)

ત્યારબાદ 'દાદરા' તાલ(ધા, ધિ, ના, ધા, તૂ, ના) પસંદ કરો. દરેક વિદ્યાર્થીએ એક એક અક્ષર માટે એક વાદ્ય પસંદ કરીને વગાડવું.

શરૂમાં એક પછી એક વાદ્ય વગાડો. ત્યારબાદ બધાએ સાથે મળીને તાલ વગાડવાનો પ્રયત્ન કરવો.

- વિદ્યાર્થીઓના સમાન જૂથો બનાવવાં અને સહેલાં વાદ્યો તૈયાર કરવા અંગે માર્ગદર્શન આપવું. આ સંગીતમાં સમન્વય સાધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

CG – 3
C – 3.1
LO–04AE58/59

# ૧૭. પરંપરાગત નૃત્ય

## નૃત્ય અને નૃત્યનું ગીત

ગીત અને કવિતામાં શબ્દોની સાથે લાગણીઓ, કલ્પનાઓ અને સુંદર ચિત્રો સમાયેલાં હોય છે. આ લાગણીઓ અને વિચારોને આપણે નૃત્યમય હલનચલન દ્વારા વ્યક્ત કરી શકીએ છીએ.

## ચાલો, નૃત્યની પ્રક્રિયા સમજીએ!

૧. તમને ગમતું એક કાવ્ય પસંદ કરો અને તેને ધ્યાનપૂર્વક વાંચો.

૨. કાવ્યનો અર્થ, તેમાં રહેલી લાગણીઓ અને પ્રસંગ સમજો.

૩. કાવ્યના દરેક શબ્દ માટે હલનચલન કરવું જરૂરી નથી; કાવ્યમાં રહેલા વિચારોને પ્રતીકાત્મક હલનચલન દ્વારા રજૂ કરો.

૪. હાથનું હલનચલન, ચહેરાના ભાવ અને શરીરના હલનચલનનો ઉપયોગ કરો.

૫. કાવ્યના લય અને ભાવને ધ્યાનમાં રાખીને નૃત્ય રજૂ કરો!


વાંચો


વિચારો


નૃત્ય કરો

- નૃત્યની પ્રક્રિયા ઉદાહરણ સહિત સમજાવવી.
- આપેલી સૂચનાઓનું પાલન કરવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું.

CG – 3
C – 3.2
LO–04AE60

## ચાલો, કવિતા પર નૃત્ય કરીએ.

તમને ગમતા ગીત પર નૃત્યની રચના કરવા માટે એકબીજા સાથે ચર્ચા કરીને નૃત્યમય હલનચલન પસંદ કરો. પસંદ કરેલ હલનચલનનો મહાવરો કરીને પ્રત્યક્ષ રજૂઆત કરો.

### દુનિયાની અજાયબીઓ



દુનિયા આખીમાં મારે છે,
ઘણું ઘણું જોવાનું,
અહીંયા બેસી રે'તા મારે,
શું શું નહિ ખોવાનું?
ધરતીનો છેડો ક્યાંને,
સૂરજ આવે છે ક્યાંથી?
કોયલ કાળી, પોપટ લીલો,
બગલો ધોળો શાથી?
શિયાળો ઠંડો છે શાથી?
ગરમી કેમ ઉનાળે?
ચોમાસામાં ગાજવીજ શેં?
તણખો શાથી બળે?
ચારે પગે પશુ કેમ ચાલે?
પંખીને કેમ પાંખો ?
આવી દુનિયા જોવા મુજને,
દીધી કોણે આંખો?

– સ્નેહરશ્મિ



- વિવિધ પદ્ય પર નૃત્ય રજૂ કરવા માટે વિદ્યાર્થીઓને હલનચલનની કલ્પના કરી, નૃત્યની રચના કરવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.

CG – 3
C – 3.2
Lo–04AE60

## નૃત્ય અને સંસ્કૃતિ

મહારાષ્ટ્રમાં અનેક પરંપરાગત નૃત્યપ્રકારો જોવા મળે છે. આ નૃત્યોમાં તે પ્રદેશની જીવનશૈલી, પોશાક અને સંગીતનું સુંદર પ્રતિબિંબ જોવા મળે છે. જેમ કે-લાવણી, કોળી નૃત્ય, તારપા નૃત્ય, લેઝીમ, વાઘ્યામુરળી, પાવરા નૃત્ય, વારકરી નૃત્ય વગેરે.



તારપા નૃત્ય



લેઝીમ નૃત્ય

## ચાલો, નૃત્ય વિશે ચર્ચા કરીએ!

તમારાં પરિસરમાં રજૂ કરાતા કોઈ એક નૃત્ય અથવા લોકનૃત્યનો પ્રકાર શોધો. તેના વિશે વર્ગમાં ચર્ચા કરો. તમારા મિત્રો સાથે તે નૃત્યના ૪-૫ સરળ હલનચલન કરો.

## ચાલો, નૃત્યનું ચિત્ર દોરીએ!

કોઈ એક વારલી ચિત્રનો સંદર્ભ લઈને તમારી કલ્પના પ્રમાણે 'વારલી નૃત્ય'નું ચિત્ર દોરો.

- વારલી ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને નૃત્યમય હલનચલન કરવા કહેવું. જેમ કે, એકબીજાના હાથ પકડીને ફુદરડી ફરવી અને ગોળાકાર ફરતાં નૃત્ય કરવું.
- વિદ્યાર્થીઓને ગરબા નૃત્ય કરવા પ્રોત્સાહન આપવું.

CG – 4
C – 4.2
LO–04AE62

## શીખીએ - નાચીએ!

ઉપલબ્ધ સાંસ્કૃતિક અથવા પરંપરાગત નૃત્યનું અવલોકન કરો. તેમાં કરાતા હલનચલનનું અનુકરણ, મહાવરો, પ્રસ્તુતિ કરો!

## મારી કૃતિ

**પ્રશ્નોના જવાબ શોધીએ.**



૧) ચિત્રમાં કયો નૃત્ય પ્રકાર દર્શાવ્યો છે?
૨) નૃત્ય કરતી વખતે કયા-કયા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે?
૩) કઈ રીતે ઊભા રહીને નૃત્ય કરવામાં આવી રહ્યું છે?
૪) નૃત્યની વેશભૂષા કેવી છે?

- પરિચિત સાંસ્કૃતિક/પરંપરાગત નૃત્યનો (ઉદા. ગરબા નૃત્ય) વીડિયો બતાવીને તેનું અનુકરણ, મહાવરો તેમજ રજૂઆત કરવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા. આ રીતે બાળકોને સાંસ્કૃતિક કલા પ્રકારો જોવા તેમજ સંસ્કૃતિનું મહત્ત્વ સમજવા માટે પ્રેરિત કરવા.

CG – 4
C – 4.2
LO–04AE62

# ૧૮. કલા અને સંસ્કૃતિ

આપણી સંસ્કૃતિ અને પરંપરાને વિજ્ઞાનની સાથે જોડાયેલી હોવાથી આપણને આનંદમય જીવન જીવવાની પ્રેરણા મળે છે. વિવિધ ઋતુઓ અનુસાર આવતા તહેવારો અને ઉત્સવો તેમજ પરંપરા અનુસાર દરેક ઋતુમાં આપણા સ્વાસ્થ્યને અનુકૂળ ખાદ્યપદાર્થો, વસ્ત્રો અને વિવિધ કલાઓની સુંદર અભિવ્યક્તિ જોવા મળે છે. આપણી સંસ્કૃતિનું જતન કરવાથી સૌ લોકો ભેગા થાય છે. આપણા હિતસંબંધો જોડાય છે અને સૌ સાથે મળીને આનંદ માણે છે. વિવિધ કલાઓ અને કલાકારોનું સન્માન પણ વધે છે.

**આપણો તહેવાર, આપણો ઉત્સવ**

તમારાં પરિસરમાં ઉજવાતા તહેવારો અને ઉત્સવોની યાદી તૈયાર કરો. તેમાંથી કોઈ એક તહેવાર અથવા ઉત્સવ વિશે ચિત્ર, ફોટા અને કાતરણ સંકલિત કરી માહિતી મેળવો અને સુશોભન કરો.

**ઓળખો અને પ્રસંગ લખો :-**

નીચેનાં ચિત્રોમાં દર્શાવેલા પ્રસંગોને ઓળખી, તે તહેવારો તથા ઉત્સવો વિશે માહિતી લખો.











તમારા પરિસરમાં ઉજવાતા તહેવાર અને સમારંભોનું નિરીક્ષણ કરી તે કલાત્મક પ્રસંગ જૂથમાં રજૂ કરો.

- આપણા રાજ્યની વિવિધ લોકકળા, તહેવાર-ઉત્સવ, પરંપરાગત રમત અને ખાદ્યસંસ્કૃતિમાં રહેલી કલાત્મક વિશેષતાઓ વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવવી.

CG -4
C- 4.1/4.2
LO-04AE20/21/39/38

તમામ પ્રવૃત્તિઓમાં નિત્ય વપરાશની વિવિધ વસ્તુઓનો પણ સહભાગ હોય છે. તેમાં વિવિધ ક્ષેત્રના કલાકારો પણ સહભાગી હોય છે. આ પ્રસંગો દ્વારા આપણને વિવિધ કલાકારોનો પરિચય થાય છે.



માટીકામ



વારલી ચિત્રકલા



નર્તકી



ભારૂડ કલાકાર



વાસુદેવ



રંગભૂષાકાર



ગાયિકા

- તમારા પરિસરમાં ઉજવાતા તહેવારો અને ઉત્સવોનું નિરીક્ષણ કરી તે કલા તથા કલાત્મક પ્રસંગો જૂથમાં રજૂ કરો.

CG -4
C-4.2
LO-
04AE39/52

## ક્ષેત્રમુલાકાત :

સ્થાનિક કલા અને સંસ્કૃતિને સમજવા માટે ક્ષેત્રમુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ છે. ક્ષેત્રમુલાકાત એટલે કોઈ સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈને ત્યાંની કલા, કલાકારો અને પરંપરાઓને નજીકથી જોવી. આવી મુલાકાત દરમિયાન આપણને પરિસરના કલાકારોનું કાર્ય નજીકથી જોવાની તક મળે છે.

ઉદાહરણ તરીકે, માટીનાં વાસણો બનાવતા કારીગર, ચિત્રકલા ક્ષેત્રે કામ કરતા કલાકારો અથવા હસ્તકલા બનાવતા લોકો કેવી રીતે કામ કરે છે તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. કલાકારો માટી, રંગ, કાપડ અથવા અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને સુંદર વસ્તુઓ કેવી રીતે બનાવે છે તે પણ સમજાય છે.

**ક્ષેત્રમુલાકાત દરમિયાન રાખવાની સાવચેતી**

જ્યારે કોઈ કલાકારની કાર્યશાળા અથવા સ્થાનિક પ્રદર્શનની મુલાકાત લો ત્યારે નીચેની બાબતોનું પાલન કરવું.

- **નિરીક્ષણ** : કલાકાર પોતાના હાથ અથવા સાધનોનો ઉપયોગ કેવી રીતે કરે છે તેનું શાંતિથી નિરીક્ષણ કરો.
- **પ્રશ્નો પૂછવા** : મનમાં ઉદ્‌ભવેલી શંકાઓ અથવા પ્રશ્નો નમ્રતાપૂર્વક પૂછો.
- **નોંધપોથી** : જોયેલી બાબતો અને મળેલી માહિતીની નોંધપોથીમાં નોંધ કરો.
- **સ્વચ્છતા અને શિસ્ત** : મુલાકાતના સ્થળે કોઈપણ વસ્તુને પરવાનગી વિના હાથ ન લગાવો અને ત્યાં કચરો ન કરો.
- **કૃતજ્ઞતા** : ક્ષેત્રમુલાકાત પૂર્ણ થયા પછી કલાકારનો આભાર માનવાનું ભૂલશો નહીં.

## મુલાકાત :

પરિસરના તહેવાર અને ઉત્સવના પ્રસંગે રજૂ કરવામાં આવતા વિવિધ કલાપ્રકારોનું નિરીક્ષણ કરો. વાસુદેવ, પિંગળા, નંદીબળદવાળા, ચિત્રકાર, મૂર્તિકાર, ગાયક, વાદક, માટીકામ, લાકડાકામ કરનારા, ફૂલોની સજાવટ કરનારા તેમજ નર્તક-નર્તિકાઓ અને રંગકર્મીઓ જેવા વિવિધ કલાકારોમાંથી કેટલાક કલાકારોની મુલાકાત લઈને તેમની કલા વિશે જાણો. આ માટે વર્ગમાં મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો.

## મારી કૃતિ

૧) તમને ગમતા તહેવાર અથવા ઉત્સવનું ચિત્ર દોરી તેના રહેલા કલાત્મક ઘટકો વિશે માહિતી લખો.
૨) પરિસરના કલાત્મક દર્શનીય સ્થળોની મુલાકાત લઈને તેના વિશે માહિતી લખો.
૩) તમારા પરિસરના કોઈ એક કલાકારની મુલાકાત લો અને તેમની કલા તથા કાર્ય વિશે માહિતી મેળવી તેની નોંધ અહેવાલના સ્વરૂપમાં લખો.
૪) સ્થાનિક કલાકારોમાંથી તમને ગમતા કોઈ એક કલાપ્રકારનાં ચિત્રો, ફોટોગ્રાફ, કાતરણ તેમ જ માહિતી એકત્રિત કરીને પ્રકલ્પ તૈયાર કરાવવો.

- સ્થાનિક કલા અને પરંપરાઓ વિશે જૂથમાં ચર્ચા કરાવવી તથા મુલાકાત તથા ક્ષેત્રમુલાકાત લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

CG -4
C- 4.2
LO-
04AE21/38/39

# Notes

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

कालाशिक्षण इयत्ता चौथी (गुजराती माध्यम ) ₹ 72.00

कालाशिक्षण इयत्ता चौथी ( गुजराती माध्यम )